بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمة الله عليه બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمة الله عليه



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-ફેબ્રુઆરી-૨૦૧૩**

રબીઉલ અવ્વલ-રબીઉલ આખર

હિજરી સન : ૧૪૩૪

વર્ષ : ૧૦, અંક : ૦૨, સળંગ અંક : ૧૧૦

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી** (B.Sc.)

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


● **અનુક્રમણિકા** ●


| | | |
|---|---|---|
| ૦૧ | ઝહેર પણ પીવું છે ને જીવંત પણ રહેવું છે ?! | ૦૨ |
| ૦૨ | **સુન્નીઓના ''કુર્આની'' તથા દેવબંદીઓના ''ઈસ્માઈલી'' અક઼ીદાઓનો તફાવત !** | ૦૩ |
| ૦૩ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૩ |
| ૦૪ | હ઼દાઈક઼ે બખ્શિશ | ૧૬ |
| ૦૫ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૧૯ |
| ૦૬ | અવલિયા અલ્લાહની કરામતો | ૨૨ |
| ૦૭ | ક઼ાનૂને શરીઅત | ૨૩ |
| ૦૮ | બદઅક઼ીદાની ફાતિહાખ્વાનીમાં જવું કેવું ? | ૨૪ |
| ૦૯ | ગ઼ૌષે આ'ઝમ رحمة الله عليه ની કરામતોની ઝલક ! | ૨૬ |
| ૧૦ | ૧૬ ઈર્શાદાતે આલિયા | ૨૮ |
| ૧૧ | અમુક આતંકવાદીઓ પ્રત્યે મીડિયાની... | ૨૯ |
| ૧૨ | ઓબામાને મલેશિયાના માજીવડાપ્રધાનનો.... | ૩૧ |
| ૧૩ | માણસની લાયકાતો વધારવામાં ખાનક઼ાહોનો... | ૩૨ |
| ૧૪ | પુરૂષ તથા સ્ત્રીની નમાઝમાં તફાવત હદીષની... | ૩૬ |
| ૧૫ | આખેરતના અઝાબની ભયાનક્તા ! | ૪૧ |
| ૧૬ | ''નિઝામે જિંદગી'' કિતાબ વિશે એક જરૂરી ખુલાસો | ૪૭ |
| ૧૭ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૮ |


## યૌમે મીલાદુન્નબી صلى الله عليه وسلم

ઈદે અકબર બન કે આયા, યૌમે મીલાદુન્નબી صلى الله عليه وسلم
રહમતો ઈન્આમ લાયા, યૌમે મીલાદુન્નબી صلى الله عليه وسلم

ઈઝદી એહકામ લાયા, યૌમે મીલાદુન્નબી صلى الله عليه وسلم
દીનો ઈમાં બન કે આયા, યૌમે મીલાદુન્નબી صلى الله عليه وسلم

આસ્માં પર ચાંદ તારોં કો નઈ દેકર ચમક
અહલે ગર્દૂં ને મનાયા, યૌમે મીલાદુન્નબી صلى الله عليه وسلم

ઝુક ગયા ક઼ાબા, ગિરે બુત, બુજ ગએ આતિશકદે
નૂરે રબ જબ બન કે આયા, યૌમે મીલાદુન્નબી صلى الله عليه وسلم

સૂરતે ખૈરૂલ બશર મેં સર ઝમીને મક્કા પર
નૂરે ખાલિક઼ બન કે આયા, યૌમે મીલાદુન્નબી صلى الله عليه وسلم

ખાનક઼ાહ, મસ્જિદ, ગલી ઘર કો સજાઓ શૌક઼ સે
લુત્ફે રબ સે હમને પાયા, યૌમે મીલાદુન્નબી صلى الله عليه وسلم

ક્યૂં ભલા ગભરાએં હમ રોઝે જઝા કી ગરમીસે
આ ગયા હય બન કે સાયા, યૌમે મીલાદુન્નબી صلى الله عليه وسلم

ક઼બ્ર મેં હોગા ઉજાલા, અય **'ગનીમત'** જિસને ભી
રોશની સે જગમગાયા, યૌમે મીલાદુન્નબી صلى الله عليه وسلم

અઝ : ગનીમત બાલાશિનોરી

### અર્ધનગ્ન પણ ફરવું છે ને બાઈજ્જત પણ રહેવું છે !

# ઝહેર પણ પીવું છે ને જીવંત પણ રહેવું છે ?!

કાર્યાલય

જુલ્મનો પંજો હમેશાં વાસ્તવિક્તાની ગરદનને ભીંસતો આવ્યો છે જેમાંથી નીકળતો સત્યનો અવાજ એટલો દબાયને રૂંધાયને ખોખરો નીકળે છે કે તેને પહેચાનવો મુશ્કેલ બની જાય છે ! પણ સત્ય સત્ય જ છે તેને જગત સમજી તો જાય જ છે, ભલે જુલ્મના પ્રતાપ સામે તે અમલી સ્વરૂપ ન ધારણ કરી શકે, અને તેને અમલી સ્વરૂપ ન મળતાં ન થવાનાં કામો તથા પરિણામો સતત આવ્યા જ કરે.

બસ ! આ જ બાબત હિંદુસ્તાનમાં બલ્કે જગતભરમાં સ્ત્રીઓ પર થતા બળાત્કારના બનાવોમાં બની રહી છે. જેમ કે આજકાલ દિલ્હીમાં એક મેડિકલ સ્ટુડન્ટ યુવતીના પર કેટલાક નરાધમોએ ચાલુ બસે બળાત્કાર કર્યો જેના કારણે શારીરિક ઈજાઓથી તે છેવટે મૃત્યુ પામી. જો કે હિંદમાં કે દિલ્હીમાં આ પ્રથમ બનાવ નથી, આવા જ બલ્કે આથી પણ અધિક ક્રૂરતાપૂર્વક બળાત્કારના બનાવો બન્યા છે પણ તેના માટે આ રીતે હિંદભરમાં પબ્લિકે વિરોધ પ્રદર્શનો કર્યાં નથી, આખરે એવું શાથી થયું ? તો એવું સમજાય છે કે આ યુવતી મેડિકલ સ્ટુડન્ટ હતી જેથી તેની લાગણીમાં સ્કૂલ કોલેજોના યુવાન યુવતીઓએ સહાનુભૂતિમાં કે દેખાદેખીમાં વિરોધ પ્રદર્શનો દેશભરમાં સતત ચાલુ રાખ્યાં, જેના સમર્થનમાં કે પ્રદર્શન ખાતર અન્ય પબ્લિક પણ જોડાતી રહી, ક્યાંક રાજકરણ પણ ખેલાયું...વગેરે. નહીં તો ગુજરાતમાં ફેબ્રુઆરી માર્ચ ૨૦૦૨માં ગોધરાકાંડ પછી જે બળાત્કારના તથા ખૂના મરકીના બનાવો ઠેરઠેર બન્યા જેના સમાચારો જગતભરમાં ફેલાયા, ટી.વી. પર દેખાયા છતાં આવો ઉહાપોહ દેશની જનતાએ નથી કર્યો. તેમજ કાશ્મીરમાં પણ આવા બનાવો બન્યા, જ્યાં મિલ્ટ્રીમેનો થકી કુમળી કળીઓ બળાત્કારનો ભોગ બની છે ! છતાં પબ્લિક તેમજ રાજકરણીઓ આજેય ખામોશ રહ્યા છે ! તો આ ખામોશી પાછળ શું રાઝ છે ?! એ સ્ત્રીઓ નથી ?!

બીજું કે જ્યારે ખૂબસૂરત યંગ યુવતી જેની યુવાની સોળે કળાએ ખીલેલી હોય તે જો તેના શરીરને છુપાવવાને બદલે લોકો સમક્ષ અંગો અધિક જાહેર થાય તે રીતે ફરશે તો સ્વભાવિક છે કે બદ્‌માશ નજરો તેના પાછળ દોડતી રહેશે અને ક્યાંક મોકો મળે તો બદ્‌માશ પ્રકૃતિના માણસો તેને ઉઠાવી જઈ શકે છે અને ન થવાનું થઈ શકે છે. આ વાત એકદમ વાસ્તવિક હકીકત છે. તો પછી શા માટે તેણીઓ એવા પોશાકો જે નગ્નતા જાહેર કરે તેને પહેરીને જાહેરમાં પોતાની સુંદરતાનું પ્રદર્શન કરી રહી છે ?! અને જ્યારે તેણીઓને કહેવામાં આવે છે કે, "સ્ત્રીઓ પોતાના પોશાકનો ખયાલ રાખે અને શરીરને ઢાંકીને નીકળે" ત્યારે તેના સામે પણ વિરોધ પ્રદર્શનો થાય છે, યુવતીઓ અધિક નગ્ન પોશાકો પહેરી રેલીઓ કાઢે છે !

આ રીતે થતા બળાત્કારો કે છેડતીના બનાવોથી દરેક દિલ રાખનાર વ્યક્તિને દુઃખ થાય છે અને તે તેણીઓની લાગણીમાં ગમ કે ગુસ્સો દર્શાવીને પોતાના તરફથી સૂચનો બળાત્કાર રોકવા સંબંધે આપે છે. જેમ કે ગુજરાત ટુ ડે તા. ૧–૧–૨૦૧૩માં છે કે સ્કર્ટ (કે જેનાથી સ્ત્રીની જાંગો ખુલ્લી દેખાય છે) પહેરવા પર પ્રતિબંધની માગ કરનાર ભાજપના નેતા અલ્વરના ધારાસભ્ય બનવારીલાલ સિંઘલના નિવેદન સામે સ્કૂલની કન્યાઓએ વિરોધમાં દેખાવ કર્યો અને તેમના પર સ્કર્ટ ભેટ મોકલ્યું તથા માફીની માંગણી કરી ! તે ઉપરાંત એક કોંગ્રેસી ધારા સભ્ય રાષ્ટ્રપતિના પુત્રએ એવી જ સત્ય વાત કહી દીધી તો એવો વિરોધ મહિલા સંગઠનોએ કર્યો કે તેમણે તો માફી માગવી પડી. અગાઉ પણ આવી સાચી વાત કહેનારાઓના

વધુ પેજ નં. ૧૫....પર

# સુન્નીઓના "કુર્આની" તથા દેવબંદીઓના "ઈસ્માઈલી" અક઼ીદાઓનો તફાવત !

તંત્રી લેખ

સહાબાએ કિરામ જે અક઼ીદા તથા રાહ પર રહ્યા તે જ અક઼ીદા તથા માર્ગે ચાલનાર ગિરોહ એટલે "અહલે સુન્નત વ જમાઅત" સિવાયના અન્ય ૭૨ ફિર્કાઓ જહન્નમની રાહ પર દોડી રહ્યા છે એ યક઼ીની વાત છે. જેમ કે હદીષે પાકમાં એનો ઉલ્લેખ થયેલો છે. (તિર્મિઝી શરીફ, પેજ : ૮૯) હવે દરેકના નસીબની વાત છે કે તે "અહલે સુન્નત વ જમાઅત" પર ચાલીને "સુન્ની" રહીને નજાતનો માર્ગ અપનાવે અથવા તેનાથી વિરુદ્ધ જઈને જહન્નમને રજીસ્ટર્ડ કરાવે. એવા બદ્‌નસીબ બાતિલ ફિર્કાઓમાં એક કુખ્યાત ફિર્કો વહાબી દેવબંદી જે તૌહીદની આડમાં નબી વલીની ગુસ્તાખી સતત કરતો રહે છે અને અવનવી કિતાબો સતત છાપીને નબી વલીના માટે અલ્લાહની અતાથી પણ ઈખ્તિયારવાળા હોવું, ઈલ્મે ગયબ હોવાનું માનવું, મુશ્કિલકુશા માનવું, હાજતરવા માનવું, બુઝુર્ગોથી મદદ ચાહવી વગેરેને શિર્ક જણાવે છે, જેના સંબંધે કુર્આન હદીષની રૂએ અહલે સુન્નતના ઉલમાએ સતત જવાબો આપી સ્પષ્ટ કર્યું છે કે એ હરગિઝ શિર્ક નથી અને સહાબા, તાબઈન, તબે તાબઈન તથા ત્યારથી આજ સુધીના અહલે સુન્નતના ઉલમા એને જાઈઝ સમજતા આવ્યા છે. વળી **અહલે સુન્નત વ જમાઅતથી તદ્દન વિરોધી અક઼ીદો ધરાવનારા આ વહાબી દેવબંદીઓ બેશરમ બનીને પોતાના માસિકના ટાઈટલ પર લોકોને ધોકો આપવા માટે "અહલે સુન્નત વ જમાઅતનું તર્જુમાન" લખે છે ! જેમ કે દારુલ ઉલૂમ અરબિયા-કંથારીયા ભરૂચના માસિક પર હોય છે.** મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહહાબ નજદીના આ ચેલાઓથી ચેતવતાં સુન્ની અવામને તેમજ નાદાનીમાં દેવબંદિયત તરફ જાહેરી ભપકા કે ભાગદોડથી આકર્ષાયેલા ભાઈ બહેનોને નમ્ર વિનંતિ છે કે ફિત્નાઓથી ભરપુર આ નાઝુક દૌરમાં દીન, ઈમાન પ્રત્યે ગંભીર બનીને મઝકૂર લેખનો અભ્યાસ કરે અને પોતાના તથા પોતાની ઔલાદના ઈમાનની સલામતીની વ્યવસ્થા કરે. જહન્નમથી પોતે બચે અને ઔલાદને પણ બચાવે.

## ★ ચોર માર્ગે સુન્ની મસ્જિદોમાં પોતાનું સાહિત્ય ઘૂસાડવું કોની સુન્નત છે ?! ★

કહેવાતા દેવબંદી દારુલ ઉલૂમ અરબિયા-ભરૂચ (કંથારીઆ, જિ. ભરૂચ)ના કેટલાક મોલ્વીઓ તથા તેમના ચેલાઓના હાથોમાં ખુજલી ઉપજી જેથી તેમણે હાલમાં જ ચોર માર્ગે ડાકૂઓ જેમ ઘુસણખોરી કરીને ભરૂચ શહેરની તથા જિલ્લાની ઘણી સુન્ની મસ્જિદોમાં કે જે મસ્જિદોના મુક્તદીઓ એમને કાફિર મુર્તદ સમજે છે છતાં ત્યાં પોતાનું વાત વાતમાં શિર્ક શિર્ક કહેતું ગુમરાહ કરનાર સાહિત્ય તથા મુજદ્દિદે દીનો મિલ્લત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા તથા અન્ય મહાન અહલે સુન્નતના ઉલમાને "શિર્ક ફેલાવનારા" દર્શાવતા કોઈ દલીલ વિનાના બેહૂદા પરચા પણ ચોર માર્ગે કોઈ "નબાપા" મારફતે ઘુસાડયા અને સુન્ની અવામની ઉશ્કેરણીની કોશિશ કરી. આ રીતે ચોર માર્ગે પોતાનું સાહિત્ય સુન્ની મસ્જિદોમાં

ઘૂસડાવું એ કોની સુન્નત છે ? એ જ પ્રમાણે ડાકૂગીરી જેમ તબ્લીગ જમાતના ડાઘુઓ પણ ઘણે ઠેકાણે જબરદસ્તી પહોંચી જતા હોય છે. શું આ બિદઅત નથી ?! શું આ રીતે દીન ફેલાવવાની તા'લીમ નબી ﷺએ આપી છે ?!

અમારી એ દેવબંદી મોલ્વીઓને ઓપન ચેલેન્જ છે કે જો તેઓ સાચે જ કુર્આનને માનનારા છે તો સૌ પ્રથમ તો અમે કુર્આનની એમણે પોતાની કિતાબોમાં દર્શાવેલ આયતો રજૂ કરીએ છીએ અને તેમણે તેનો નીચોડ જે દર્શાવ્યો તે વર્ણવીએ છીએ, ત્યાર બાદ અન્ય કુર્આની આયતો અમે રજૂ કરીશું અને તેનો તર્જુમો પણ દેવબંદી મોલ્વીઓનો જ રજૂ કરીશું અને તેમની ગુમરાહીનો તથા તેમની મેલી મુરાદનો પર્દો ફાશ કરીશું, અને જો તેઓમાં હિંમત હોય તો કહી આપે કે અમે રજૂ કરેલ આયતો કુર્આનની નથી ! અથવા તેનો આ તર્જુમો ખોટો છે ! ઈન્શાઅલ્લાહ ! આ લખાણમાં તેમના શિર્કથી ડરતા હોવાનો અને તેમની તૌહીદપરસ્તીનો ભાંડો ફૂટી જશે !

## ★ શું દેવબંદીઓ કુર્આનની અમુક આયતો પર જ ઈમાન લાવ્યા છે ?! ★

એ જ દેવબંદી કંથારીયાના મદ્રસાની કિતાબોમાં લખવામાં આવે છે જેમ કે તેમના **ધર્મગુરૂ ઈસ્માઈલ દહેલ્વી**ની કિતાબ ''તક્વિયતુલ ઈમાન (ગુજરાતી કિતાબ)માં છે કે : કુર્આન મજીદમાં ઈર્શાદે રબ્બાની છે, ''અલ્લાહ તઆલાની પાસે જ ગયબની ચાવીઓ છે, જેને તે જ જાણે છે. અને જે કાંઈ જમીનની સપાટી પર અને સમુદ્રમાં છે તેને પણ એ જાણે છે....... *(સૂરએ અન્આમ, ૫૯, હવાલો : તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ–૬૫)*

એમાં જ છેવટમાં લખે છે કે, ''આ આયતથી સ્પષ્ટ થયું કે જો **કોઈ માણસ એવો દાવો કરે છે કે** وَمَا كَانَ اللّٰهُ لِيُطْلِعَكُمْ عَلَى الْغَيْبِ وَلٰكِنَّ اللّٰهَ **હું એવું ઈલ્મ જાણું છું** જેના વડે ગૈબની વાતો માલૂમ કરી લઉં છું અને ભૂતકાળ તથા ભવિષ્યકાળની વાતો બતાવી શકું છું **તો તે સાવ જૂઠો અને ખુદાઈનો દાવેદાર છે.** જો કોઈ માણસ કોઈ **નબી કે વલીને,** જિન કે ફરિશ્તાને, ઈમામ કે ઈમામના પુત્રને, પીર કે શહીદને, જ્યોતિષી કે ફાલ જોનારને, **બ્રાહ્મણ** કે **ભૂતપ્રેતને,** શકન જોનાર કે પરીઓને આ પ્રકારનાં માને તો એવો માણસ ''મુશ્રિક'' અને આયતોનો મુન્કિર છે.'' *(હવાલો : તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ–૬૮)*

દેવબંદીઓએ તો ઉપરોક્ત આયતોનો મતલબ પોતે કાઢીને ફેંસલો આપી દીધો કે જો કોઈ એવો દાવો કરે કે (૧) ''હું ઈલ્મે ગયબ જાણું છું તે **જૂઠો** અને **ખુદાઈનો દાવેદાર** છે. તથા (૨) નબી, વલીને ઈલ્મે ગયબ જાણનાર માનનારો **મુશ્રિક** તથા આયતોનો **મુન્કિર** છે.''

## ★ નબીને ઈલ્મે ગયબ હોવાનું દર્શાવતી આયતો ★

હવે જુઓ કુર્આનમાં જ રબ તઆલા શું ફર્માવે છે : عٰلِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖٓ اَحَدًا ''ગૈબ જાણનાર તે જ છે જેથી તે કોઈને પોતાના ગૈબ ઉપર માહિતગાર નથી કરતો, હા ! માત્ર પોતાના કોઈ બરગુઝીદા (ચહીતા) પૈગમ્બરને.'' *(સૂ. જિન–૨૬, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

બીજે ઠેકાણે રબ તઆલા ફર્માવે છે :–

يَجْتَبِيْ مِنْ رُّسُلِهٖ مَنْ يَّشَآءُ

''અલ્લાહ એવા ગૈબી (ગૈબ સંબંધિત) કામો ઉપર માહિતગાર નથી ફર્માવતો, પરંતુ હા ! જેને તે ચાહે

અને તે અલ્લાહના પૈગમ્બરો છે જેમને નિયુક્ત ફર્માવી લે છે." *(સૂ. આલિ ઈમરાન–૧૭૯, તર્જુમો : દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી)*

એક અન્ય આયતમાં રબ તઆલા ફર્માવે છે : ذٰلِكَ مِنۡ اَنۡۢبَآءِ الۡغَيۡبِ نُوۡحِيۡهِ اِلَيۡكَ "આ ખબરો છે ગૈબની જે અમે મોકલીએ છીએ તારી પાસે." *(સૂ. યૂસુફ–૧૦૨, તર્જુમો : મોલ્વી મેહમૂદ હસન દેવબંદી)*

આ સિવાય અનેક આયતો આ સંબંધે કુર્આનમાં છે પણ સમજદાર માટે તો એક બે આયત પણ પૂરતી હોય છે કારણ કે આપણુ ઈમાન પૂરા કુર્આન પર છે જેથી દરેક આયતને આપણે હક્ક઼ માનીએ છીએ. તો આ આયતોમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું કે, અલ્લાહ તઆલા પોતાના પસંદીદા રસૂલોને ગયબનો ઈલ્મ આપે છે. હવે જ્યારે અલ્લાહ ખૂદ ગયબનો ઈલ્મ પોતાના નબીઓને આપે છે તો આપણે અલ્લાહના આપવાથી નબીઓને ઈલ્મે ગયબ જાણનાર માનવો જ પડશે, નહીં તો કુર્આનની આયતનો ઈન્કાર થશે ! અને કુર્આનની એક પણ આયતને નકારનારો સ્પષ્ટ કાફિર છે. જેમ કે વહાબી દેવબંદીઓની કિતાબ તક઼વિયતુલ ઈમાન (ગુજરાતી) જે કંથારીયા (જિ. ભરૂચ)થી છપાઈ છે તેમાં સ્પષ્ટપણે લખ્યું છે કે, "એમનું આ ઈલ્મ ઝાતી–આપબળે મેળવેલું યા ખુદાપાકે આપેલું સમજવામાં આવે. દરેક સૂરતમાં આ શિર્કભરી માન્યતા લેખાશે." *(તક઼વિયતુલ ઈમાન, ગુજરાતી, પેજ : ૩૮)*

કુર્આન તો કહે છે કે, "અલ્લાહ નબીઓને ગયબનો ઈલ્મ આપે છે." જ્યારે એનાથી વિરુદ્ધ આ મનબુરી–ભડકોદ્રવી વગેરે દેવબંદીઓ કહે છે કે અલ્લાહના આપવાથી પણ ઈલ્મે ગયબ માને તો મુશ્રિક ! તો શું આ કુર્આનનો ઈન્કાર નથી ?!

આવો ! અલ્લાહે ખૂદ નબી પાસે કુર્આનમાં જ એલાન કરાવ્યું, શાના વિશે ?! ઈલ્મે ગયબ હોવા વિશે તથા ઈખ્તિયાર હોવા વિશે ! સાંભળો ! હે દેવબંદીઓ ! શું આ આયતોના પર તમારું ઈમાન નથી ?!

## ★ નબીને ઈલ્મે ગયબ તથા ઈખ્તિયાર હોવાનું કુર્આનમાં એલાન ! ★

(ઈસા علیہ السلام એ ફર્માવ્યું) કે, "હું તમારા માટે પક્ષીઓ જેવી સૂરત (સ્વરૂપ) બનાવુ છું, પછી તેમાં ફૂંક મારું છું, તો તરત જ ઉડનારા (પક્ષી) બની જાય છે, અલ્લાહના હુકમથી. અને **(હું) શિફા આપુ છું જન્મજાત આંધળાઓને અને સફેદ દાગ (કોઢ)વાળાઓને**, અને **હું મુડદાં જીવતાં કરું છું**, અલ્લાહના હુકમથી. અને **તમને બતાવી દઉં છું** જે તમે ખાવ છો અને જે તમે તમારા ઘરોમાં ભેગું કરી રાખો છો. બેશક ! આ વાતોમાં તમારા માટે ઘણી નિશાનીઓ છે, જો તમે ઈમાન ધરાવતા હોઉ તો." *(સૂરએ આલે ઈમ્રાન, પારા : ૩, રુકૂઅ : ૫, આયત : ૪૯)*

કુર્આનથી સાબિત થયું કે, "અલ્લાહની અતાથી હઝરત ઈસા علیہ السلام એવો ઈખ્તિયાર ધરાવે છે કે પક્ષી જેવી સૂરત (આકાર) બનાવી તેમાં ફૂંક મારે તો પક્ષીમાં જાન આવી જાય અને તે ઉડવા લાગે ! પેદાઈશી અંધ તથા કોઢી સાજા થઈ જાય, મુડદાં જીવતાં થઈ જાય અને લોકો ઘરોમાં શું ખાય છે તે ગયબના ઈલ્મથી જાણી લે, અને ઘરોમાં શું ભેગુ કરી રાખે છે એ પણ જાણી લે !"

વિચારો ! **હઝરત ઈસા** علیہ السلام કુર્આનની આ આયતમાં પોતાને ઈલ્મે ગયબ હોવાનો દાવો કરી રહ્યા છે **તો શું દેવબંદીઓના ધર્મ પુસ્તક તક઼વિયતુલ ઈમાનમાં દર્શાવ્યાનુસાર દેવબંદીઓ તેમને પણ જૂઠા અને ખુદાઈ દાવેદાર માને છે ?!** તથા આ આયતના આધારે હઝરત ઈસા علیہ السلامને

ગયબનો ઈલ્મ જાણનાર માનનારા શું મુશ્રિક છે ?! કુર્આનમાં જ આ વાતો છે તો એના પર તો ઈમાન લાવવું જ પડશે ! તો હવે સાચુ કોણ ? અલ્લાહનું કુર્આન કે દેવબંદીઓનું ધર્મપુસ્તક "તક્વિયતુલ ઈમાન" ?! ફેંસલો જાતે જ કરી લો.

વળી સૂરએ આલે ઈમ્રાનની આ આયતમાં તો હઝરત ઈસા عليه السلام એલાન કરે છે કે હું અલ્લાહની અતાથી એવો ઈખ્તિયાર ધરાવું છું કે મુદડાં જીવતાં કરું છું, જન્મથી આંધળાને દેખતા કરું છું અને કોઢીને સારા કરું છું. તો અલ્લાહના નબીને ઈખ્તિયારવાળા માનવું પણ ઈમાનમાં દાખલ થયું, કેમ કે એનો ઈન્કાર કરશે તો કુર્આનનો ઈન્કાર થશે, અને કુર્આનનો મુન્કિર કાફિર છે ! હવે દેવબંદીઓની બીજી વાત પણ સાંભળી લો.

એ જ કિતાબમાં લખે છે : "પોતાની ઈચ્છાથી મારવું કે જીવાડવું (જીવંત કરવું), રોઝીમાં વધારો–ઘટાડો કરવો, તંદુરસ્તી અને બીમારી આપવી.....એ ખુદાની જ શાન છે. અલ્લાહ સિવાય કોઈની શાન નથી, ચાહે ગમે તેટલો મહાન ઈન્સાન (નબી) કે ફરિશ્તો કેમ ન હોય. જો કોઈ માણસ અલ્લાહ તઆલા સિવાય અન્ય કોઈમાં આવી શક્તિ સાબિત કરે......તો આવો, માણસ "મુશ્રિક" થઈ જાય છે. એટલે કે અલ્લાહ જેવો તસર્રુફ ગયરુલ્લાહમાં માની લેવો (એટલે મારવું કે જીવાડવું તથા તંદુરસ્તી કે બીમારી આપવી....વગેરે કરવું) એ **નર્યું શિર્ક** છે. **ચાહે તેને ઝાતી–આપબળે મેળવેલું માનવામાં આવે કે અલ્લાહ તઆલાએ અર્પણ કરેલું, દરેક સૂરતમાં આ શિર્ક ભર્યો અક઼ીદો લેખાશે."** *(તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ–૩૯)*

દરેક મુસલમાન ભલે ગમે તેવો અજ્ઞાની હોય તેનું પણ ઈમાન છે કે અલ્લાહના આપ્યા વિના, અલ્લાહના હુકમ વિના કોઈનામાં કશોય ઈખ્તિયાર કે કમાલ નથી હોતો, પણ અહીં દેવબંદી તો સદંતર ના જ પાડે છે કે અલ્લાહના આપેલા ઈખ્તિયાર વડે પણ કોઈ કોઈને મારી ન શકે કે જીવંત ન કરી શકે, કોઈની બીમારી દૂર ન કરી શકે ! અને અલ્લાહના આપવાથી માનો તો પણ મુશ્રિક ! જ્યારે કુર્આનમાં હઝરત ઈસા عليه السلام થકી સ્પષ્ટ એલાન છે કે હું અલ્લાહની અતાથી તેના હુકમથી મુડદાં જીવંત કરું છું, કોઢી નાબીનાને સાજા કરું છું.....વગેરે. તો હવે કોનું માનશો ?! દેવબંદીઓના ધર્મપુસ્તક તક઼વિયતુલ ઈમાનને કે મુસલમાનોના ધર્મપુસ્તક કુર્આન શરીફને ?! જાતે જ ફેંસલો કરી લો કે આ દેવબંદીઓ કયા અવળા પાટે દોડી રહ્યા છે.

## ★ તૌહીદના જૂઠા દાવેદાર પોતે જ મહા મુશ્રિક ! ★

હવે અમારો મવ. ઈસ્માઈલ મનુબરી તથા તેમના ચેલાઓને તથા જગતની સર્વ દેવબંદી જમાઅતને સવાલ છે કે જ્યારે તમારા અક઼ીદા પ્રમાણે મુડદાંને જીવતાં કરવાં એ "ફકત ખુદાની જ શાન" છે, અને "અલ્લાહના આપવાથી પણ" કોઈનામાં એવી શક્તિ હોવાનું માનવું શિર્ક છે, તો આ "મર્ષિયા" વિશે તમારું શું કહેવું છે ? :–

**મુર્દો કો ઝિંદા કિયા ઝિંદો કો મરને ન દિયા**
**ઈસ મસીહાઈ કો દેખે ઝરી ઈબ્ને મરયમ !**

*(હવાલો : મર્ષિયા રશીદ અહમદ, લેખક : દેવબંદી મોલ્વી મહમૂદ હસન, પેજ : ૩૩ )*

આ શેઅરમાં દેવબંદી મોલ્વી મહમૂદ હસને પોતાના પેશવા અશરફ અલી થાનવીની પ્રશંસામાં લખ્યું છે કે, **"મુંડદાંને થાનવીએ જીવંત કર્યા** અને એથી વિશેષ તો એ કે **જીવતાંને મરવા ન દીધાં !"**

ઉપરથી **ટોણો માર્યો** કે આ મસીહાઈને જરા ઈબ્ને મરયમ એટલે **ઈસા** عليه السلام **જુએ !** એટલે હઝરત ઈસા عليه السلام તો ફક્ત મુર્દા જીવતાં કરતા હતા, જ્યારે અમારા પેશવાએ તો જીવતાંને પણ મરવા ન દીધાં ! એટલે ઈસા عليه السلام કરતાં પણ થાનવીનો મર્તબો મહાન છે !

ઈમાનદારીથી કહો ! આ લખાણમાં દેવબંદી કાયદા પ્રમાણે શિર્ક તથા ખુદાઈ ઈખ્તિયાર તો છે જ ! અને મુડદાંને જીવતાં કરવાનું માનનારો તેમના જ કાયદા પ્રમાણે મુશ્રિક ઠરે છે, ઉપરાંત એક નબીની તૌહીન પણ એમાં કે નહીં ?! અને કોઈપણ નબીની તૌહીન કરનાર કાફિર છે.

પણ ઉપરોક્ત મવ. ઈસ્માઈલ મનુબરી કંથારીયાવાળા તથા સર્વ દેવબંદી જમાતના મોલ્વીઓ આ મહમૂદ હસન દેવબંદીને પોતાનો પેશવા માને છે, તેને મુશ્રિક નથી માનતા ! તો **એક મુશ્રિક તથા કાફિરને પોતાનો પેશવા માનીને પોતે મહામુશ્રિક થયા કે નહીં ?!** શો જવાબ છે આનો એ મુશ્રિકો પાસે ?!

વળી તેમજ દેવબંદી મોલ્વી આશિક઼ ઈલાહી મેરઠીએ મોલ્વી રશીદ અહમદ ગંગોહીના જીવન વૃતાંતમાં "તઝકેરતુર્રશીદ" કિતાબ લખી તેમાં મોલ્વી અશરફ અલી થાનવીએ ગંગોહીને સંબોધીને લખેલી મન્ક઼બત સામેલ છે તેમાં છે :–

*"યા મુર્શિદી યા મૌલાઈ યા મઝફઈ, યા મલ્જાઈ, ફી મબ્દઈ વ મોઅદી...." આ પ્રમાણે પૂરી મન્ક઼બતનો સાર આ પ્રમાણે છે : "યા મારા મુર્શિદ ! યા મારા મૌલા ! યા મારી દહેશત (ભય)માં હુંફ આપનાર ! મારા દીન તથા દુનિયાના પનાહ આપનાર ! હે મારી ફરિયાદ સાંભળનાર ! મારા પર દયા કરો ! ......... યા મારા મુર્શિદ ! અલ્લાહ વાસ્તે મારી મદદ ફર્માવો ! એટલા માટે કે તમે આપનારા છો અને હું તમારો ભીખારી છું." (તઝકેરતુર્રશીદ, સંપાદક : દેવબંદી આશિક ઈલાહી મેરઠી, પેજ : ૧૧૪)*

હે મુસલમાનો ! પોતાના પેશવાને "યા"થી પોકારનાર આ **દેવબંદી મોલ્વી થાનવી આ દેવબંદીઓના જ ક઼ાયદા હેઠળ મુશ્રિક ઠર્યા કે નહીં ?** અને છતાં આવા મુશ્રિકને પેશ્વા માનીને આ દેવબંદી મોલ્વીઓ મનુબરી તથા ભડકોદ્રવી કંથારવીઓ શું ઠર્યા ?! ઈન્સાફથી જવાબ આપો ?! મહા મુશ્રિક !

### ★ શું નબી સ્વજાત માટે પણ નફાનુકસાનની શક્તિ નથી ધરાવતા ?! ★

હવે એ જ મવ. ઈસ્માઈલ મનુબરી આકાએ દોજહાં હુઝૂર ﷺને તેમજ સર્વ બુઝુર્ગાને દીનને તદ્દન લાચાર બંદા સાબિત કરવા માટે નીચે મુજબ કુર્આન શરીફની એક આયતનો તર્જુમો લખીને પછી શું સમજૂતી લખે છે તે જુઓ :–

હાલમાં એક પરચો દેવબંદીઓએ ફરતો કર્યો છે તેમાં લખે છે : "હે મુહમ્મદ ﷺઆપ ફર્માવી દો કે હું પોતાની જાનના માટે કશા નફા તથા નુકસાનનો માલિક નથી, પણ જે નફો તથા નુકસાન અલ્લાહ મને પહોંચાડવા ચાહે. અને જો હું ગયબને જાણતો હોત તો ઘણા લાભો હાંસલ કરી લેત, અને મને કોઈ ન ગમતી ચીજ ન પહોંચત. હું તો આ લોકોને કેવળ બશારત આપનાર અને ડરાવનાર છું જેઓ ઈમાન ધરાવે છે." *(સૂરએ અઅ્રાફ, આયત : ૧૮૮)*

પછી પોતે ખુલાસો લખે છે : જુઓ ! નબી ﷺ ખૂદ પોતાની જાતના માટે નફા તથા નુકસાનના માલિક નથી તો અવલિયા અલ્લાહ તથા બુઝુર્ગાને દીન કેવી રીતે નફો નુકસાન પહોંચાડવાની શક્તિ ધરાવશે ! *(મવ. ઈસ્માઈલ મનુબરીના પરચાનુ લખાણ)*

અમારું પણ ઈમાન છે કે બેશક ! અલ્લાહના રસૂલ ﷺ પોતાની જાતે ઝાતી ઈખ્તિયાર વડે નફા નુકસાનના માલિક નથી, પણ અમારું એ પણ ઈમાન છે કે અલ્લાહે પોતાના નબીને ઈખ્તિયાર વિનાના પણ નથી રાખ્યા, અને એના માટે કુર્આન ગવાહ છે ! **જેમ કે રબ્બે કરીમ કુર્આને પાકમાં આદેશ આપે છે :–**

''અને તેમને શું ખોટુ લાગ્યું ?! એ જ ને કે, **અલ્લાહ અને તેના રસૂલે** (તેમને) પોતાના ફઝ્લથી **ગની (માલદાર) કરી દીધા !''** *(સૂરએ તૌબા, પારા : ૧૦, રુકૂઅ : ૧૬)*

હવે વિચારો ! જો નબી ﷺ કશોય નફો નુકસાન નથી પહોંચાડી શક્તા તો અહીં કુર્આનમાં રબ તઆલાએ શાથી ફર્માવ્યું કે **અલ્લાહ અને તેના રસૂલે** પોતાના ફઝ્લથી **ગની કરી દીધા !**

સારાંશ કે **અલ્લાહ ગની કરે છે ઝાતી કુદરત વડે અને રસૂલ ગની કરે છે અલ્લાહની આપેલી શક્તિ વડે. મામલો તદ્દન સાફ છે,** છતાં નબીની દુશ્મનીમાં અંધ બની ગયેલા આ મવ. ઈસ્માઈલ મનુબરી તથા તેના ચેલાઓ તથા સર્વ દેવબંદી મોલ્વીઓ બહેરા, ગુંગા, આંધળા જેમ હઠ લઈને બેઠા છે અને નબી ﷺને લાચાર તથા ઈખ્તિયાર વિનાના દર્શાવવા તનતોડ પણ નિરર્થક કોશિશો કરતા રહે છે. શું તેઓ આ કુર્આનની આયતને નથી માનતા ?!

વળી હદીષે પાકમાં મુખ્તાર નબી ﷺ શું ફર્માવે છે તે પણ જોઈ લો : નબીયે કરીમ ﷺએ ફર્માવ્યું કે, **''મને જમીનના ખજાનાઓની કૂંચીઓ અતા કરવામાં આવી.''** *(બુખારી શરીફ, ભાગ : ૧, પેજ : ૫૮)* તેમજ બીજી એક હદીષમાં છે કે હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, **''હે આઈશા ! જો હું ચાહું તો મારી સાથે સોનાના પહાડ ચાલ્યા કરે.''** *(મિશ્કાત શરીફ, પેજ : ૫૨૧)*

**હે ઈમાનવાળાઓ ! વિચારો જેમના પર કુર્આને પાક નાઝિલ થયું તે મહબૂબે ખુદા ﷺ તો પોતાનો ઈખ્તિયાર જાહેર કરી રહ્યા છે,** જ્યારે આજકાલના આ નબી વલીના દુશ્મનો તેમના વિશે શું લખીને ફેલાવી રહ્યા છે તેને ઉપર ફરીથી વાંચો કે, **''નબી ખૂદ પોતાની જાતના માટે નફા નુકસાનના માલિક નથી તો પછી બુઝુર્ગો કેવી રીતે લાભ પહોંચાડવાની શક્તિ ધરાવે !** (મઆઝલ્લાહ !) જીવડાં ખાશે આવા બદ્‌બખ્તોની જીભોને ! તેમને જરાય શરમ નથી આવતી જ્યારે કે **કુર્આનમાં ખુદા ખૂદ નબી ﷺને ઈલ્મે ગયબ તથા અધિકારો આપ્યાનું દર્શાવે છે !**

**ઝિક રોકે ફઝ્લ કાટે નક્સ કા જોયાં રહે**
**ફિર કહે મર્દક કે હું ઉમ્મત રસૂલુલ્લાહ કી !**
*–(આ'લા હઝરત رضی اللہ عنہ)*

## ★ બુઝુર્ગોની મદદોની બરકતોની સાબિતી કુર્આન થકી ★

**કુર્આને પાકમાં છે :** ''યૂસુફ علیہ السلامએ પોતાના ભાઈઓથી ફર્માવ્યું કે મારું ખમીસ (પહેરણ) લઈ જાવ અને મારા પિતાના મોઢા પર ઢાંકી દો, તેમની આંખો જોતી થઈ જશે.'' *(સૂરએ યૂસુફ–૯૩)* જણાયું કે બુઝુર્ગોના પોશાકના વસીલાથી દુઃખો દૂર થઈ જાય છે.

**બીજા ઠેકાણે કુર્આનમાં છે :** ''સરસાઈ મેળવનાર લોકો બોલ્યા કે અમે ''અસ્હાબે કહફ'' પર મસ્જિદ બનાવીશું.'' *(સૂરએ કહફ, આ. : ૨૧)* જણાયું કે બુઝુર્ગોની કબ્ર પાસે મસ્જિદ બનાવવી કે જેથી તેમના વસીલાથી નમાઝમાં બરકત થાય અને નમાઝ કબૂલ થાય, એ હમેશાંથી મુસલમાનોનો દસ્તૂર

રહ્યો છે. કુર્આને કરીમે અસ્હાબે કહફની ગુફા પર મસ્જિદ બનાવવાનો ઉલ્લેખ કર્યો અને તેને રદ કરવામાં ન આવી. જેનાથી જણાયું કે તેઓનું આ કામ અલ્લાહ તઆલાને પસંદ આવ્યું.

**એક ઠેકાણે કુર્આનમાં છે** : "સુલૈમાને કહ્યું, હે દરબારીઓ ! તમારામાં કોણ છે કે તે તેણીનું સિંહાસન મારી પાસે લઈ આવે, તેઓ મારી પાસે તાબેદાર બનીને હાજર થાય તે પહેલાં. એક મોટો ખવીસ જિન બોલ્યો, હું તે સિંહાસન હાજર કરીશ હુઝૂર દરબાર બરખાસ્ત કરે તે પહેલાં. અને બેશક ! એ બાબત પર તાકાતવાન પ્રમાણિત છું. તેણે કહ્યું જેની પાસે કિતાબનું ઈલ્મ હતું, કે હું (આસિફે કહ્યું) તેને હાજર કરીશ એક પલક ઝપકતાં પહેલાં ! પછી જ્યારે સુલૈમાને સિંહાસનને પોતાની પાસે મૂકાયેલું જોયું તો કહ્યું, આ મારા રબની કૃપાથી છે." *(સૂરએ નમ્લ, આયત : ૩૮, ૩૯, ૪૦)*

**આ વાક્યો કુર્આનમાં** હઝરત સુલૈમાન علیہ السلام નો છે, તેમણે યમનની રાણી બિલ્કીસનું તખ્ત લાવવાનો હુકમ કર્યો તો તેમના સમયના વલીએ આંખના પલકારામાં હાજર કરી આપ્યું ! તેમણે ન યમનના દેશનું ઠેકાણું પૂછયું ન બિલ્કીસ વિશે, ન તખ્તની જગા વિશે !

**શું કહેવું છે મવ. ઈસ્માઈલ મનુબરી તથા સર્વ દેવબંદી મોલ્વીઓનું** કે આ ગયબની તાકત અજમાવવાનો હુકમ આપનાર સુલૈમાન علیہ السلام મુશ્રિક થઈ ગયા ?! તથા તે તખ્તને લઈ આવવાનો દાવો કરનાર તથા પલકવારમાં લાવી આપનાર બુઝુર્ગ હઝરત આસિફ વિશે કે તેમણે અલ્લાહના અતા કરેલ ગયબી ઈલ્મથી જાણ્યું કે તખ્ત ક્યાં છે અને ખુદાદાદ ઈખ્તિયાર વડે પલકવારમાં તખ્ત હાજર કરી આપ્યો તો શું તેમણે શિર્ક કર્યું ?! અને કુર્આન આ વાક્યો વર્ણવે છે તો **શું કુર્આન શિર્કની તા'લીમ આપે છે ?!** શો જવાબ છે ?! તમારા ધર્મ પુસ્તક "તકવિયતુલ ઈમાન"માં તો રસૂલે ખુદા ﷺ પોતાના માટે પણ નફા નુકસાનનો ઈખ્તિયાર નથી ધરાવતા ! જ્યારે કુર્આનમાં તો હઝરત સુલૈમાન علیہ السلام ના દૌરના વલીનો આ આલમ છે ! હવે વિચારો કે જ્યારે હઝરત સુલૈમાન علیہ السلام ના ઉમ્મતના વલીનો આ ઈલ્મ તથા ઈખ્તિયાર છે તો સૈયદુલ અંબિયા ﷺ ના વલીઓના ઈલ્મ તથા ઈખ્તિયારનો આલમ શો હશે ?!

## ★ બુઝુર્ગોની મદદોની બરકતોની સાબિતી હદીષ થકી ★

તિર્મિઝી, દારમી, ઈબ્ને માજહમાં છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, **"મારા એક ઉમ્મતીની શફાઅતથી બની તમીમ કબીલાથી વધુ માણસો જન્નતમાં જશે."** (મિશ્કાત બાબુશ્શફાઅત) શું આ બુઝુર્ગ નફો પહોંચાડનાર થયા કે નહીં ?!

બીજી હદીષમાં છે : ઈબ્ને માજહમાં છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, "કયામતના દિવસે ત્રણ ગિરોહ શફાઅત કરશે : અંબિયા, આલિમો અને શહીદો." *(મિશ્કાત બાબુશ્શફાઅત)* શું અલ્લાહના આ નબીઓ, આલિમો–વલીઓ, શહીદો નફો પહોંચાડવાના ઈખ્તિયારવાળા થયા કે નહીં ?!

## ★ બુઝુર્ગોની મદદોની બરકતોની સાબિતી અવલિયાના કથનો થકી ★

સહાબાએ કિરામથી લઈને આજ સુધી સર્વ "અહલે સુન્નત વ જમાઅત"નો એટલે સુન્નીઓનો એ જ અકીદો રહ્યો છે કે નબી વલીના વસીલાથી તથા રબ તઆલાએ આપેલા ઈલ્મ તથા ઈખ્તિયાર થકી મખ્લૂકને ફાયદો પહોંચે છે. હુઝૂર ગૌષુષ્ષકલૈન મોહીયુદ્દીન અબ્દુલકાદિર જીલાની બગદાદી رضی اللہ عنہ "કસીદએ ગૌષિયહ"માં પોતાના ખુદાદાદ ઈખ્તિયારો વર્ણન કરીને ઈર્શાદ ફર્માવે છે :–

**વકુલ્લુ રબ્બી લહુકદમુ વ ઈન્ની**
**અલા કદમિન્નબીયિ બદરિલ કમાલ**

''હું જે દુનિયા પર રાજ કરી રહ્યો છું અને મારા તાબા હેઠળ ઝમીનો ઝમાં (જમીન તથા સમય), મકીનો મકાં (મકાનમાં રહેનાર તથા મકાન) છે, તેનું કારણ એ છે કે દરેક વલી કોઈ ન કોઈ નબીના નક્શે કદ્‌મ પર હોય છે અને તેમનો મઝહર હોય છે. હું નબીઓના ચાંદ, રસૂલોના સૂરજ હુઝૂર મુહમ્મદ મુસ્તફા ﷺ ના કદમો પર છું.'' જણાયું કે હુઝૂર ગૌષે પાકની નિગાહમાં હુઝૂર ﷺ એવી અહમ (મહત્વની) ચીજ છે કે તેમને તમામ ઉચ્ચ મર્તબાઓ તે જ સરકારથી પ્રાપ્ત થયા.

**મૌલાના જલાલુદ્દીન રૂમી** رحمۃ اللہ علیہ અઝીઝ પોતાની *મશ્નવી શરીફ* માં ફર્માવે છે :–

**એ બસા દર ગોર ખુફતાહ ખાકદાર**
**બઝે સદ અહિયા બનફઓ ઈબ્તેશાર**

**સાયાએ ઉબૂદો ખાકશ સાયએ મન્દ**
**સદહઝારાં ઝિન્દા દર સાયએ વચન્દ**

''ઘણા બધા **કબરોમાં સૂવાવાળા બંદાઓ હજારો જીવતાઓથી વધુ નફો પહોંચાડે છે.** તેઓની કબરની ધૂળ પણ સાયો કરનાર છે. લાખો જીવતાઓ આ કબરવાળાઓના સાયા હેઠળ છે.''

હે દેવબંદીઓ ! ક઼બ્રોના માટી પથ્થરથી કોઈ માગવા નથી જતું પણ તે ક઼બ્રમાં આરામ ફર્માવી રહેલ અલ્લાહના મહબૂબ બંદાના વસીલાથી મુરાદો માગવામાં આવે છે, અને ખુદાદાદ ઈખ્તિયાર વડે અવલિયા અલ્લાહ માંગનારાની જોલીઓ ભરે છે. જો એવું નથી તો **ઉપરોક્ત બુઝુર્ગોને શું તમે મુશ્રિક માનો છો ?!**

'શામી શરીફ' ના મુક઼દ્દમા (શરૂઆતના બે બોલ) માં છે કે **'ઈમામ શાફઈ'** رحمۃ اللہ علیہ **ફર્માવે છે,** (અર્થ) : **''ઈમામ અબૂહનીફા** رضی اللہ عنہ **ની ''કબરથી બરકત હાંસલ કરૂં છું** અને તેમની **કબર પર આવું છું.''** જ્યારે મને કોઈ જરૂરત ઉભી થાય છે તો હું બે રકાત નમાઝ પઢું છું અને ઈમામ અબૂહનીફા رحمۃ اللہ علیہની ક઼બર પાસે ઉભો રહીને ખુદાથી દુઆ કરૂં છું તો તરત જ જરૂરત પૂરી થઈ જાય છે.'

મઝહબના આટલા મહાન ઈમામ એટલે ઈમામ શાફઈ رضی اللہ عنہ , ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની કબર શરીફને દુઆનો વસીલો બનાવીને, સફર કરીને ત્યાં આવે છે અને તેમના વસીલાથી દુઆ કરે છે.

હવે છેલ્લે જે શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીના હવાલાથી કંથારીયાના મવ. ઈસ્માઈલ મનુબરીએ ''નૂરે ઈમાનનું રક્ષણ'' કિતાબમાં લખ્યું છે કે તેમણે ફર્માવ્યું, ''જે માણસ અજમેર કે સાલર મસ્ઊદ ગાઝીની ક઼બ્ર અથવા અન્ય અન્ય કોઈ બુઝુર્ગની ખાનક઼ાહ પર કોઈ હાજત માગવા માટે જાય તો એવા માણસનો ગુનો ખૂની તથા ઝાનીના ગુનાહથી વધીને છે. એ માણસ બરાબર કોઈ નથી પરંતુ તે માણસ જે બૂતોની પૂજા કરે. *(નૂરે ઈમાનનું રક્ષણ, પેજ : ૩૧, અઝ : મવ. ઈસ્માઈલ મનુબરી)*

વાંચી લીધું ! હજી ફરી વાંચો, અને હવે નીચેનું લખાણ વાંચો પછી કહો કે આ ''નૂરે ઈમાનનું રક્ષણ'' છે કે ભક્ષણ ?! : એ જ શાહ વલીઉલ્લાહ સાહબ 'કશ્ફે કુબૂર કે અમલ'માં લખે છે કે, **''બાદ હું હફ્ત કુર્રા તવાફ કુનદ, વ દરાં તકબીર બખ્વાનદ વ આગાઝ અઝરાસ્ત કૂનદ. વ બાદહૂ તરફે પાયાં રૂખસાર નહદ.''**

એટલે કે ''એના પછી કબરના સાત ચક્કર તવાફ કરે અને તવાફમાં તકબીર કહે, જમણી બાજુથી શરૂ કરે. બાદમાં કબરની પગો તરફની દીશાએ પોતાનો ચેહરો રાખે.''

આ લખાણને મોલ્વી અશરફ અલી સાહબ થાનવીએ કિતાબ 'હિફઝુલ ઈમાન' માં નકલ કરીને આ અમલને જાઈઝ તથા સાબિત કરવાની કોશિશ કરી.

ઉપરોકત લખાણથી જાણવા મળ્યું કે બુઝુર્ગોની ઝાત તો ખૂબ જ આ'લા છે પણ એમનું નામ બલ્કે એમની કબરોની માટી પણ વસીલો છે.

જો કે અમે કૃબ્રોના તવાફનું નથી કહેતા, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ તો કૃબ્રોના તવાફને મના કર્યો છે ! પણ ખૂદ શાહ વલીયુલ્લાહ સાહબ દેવબંદીઓના પેશવાઓના પીર ઉપરોક્ત લખાણથી ઉલ્ટુ જાતે જ બુઝુર્ગોની કૃબ્ર પર જવાનું બલ્કે તવાફ કરવાનું કહે છે ! અને એ લખાણને દેવબંદી પેશવા થાનવીએ ખૂદ પોતાની કિતાબમાં લખ્યું ! **શો હુકમ લગાડો છો મવ. મનુબરી તથા ભડકોદ્રવી દેવબંદીઓ ! આ તમારા પેશવા તથા તેમના પીરો પર ?! શું એઓ મુશ્રિક થયા કે નહીં?!**

**★ શું આ હઝરાત મુશ્રિક થયા કે મુસલમાન જ રહ્યા ?! ★**

તફ્વિયતુલ ઈમાની દેવબંદી અકીદો છે કે, "જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી." પણ પોતાના પેશવાની તારીફમાં ભાન ભૂલેલા દેવબંદી મોલ્વીઓ પોતાની કિતાબમાં મૌલાના થાનવીના વખાણમાં જણાવે છે કે :–

**ખુદા ઉન્કા "મુરબ્બી" વો "મુરબ્બી" થે ખલાઈક્ કે**
**મેરે "મૌલા", મેરે "હાદી" જો બેશક ! શૈખે રબ્બાની**

*–(મર્ષિયા રશીદ અહમદ, લેખક : દેવબંદી મોલ્વી મહેમૂદ હસન, સદર મુદર્રિસ મદ્રસા દેવબંદ, પેજ નં. ૧૨)*

"મુરબ્બી"નો અર્થ પરવરિશ કરનાર, ઉછેર કરનાર...એટલે કે અલ્લાહની મખ્લૂકની પરવરિશ કરનાર હતા, કોણ ? મૌલાના થાનવી ! પછી "મૌલા" એટલે "માલિક" અને "હાદી" એટલે હિદાયતના માર્ગે લગાડનાર. વિચારો ! દેવબંદીઓનો આમ તો અકીદો છે કે, "નબી પોતાની જાત માટે પણ નફા નુકસાનના માલિક નથી." જયારે પોતાના મોલ્વીઓને કેટલા ઊંચા દરજજે પહોંચાડયા ! પોતાના માલિક પણ કહ્યા છતાં શિર્કની ગંધ સુદ્ધાં તેમને ન આવી !

એ જ મર્ષિયામાં પેજ નં. ૬ ઉપર છે :–

**હવાઈજે દીનો દુન્યા કે કહાં લે જાએઁ હમ યા રબ**
**ગયા વો કિ્બ્લએ હાજાત રૂહાની વ જિસ્માની**

દેવબંદીઓની બેશરમી જુઓ ! કે જે થાન્વીના મૃત્યુ પર આ મર્ષિયો લખ્યો તે જ મૌલાના થાનવી "ગૈરુલ્લાહથી મદદ માગવું શિર્ક બતાવે છે." *(ફતાવા રશીદિયા, ૩/૬)* એ જ **થાનવીને રૂહાની જિસ્માની હાજતોનો કિ્બ્લો દર્શાવ્યો** કે એને છોડીને **મદદો હાજતો માંગવા ક્યાં જઈએ ?**

"નૂરે ઈમાનનું ભક્ષણ" કરનારા મવ. ઈસ્માઈલ મનુબરી કંથારવી તથા હસન ભડકોદ્રવી તથા સર્વ દેવબંદી આલમ જણાવે **શું થાનવીને તેઓ ખુદા માને છે** કે જેથી એમનો મર્ષિયો **આ શબ્દોમાં લખનાર મોલ્વી મહેમૂદ હસનને મુશ્રિક નથી જાહેર કર્યા ?!** (અલ્લાહની પનાહ ! આ બહુરૂપિયાઓથી)

વાંચકોથી વિનંતિ છે કે હવે તો તમે તેમના મહાન તૌહીદપરસ્ત હોવાના તથા શિર્કથી ડરતા હોવાના ઢોંગની અસલિયત સમજી ગયા હશો. ઉપર દર્શાવ્યું તેમ ન તેઓ કુર્આનને માને છે ન હદીષને માને છે, ન સહાબા કે બુઝુર્ગોના અક઼ીદા આ પ્રમાણે છે બલ્કે એ એક નવો જ "ઈસ્માઈલી" તફવિયતુલ ઈમાની અક઼ીદાવાળો (અ)ધર્મ છે, જેને "અહલે સુન્નત વ જમાઅત" સાથે કોઈ જ સંબંધ નથી.

## ★ અંતિમ વાત ! ચોખ્ખી વાત ! ★

વહાબી દેવબંદીઓ લાખ મદ્રસા બનાવે, મસ્જિદો બનાવે, ખૂબ નમાઝો પઢે, જમાતો લઈને ફરે, મોટા મોટા ઈજતેમાઓ કરે, લાખ દાઢીઓ રાખે, જબ્બા પાઘડીઓ પહેરીને ફરે, લાખ ઈબાદતો તિલાવતો જાહેરી રીતે કરે, તક઼્વાના ઢોંગ રચે, ખૂબ વિદ્યાર્થીઓ ભેગા કરીને ઈસ્લામ પર હોવાનો તથા ઈસ્લામની ખિદમતનો શો કરે પણ સર્વ નિરર્થક છે ! જ્યાં સુધી તેમના માનીતા મોલ્વીઓ ઈસ્માઈલ દહેલ્વી, ક઼ાસિમ નાનોત્વી, અશરફ અલી થાનવી, રશીદ અહમદ ગંગોહી, ખલીલ અંબેઠવી.... વગેરેનાં તેમની પોતાની કિતાબોમાં **ખુદા વ રસૂલની ગુસ્તાખી કરતાં લખાણોને કુફ્રી ન માને** તથા જેમને **એ જ કુફ્રી લખાણોને કારણે હરમૈન શરીફૈનના (મક્કા શરીફ મદીના શરીફના) અહલે સુન્નતના ઉલમાએ કિતાબ "હુસ્સામુલ હરમૈન"માં નજ્દી હુકૂમત પહેલાંના સમયમાં વર્ષોથી કાફિર મુર્તદ જાહેર કર્યા અને એવા કાફિર કે જે એમના કુફ્રમાં તથા જહન્નમના અઝાબી હોવામાં શક કરે તે પણ કાફિર !** તેવાને કાફિર ન માને. જેથી ઉપરોક્ત દેવબંદી મોલ્વીઓને કાફિરને બદલે પોતાના પેશવા માનનારા ત્યારથી લઈને અત્યાર સુધીના **સર્વ દેવબંદી મોલ્વીઓ "હરમૈન શરીફૈન"ના ઉલમાના ફત્વાની રૂએ કાફિર ગણાશે.** એ પછી દારુલ ઉલૂમ અરબિયા–ભરૂચ (કંથારીઆ, તા. જિ. ભરૂચ)ના **ઈસ્માઈલ મનુબરી હોય કે હસન ભડકોદ્રવી હોય કે તેમના સાથીઓ !** કે હાલનાં **સર્વ દેવબંદી દારુલ ઉલૂમોના મોલ્વીઓ હોય,** કોઈ બાકી નહીં ! સર્વ "હરમૈન શરીફૈન"ના ઉલમાના ફત્વાની રૂએ એ જ ગિરોહમાં આવે છે, અને તેમના કુફ્રથી જેઓ પણ વાકેફ થવા છતાં તેમને કાફિર ન સમજે તેઓ પણ. (જુઓ : હુસ્સામુલ હરમૈન) એમના પર લાગેલો કુફ્રનો ડાઘ કોઈ પાણી ધોઈ શકશે નહીં, સિવાય કે તૌબાનું પાણી ! વળી વહાબી, દેવબંદી અસલમાં "ખારજી" જ છે. જેમ કે "ફતાવા શામી" ભાગ–૩માં છે, જેથી ખારજીઓની જેમ મૂર્તિઓ માટે તથા કાફિરો માટે ઉતરેલી આયતોને નબી વલીઓ તથા મુસલમાનો પર ફિટ કરીને આ શિર્ક ! પેલુ શિર્ક !.... વગેરે લેખ લખીને ગલત સમજૂતી સાથે, આયતોના મનમાન્યા તર્જુમા રજૂ કરીને નબી વલીને ખુદાદાદ કમાલવાળા માનનારાને મુશ્રિક દર્શાવતા સાહિત્યોના ઢગલા ખડા કરી આપે, પણ આ લેખમાં વાંચકોએ જોઈ લીધું કે એની સામે કુર્આનની એક આયત રજૂ થતાં જ એમની રજૂ કરેલી સર્વ આયતોની ગલત રજૂઆત એ બદ્નસીબો થકી થઈ છે એ વાત દરેક ન્યાયપ્રિય વાંચકે સમજી લીધી હશે. કેમ કે કુર્આનની આયતોમાં વિરોધાભાસ નથી જ. **હવે સુન્નીઓમાં ઈમાની ગૈરત હોય તો આવા લોકોથી સગાઈ, શાદી, દોસ્તી, ઉઠક બેઠક ત્યજી દેવી જોઈએ, અને સગાઈ કરતાં પહેલાં સામે પાર્ટીને સ્પષ્ટ પૂછવું ને ખાત્રી કરવી કે વહાબી દેવબંદી વિશે તેમનો શો ખયાલ છે ?! વાયા વાયા ખબર ન કાઢવી ! ડાયરેક્ટ ચર્ચા કરી લેવી અને આસપાસના વર્તુળમાં તપાસ પણ કરવી, ખરેખર એ વહાબી દેવબંદી વગેરે ફિર્ક઼ાઓને ગુમરાહ તથા કાફિર જાણતા હોય તો જ સબંધ કરવો.** બસ, રબ તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં આ ગુસ્તાખે નબી ગિરોહની બુરાઈઓથી આપણને તથા સર્વ મુસ્લિમોને બચાવે. (આમીન)

*હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે જ્યારે મુસલમાન બંદો અથવા મો'મિન વુઝૂ કરવા લાગે છે, પોતાનો ચહેરો ધૂએ છે તો એના ચહેરાથી દરેક તે ખતા (ગુનો) નીકળી જાય છે જે તરફ આંખો વડે જોયું હોય, પાણી કે પાણીના છેલ્લા ટીપાની સાથે[૧]. પછી જ્યારે પોતાના હાથ ધૂએ છે તો હાથોએથી દરેક તે ખતા નીકળી જાય છે જેને તેના હાથે પકડી હતી, પાણી કે પાણીના આખરી ટીપા સાથે[૨]. પછી જ્યારે પોતાના પગો ધૂએ છે તો દરેક તે ખતા નીકળી જાય છે જે તરફ એના પગો ચાલ્યા, પાણી કે પાણીના અંતિમ ટીપા સાથે, ત્યાં સુધી કે ગુનાહોથી પાક સાફ નીકળી જાય છે[૩]. (મુસ્લિમ)*

*હઝરત ઉષ્માન رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લુલાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે એવો કોઈ મો'મિન નથી જેના પર ફર્ઝ નમાઝ આવે[૪] તો તે વુઝૂ તથા ખુશૂઅ તથા રુકૂઅ સારી રીતે કરે[૫] પણ એ એના પાછલા ગુનાહોનો કફ્ફારો થઈ જાય છે, જ્યાં સુધી કે ગુનાહે કબીરા ન કર્યો હોય[૬]. આવું હમેશાં થાય છે[૭]. (મુસ્લિમ)*

*એમનાથી જ રિવાયત છે કે આં જનાબે વુઝૂ કર્યું તો હાથો પર ત્રણવાર પાણી વહાવ્યું પછી કુલ્લી કરી, નાકમાં પાણી લીધું[૮]. પછી ત્રણવાર ચહેરો ધોયો પછી કોણીઓ સુધી જમણો હાથ ત્રણવાર પછી ડાબો હાથ ત્રણવાર ધોયો કોણી સુધી પછી માથાનો મસહ કર્યો[૯] પછી જમણો પછી ડાબો પગ ત્રણ ત્રણવાર ધોયો. પછી ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને જોયા કે આપે મારા વુઝૂની જેમ વુઝૂ કર્યુ[૧૦] પછી ફર્માવ્યું, જે મારી જેમ વુઝૂ કરે પછી બે રકાત નફ્લ પઢી લે જેમાં પોતાના દિલથી કાંઈ વાતો ન કરી લે તો એના પાછલા થઈ ગયેલા ગુનાહ માફ કરી દેવામાં આવશે. (મુસ્લિમ, બુખારી) અને શબ્દો બુખારીના છે[૧૧].*

*હઝરત ઉક્બા ઈબ્ને આમિર[૧૨]થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, એવો કોઈ મુસલમાન નથી જે **વુઝૂ કરે** તો સારું વુઝૂ કરે પછી ઉભો થઈને **બે નફ્લ** દિલ તથા મોઢા સાથે ધ્યાનિત થઈને **પઢે**[૧૩] પણ તેના માટે **જન્નત વાજિબ** થઈ જાય છે[૧૪]. (મુસ્લિમ)*

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૦૧.** જો કે માણસ કાન, નાક, મોં સૌના થકી ગુનાહ કરે છે પણ અધિક્તર ગુનાહ આંખ વડે થાય છે જેમ કે અજનબી સ્ત્રી અથવા ગૈરનો નાજાઈઝ માલ આંખ વડે જોવો. એટલા માટે કેવળ આંખનો ઉલ્લેખ કરી આપ્યો, નહીં તો ઈન્શાઅલ્લાહ ! ચહેરાના દરેક અંગના ગુનાહ મોં ધોતાં જ માફ થઈ જાય છે.

**૦૨.** જેમ કે નામહરમને સ્પર્શવું અથવા ગૈરની ચીજને વિના ઈજાઝતે છેડવી કે એ સૌ સગીરા ગુનાહ છે.

**૦૩.** ચાલવાથી મુરાદ નાજાઈઝ સ્થળ પર જવું છે. યાદ રાખશો કે અહીં કેવળ તે અંગોના ગુનાહોની જ માફી નથી બલ્કે સર્વ ગુનાહો મુરાદ છે, ત્યાં સુધી

કે દિલો દિમાગના પણ ગુનાહ માફ થઈ જાય છે. આ અંગનો ઉલ્લેખ એટલા માટે છે કે અધિક ગુનાહ એના થકી જ ઉપસ્થિત છે, જેથી આ હદીષ આગલી હદીષની વિરુદ્ધ નથી. અને શક્ય છે કે પ્રથમ હદીષમાં વુઝૂ કામિલ (સંપૂર્ણ) વુઝૂનું વર્ણન હતું જેમાં સર્વ સુન્નતો તથા મુસ્તહબો અદા કરવામાં આવે, તે સર્વ ગુનાહોની માફીનો ઝરીઓ છે. અને અહીં તે વુઝૂ મુરાદ છે જે એટલુ કામિલ ન હોય એનાથી કેવળ તે અંગોના ગુનાહો જ માફ થશે, જેથી બંનેવ હદીષો દુરુસ્ત છે.

**૦૪.** એટલે કે પંજગાના નમાઝ અને જુમ્આ. યાદ રાખશો કે ફર્ઝનું વર્ણન એહતેરાઝી (અપવાદ) નથી કેમ કે તહજ્જુદની નમાઝ તથા ઈશ્રાક તથા ઈદોની નમાઝના વુઝૂનો પણ એ જ હાલ છે, કેમ કે મોટાભાગે વુઝૂના પંજગાના નમાઝના માટે જ થાય છે એટલા માટે એનો જ ઉલ્લેખ કર્યો. તેમજ જો કોઈ સમયથી પહેલાં વુઝૂ કરે તેનો પણ એ જ સવાબ છે.

**૦૫.** નમાઝનો ખુશૂઅ એ છે કે તેનો દરેક રુકન સહી અદા કરે, દિલમાં આજીજી અને ખૌફે ખુદા હોય. નજરો પોતાના ઠેકાણા પર રહે કે કયામમાં સજદાગાહ, રુકૂઅમાં પગોની પીઠ, સજદાનાં નાકનાં નસકોરાં તથા કાઈદામાં ખોળામાં રહે. ખુશૂઅ નમાઝની રૂહ છે. રબ ફર્માવે છે : هُمْ فِیْ صَلٰوتِهِمْ خَاشِعُوْنَ "કેવળ રુકૂઅનો એટલા માટે ઉલ્લેખ કર્યો કે એ સજદાના આગળ આવે છે અને સજદાની સરખામણીમાં એમાં અધિક તકલીફ છે, તેમજ એ મુસલમાનોની નમાઝમાં ખાસ વિશિષ્ટતા ધરાવે છે કે એ યહૂદી તથા ઈસાઈની નમાઝમાં ન હતો, તેના મળવાથી રકાત મળી જાય છે. તેમજ રુકૂઅ મુસ્તકિલ (અલગથી) ઈબાદત નથી, કેવળ નમાઝમાં જ ઈબાદત છે અને સજદો નમાઝ સિવાય પણ ઈબાદત છે. જેમ કે શુક્રનો સજદો, તિલાવતનો સજદો વગેરે.

**૦૬.** એટલે કે એનાથી કબીરા ગુનાહ માફ નથી થતા કેવળ સગીરા ગુનાહ માફ થાય છે, જેથી એ હદીષ આગલી હદીષોની તફસીર છે. એનો એ મતલબ નથી કે ગુનાહે કબીરાવાળાના સગીરા પણ માફ નથી થતા. *(લમ્આત)*

**૦૭.** એટલે કે આ સવાબ કોઈ ખાસ નમાઝનો નથી, બલ્કે જીવનમાં દરેક નમાઝનો છે.

**૦૮.** એ રીતે કે પ્રથમ ત્રણ કુલ્લીઓ (કોગળા) કરી લીધી પછી ત્રણવાર નાકમાં પાણી લઈને સાફ કરી જેવી રીતે અન્ય અંગોના ક્રમમાં છે. જેથી એ હદીષ હનફીઓની દલીલ છે. શાફઈ લોકો એક ખોબાના અડધાથી કુલ્લી અને અડધાથી નાકમાં પાણી લે છે. એટલે એમને ત્યાં ફર્દ ફર્દની પાછળ (એટલે કે કુલ્લી કર્યા પછી નાકમાં પાણી નાખવું ફરી કુલ્લી કર્યા પછી નાકમાં પાણી નાખવું... એ રીતે) પાછળ અને આપણે ત્યાં નૂઅ નૂઅની પાછળ એક પ્રકારનો રુકન અદા કર્યા પછી બીજો અદા કરવો. જેમ કે પ્રથમ ત્રણવાર કુલ્લી કરવી, ત્યારબાદ ત્રણવાર નાકમાં પાણી નાખવાનું છે.

**૦૯.** એનાથી બે મસ્અલા માલૂમ થયા : એક એ કે હાથ કોણીઓ સમેટ ધોવા જોઈએ. બીજુ એ કે માથાનો મસહ કેવળ એકવાર થાય, કેમ કે ધોવામાં ત્રણનું વર્ણન છે, મસહમાં નહીં. તેમજ જો મસહ ત્રણવાર કરવામાં આવે તો એ ધોવું થઈ જશે. એ જ ઈમામે આ'ઝમનો મઝહબ છે. શાફઈઓને ત્યાં મસહ પણ ત્રણવાર થશે. આ હદીષ એની વિરુદ્ધ છે.

**૧૦.** કેમ કે ઉષ્માનગનીનું વુઝૂ એમની સમક્ષ હતું અને હુઝૂરનું વુઝૂ એ લોકોથી છુપુ હતું એટલા માટે આપે એ પ્રમાણે ફર્માવ્યું, નહીં તો હકીકત એ છે કે ઉષ્માનનું વુઝૂ હુઝૂર ﷺના વુઝૂની જેમ હતું, ન કે હુઝૂરનું વુઝૂ આપના વુઝૂની જેમ હતું.

**૧૧.** એટલે કે વુઝૂની પછી બે રકાત નફલ "તહિય્યતુલ વુઝૂ" પઢે, જ્યારે કે નફલ પઢવી મકરૂહ ન હોય. અને નફલ મકરૂહ હોય જેમ કે ફજર અને મગરિબનું વુઝૂ. તો વુઝૂની બાદ ફર્ઝ નમાઝમાં

તહિય્યતુલ વુઝૂ અને તહિય્યતુલ મસ્જિદનો પણ સવાબ મળી જશે. *(મિર્કાત)* **لَا يُحَدِّثُ** ફર્માવીને એવું બતાવ્યું કે ઈરાદાપૂર્વક અન્ય તરફ ખયાલ ન દોડાવે, વિના ઈરાદે વસવસા માફ છે, જેમ કે લમ્આત તથા મિર્કાતમાં છે એ શરતે કે તેને દફેઅ કરવાની કોશિશ કરતો રહે. ગુનાહથી મુરાદ સગીરા ગુનાહ છે અને બેગુનાહ લોકોના દરવાજા બુલંદ થાય છે, કેમ કે જે કામ ગુનેહગારોના માટે માફીનો ઝરીયો છે તે નેકોકારોની તરક્કીનો ઝરીયો છે.

**૧૨.** આપ મશ્હૂર સહાબી છે. હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ તરફથી મિસરના હાકિમ (ગવર્નર) હતા. પોતાના ભાઈ ઉત્બા ઈબ્ને અબી સુફયાનના પછી જો કે બરતરફ કરી દેવામાં આવ્યા હતા પણ મિસ્રમાં જ વસવાટ રહ્યો. હિ.સ. ૫૮માં ત્યાં જ વફાત પામ્યા.

**૧૩.** જાહેર તથા બાતિનને એક સમાન કરીને કે ન શરીર સાથે રમત કરે ન આમ તેમ જુએ, ન દિલને બીજી બાજુ લગાડે.

**૧૪.** રબના ફઝ્લો કરમથી, એ રીતે કે દુનિયામાં એને નેક અમલોની તૌફીક઼ મળે છે. મૃત્યુ વેળા ઈમાન પર ક઼ાયમ રહે છે. ક઼બ્ર હશ્રમાં આસાનીથી પાસ થાય છે. હદીષનો મતલબ એ નથી કે કેવળ વુઝૂ કરી લેવા અને તહિય્યતુલ વુઝૂના બે નફલ પઢી લેવાથી જન્નતી થઈ ગયો ! હવે કોઈ અમલની જરૂરત ન રહી. આ પ્રકારની હદીષનો આ જ મતલબ થાય છે.

પેજ નં.**૦૨** નું ચાલુ...

વિરોધ થયા છે. આ સ્થિતિ હિંદમાં જ નહીં અમેરિકામાં ન્યુયોર્ક પોલીસ કમિશનરથી બોલાય ગયું કે, "બળાત્કારના બનાવો રોકવામાં યુવતીઓ પોલીસને સહકાર કરે કે પોતે પોતાના પોશાકનો ખયાલ રાખે, શરીરને પૂરતું ઢાંકે." તો પૂરા અમેરિકા બલ્કે વિશ્વભરમાં કોલેજ કન્યાઓએ મહિલા સંગઠનોએ (દિલ્હીમાં પણ) શરમજનક ડ્રેસો પહેરીને એના સામે વિરોધ પ્રદર્શનો કર્યાં ! આ બધું શું છે ? એમાં સત્ય સિવાય શું છે ? તેમની પાસે પણ બુદ્ધિ તો છે જ શું એ નથી સમજતી કે જો રૂપિયા, પૈસા, સોનાને ખુલ્લુ કરીને દેખાડતા દેખાડતા ચાલો તો લૂટારા ગમે ત્યાં દાવ બેસાડી લૂટી લેવાના છે જ ! તેમ આ પણ એવું જ છે. તો બહેનોએ વાસ્તવિક્તા સમજવી જોઈએ. પશ્ચિમની ગંદી સંસ્કૃતિના રવાડે નગ્નતા અપનાવશે તો હજી બુરા દિવસો આવી શકે છે, જે આપણા સૌના માટે દુઃખ તથા શરમની વાત હશે. દુનિયા લાખ જાહેરી તૌર પર ઈન્કાર કરતી રહે પણ **સ્ત્રીની ઈજ્જતનો જામિન કોઈ હોય તો કેવળ અને કેવળ ઈસ્લામ જ છે** કે જે સ્ત્રીને ગૈર મર્દોથી પર્દાનો હુકમ આપે છે જેથી તેના પર બદ્દમાશોની નજરો પડશે નહીં અને કાંઈ થશે નહીં. તેમજ **બદ્દમાશોને કંટ્રોલ કરવાનો ઈલાજ ઈસ્લામી આદેશો મુજબ** કે હરામ દશ્યોને જોવાથી રોક લગાડો, ફિલ્મો, સીરીયલો, એડવર્ટાઈઝો, પોસ્ટરોમાં નગ્ન સ્ત્રીઓને દેખાડવું બંધ કરો તથા **બળાત્કારીઓને સત્વરે ફૈંસલો કરીને જાહેરમાં કોરડાની કે સંગસારીની સજા કરો** તો તાત્કાલિક ધોરણે માહોલમાં સુધાર આવી શકે. બળાત્કારના બનાવો ટાળવા મદુરાઈ મઠના મહંત અરૂણ ગીરીનાથે પણ મહિલાઓએ ફેશનના નામે અભદ્ર વસ્ત્રો પહેરવાથી દૂર રહેવું જોઈએ ઘરની બહાર નીકળે ત્યારે મુસ્લિમ મહિલાઓ જેમ જ પર્દો કરવો જોઈએ એવી અપીલ કરી છે. *(ગુજરાત ટુ ડે, તા. ૨-૧-૨૦૧૩)*

કોઈ પણ ધર્મ, કોઈપણ સંસ્કૃતિ કે કોઈપણ સમાજ તથા દરેક સમજદાર માનવી એ વાત સમજે જ છે કે નગ્નતા, બેશરમી બુરી ચીજ છે જેમાં માનવ ભલાઈ હરગિઝ નથી, તો પછી એના માટે સરકારી ધોરણે પગલાં લેવાવાં જોઈએ અને એવું થશે તો જ સભ્ય સમાજનું અસ્તિત્વ બાકી રહી શકશે. એટલું તો થવું જ જોઈએ કે કોઈ ક઼ાનૂન ડ્રેસની મર્યાદાનો બને જેનાથી કાંઈક રાહત થાય, નહીં તો એવું જ થશે કે, *ઝહેર પણ પીવું છે ને ઝિંદા પણ રહેવું છે ! તો એ શક્ય નથી.*

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા
મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક્ સાબરી દહેગામી

**અપની સત્તારી કા યા રબ વાસ્તા**
**હોં ન રુસ્વા બર સરે દરબાર હમ**

*(સત્તારી = પર્દાપોશી, ઐબ છુપાવવું, રુસ્વા = બેઈજ્જત)*

**અર્થ** : હે ગફ્ફારો સત્તાર ખુદા ! તને તારી શાને સત્તારીનો વાસ્તો, તારા દરબારમાં લોકોની વચ્ચે મેદાને મેહશરમાં અમે રુસ્વા (બેઈજ્જત) ન થઈ જઈએ, તું અમારા ગુનાહોને માફ ફર્માવી દે.

**ઈતની અર્ઝે આખરી કહ દો કોઈ**
**નાવ તૂટી આ પળે મજધાર હમ**

*(અર્ઝે આખરી = છેલ્લી અરજ, મજધાર = સમુદ્રની વચ્ચે)*

**અર્થ** : મારી આ છેલ્લી વિનંતી કોઈ હુઝૂર ﷺની બારગાહમાં પહોંચાડી આપો કે હું મજધારમાં આવી ગયો છું અને મારી નાવડી તૂટી ગઈ છે, હુઝૂર ! મને બચાવી લે.

**મુંહ ભી દેખા હૈ કિસી કે અફ્વ કા**
**દેખ ઓ ઈસ્યાં નહીં બે પાર હમ**

*(અફ્વ = માફી, ઈસ્યાં = ગુનાહો, બે યાર = વગર સાથી)*

**અર્થ** : હે ગુનાહો ! તમોએ કોઈ માફ કરાવનારનો ચહેરો નથી જોયો, પરંતું અમે સાથી અને મદદગાર વગરના નથી ! અમારી પાસે મોટા મોટા ગુનાહો માફ કરાવનાર શફીએ મેહશર મૌજૂદ છે.

આ શેઅરમાં આ'લા હઝરત رضی اللہ عنہએ પોતાના નબી ﷺ પર નાઝ કરીને અનોખો અંદાજ પેશ કર્યો છે કે ગુનાહોને ધમકાવ્યા છે.

**મૈં નિષાર ઐસા મુસલમાન કિજીએ**
**તોળ ડાલેં નફ્સ કા ઝુન્નાર હમ**

*(નિષાર = કુર્બાન, નફ્સ = ગુનાહો પર ઉભારનાર, ઝુન્નાર = જનોઈ, તે દોરી જે હિંદુઓ બદન પર બાંધે છે)*

**અર્થ** : હુઝૂર ! આપ પર કુર્બાન થઈ જાઉં એવો મુસલમાન બનાવી દો કે અમે નફસની કૈદની જનોઈ તોડી નાખીએ અને અલ્લાહ રસૂલ ﷺના સાચા ફર્માબરદાર બની જઈએ.

**કબ સે ફેલાએં હૈં દામન તેગે ઈશ્ક્**
**અબ તો પાએં ઝખ્મ દામનદાર હમ**

*(તેગે ઈશ્ક્ = ઈશ્ક્ની તલ્વાર, દામનદાર = દામનવાળો)*

**અર્થ** : અમે ક્યારના દામન ફેલાવીને બેઠા છીએ હે ઈશ્ક્ની તલ્વાર ! અમને પણ ઈશ્ક્ના દામન પર ઝખમ મળી જાય.

**સુન્નિયત સે ખટકે સબકી આંખ મેં**
**ફૂલ હોકર બન ગએ ક્યા ખાર હમ**

*(ખટક = ચૂભવું, ખોટુ લાગવું, ખાર = કાંટા)*

**અર્થ** : અમે સુન્ની છીએ એટલે દુશ્મનોની આંખમાં ખટકીએ છીએ, અમે તો ગુલશને ઈશ્કે રસૂલ ﷺના ફૂલ છીએ પણ દુશ્મનાને રસૂલ માટે કાંટા બની ગયા.

**નાતવાની કા ભલા હો બન ગએ**
**નક્શે પાએ તાલિબાને યાર હમ**

*(નાતવાની = કમજોરી, નક્શે પાએ = પગના નિશાન, તાલિબાને યાર = મેહબૂબને ઢુંઢનાર)*

**અર્થ** : નાતવાની, આજીઝીનું ભલુ થાય કે

અમે હુઝૂર ﷺના આશિક઼ોના પગના નિશાન બની ગયા

**દિલ કે ટુકડે નઝર હાઝિર લાઍ હૈં**
**અય સગાને કુચએ દિલદાર હમ**

*(નઝર = ભેટ, હાઝિર = સામે, સગાન = કૂતરાઓ, કુચએ દિલદાર = મેહબૂબની ગલી)*

**અર્થ** : હે મારા મેહબૂબની ચોખટ પર પહેરો આપનાર કૂતરાઓ ! અમે તમારા માટે ભેટરૂપે દિલના ટુકડા લાવ્યા છીએ.

આશિક઼ાને મુસ્તફા હમેશાં પોતાને હુઝૂર ﷺના દરબારના કૂતરાથી સંબોધે છે અને પોતાને 'સગે મદીના' કહે છે મૌલાના અબ્દુર્રહમાન જામી رحمۃ اللہ علیہ ફર્માવે છે : હું ભલા કોણ છું કે આપથી દોસ્તીની વાત કરું ! હું તો આપની ગલીનો કૂતરાઓમાંથી એક અદના કૂતરો છું !

શેરએ જામી :–

*મન કિસ્તમ દમે દોસ્તી મી ઝનમ*
*કમીન સગાને કુએ તૂ યક કમતરીન મનમ*

શેખ સઅદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : એક જાન નહીં સો જાન પણ હોય તો હુઝૂર ﷺની બારગાહના દરબાન કૂતરાઓ પર કુર્બાન કરી દઉં.

શેઅરે સઅદી :–

*ચે કુનદ સઅદી મિસ્કીન કે સદ જાન*
*સાઝેમ ફિદાએ સગે દરબાને મુહમ્મદ ﷺ*

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પણ પોતાને બુઝુર્ગોના માર્ગ પર ચલાવતાં ફર્માવ્યું :–

*કોઈ ક્યૂં પૂછે તેરી બાત 'રઝા'*
*તુઝ સે કુત્તે હઝાર ફિરતે હૈં*

ઉપરોક્ત શેઅરનો મતલબ થયો કે હે હુઝૂર ﷺના આશિક઼ો હું તમારા તો હફામાં દિલના ટુકડા લાવ્યો છું.

**ક઼િસ્મતે ષૌરો હિરા કી હિર્સ હૈ**
**ચાહતે હૈં દિલ મેં ગેહરા ગાર હમ**

*(ષૌર = મક્કામાં આવેલ એક ગુફાનું નામ જ્યાં હિજરતની રાતે હુઝૂર ﷺએ આરામ ફર્માવ્યો. કુર્આનમાં સૂરએ તૌબામાં જેનું વર્ણન છે, હિરા = મક્કામાં આવેલ જબલે નૂરની ગુફાનું નામ જ્યાં હુઝૂર ﷺ એલાને નબુવ્વત પહેલાં ક઼યામ ફર્માવતા હતા. અને ત્યાં કુર્આનની પહેલી વહી નાઝિલ થઈ, ગેહરા = ઊંડો, ગાર = ગુફા, હિર્સ = લાલચ, ઈચ્છા)*

**અર્થ** : ગારે ષૌર અને હિરાની ક઼િસ્મત હતી કે હુઝૂર ﷺએ ત્યાં ક઼યામ ફર્માવ્યો. અમારી પણ ઈચ્છા છે કે અમને પણ એવી ક઼િસ્મત નસીબ થાય અને અમારા દિલમાં ગેહરી ગુફા થઈ જાય કે હુઝૂર ﷺ તેમાં ક઼યામ ફર્માવી અમારી ક઼િસ્મત ચમકાવી આપે.

**ચશ્મ પોશી વ કરમ શાને શુમા**
**કારે મા બેબાકી વ ઈસ્રાર હમ**

*(ચશ્મ પોશી = જાણી જાઈને દરગુજર કરવું, કરમ = બખ્શિશ, શાને શુમા = તમારી શાન, કારે મા = અમારું કામ, બેબાકી = નીડરતા, ઈસ્રા = જીદ, વારંવાર, હમ = (ફારસી) પણ)*

**અર્થ** : મહેરબાની કરવી એ આપની ઊંચી શાન છે અને અમારું કામ બેખૌફ થઈ ગુનાહ કરવું અને જીદ કરવી પણ છે.

**ફસ્લે ગુલ સબ્ઝા સબા મસ્તીયે શબાબ**
**છોડેં કિસ દિલ સે દરે ખુમાર હમ**

*(ફસ્લે ગુલ = વસંત ઋતુ, સબ્ઝા = હરિયાળી, સબા = પૂર્વની હવા, મસ્તીયે શબાબ = યુવાનીની મસ્તી, દરે ખુમાર = નશાનો દરવાજો)*

**અર્થ** : વસંત ઋતુ હોય, ચારો તરફ હરિયાળી હોય, ઠંડી હવા ચાલી રહી હોય અને યુવાનીની મસ્તી છવાઈ હોય ત્યારે કેવી રીતે મદહોશ કરનારનો દરવાજો છોડીએ.

**મયકદા છુટતા હૈ લિલ્લાહ સાક઼િયા**
**અબ કે સાગર સે ન હોં હુશ્યાર હમ**

*(મયકદા = શરાબખાનુ, છૂટતા હૈ = છૂટે છે, લિલ્લાહ = ખુદા વાસ્તે, સાક઼િયા = પીવડાવનાર, અબ કે = આ વખતે, સાગર = શરાબનો પ્યાલો, હુશ્યાર = બા હોશ)*

**અર્થ :** હે સાકીએ કૌષર પ્યારા નબી ! ﷺ ઈશ્કો મહોબ્બતનો મયકદો છૂટી રહ્યો છે, અમે મદીનાથી પાછા જઈ રહ્યા છીએ, ખુદા વાસ્તે આ વખતે મહોબ્બતની શરાબનો એવો પ્યાલો પીવડાવી દો કે જીવનભર નશો ઉતરે નહીં.

**સાકિ઼યે તસ્નીમ જબ તક આ ન જાએં**
**અય સિયહ મસ્તી ન હોં હુશ્યાર હમ**

*(તસ્નીમ = જન્નતની એક નહેર, સિયહ મસ્તી = નશો)*

**અર્થ :** તસ્નીમ અને કૌષર પીવડાવનાર પ્યારા નબી ﷺનો જ્યાં સુધી દીદાર ન થઈ જાય, હે ઈશ્કે નબી ﷺની મદહોશી ! અમે હોશમાં ન આવીએ.

**નાઝિશેં કરતે હૈં આપસ મેં મલક**
**હૈ ગુલામાને શહે અબ્રાર હમ**

*(નાઝિશેં = ગર્વ, નાઝ, મલક = ફરિશ્તા, ગુલામાન = ગુલામો, શહે અબ્રાર = નેકોના સરદાર)*

**અર્થ :** હે મારા પ્યારા નબી ! ﷺ હું આપની ગુલામી પર કેમ ગર્વ ન કરું ! જ્યારે કે માસૂમ ફરિશ્તાઓ પણ આપસમાં એક બીજાને કહે છે કે અમે ગુલામે મુસ્તફા છીએ.

**તુલ્ફે અઝ ખૂદ રફ્તગી યા રબ નસીબ**
**હોં શહીદે જલ્વએ રફતાર હમ**

*(તુલ્ફ = લિજ્જત, ખૂદ રફ્તગી = બેખૂદી, જલ્વએ રફતાર = ચાલવાના અંદાઝનો જલ્વો)*

**અર્થ :** હે પરવરદિગાર ! ઈશ્કે નબીમાં બેખૂદીનો એવો મર્તબો આપ કે હુઝૂર ﷺના ચેહરએ વદુહા પર જ નહીં, બલ્કે હુઝૂર ﷺની ચાલના અંદાઝ પર પણ જાન કુર્બાન કરી આપું.

હુઝૂર ﷺની ચાલ પર આશિકો જાન કુર્બાન કેમ ન કરે, જ્યારે કે પથ્થરો આપના કદમ પર પોતાનાં જિગર ફાડી નાખતા હતા, જેવું કે હદીષોમાં છે કે હુઝૂર ﷺ જે પથ્થર પર કદમ મૂકતા હતા તે મીણ જેવો નરમ થઈ જતો હતો અને હુઝૂર ﷺના નક્શે કદમને પોતાના સીનામાં સમાવી લેતો હતો. *(મિશ્કાત, તિર્મિઝી, બૈહકી, ઈબ્ને અસાકિર, ઝુર્કાની)*

**ઉનકે આગે દઅવયે હસ્તી 'રઝા'**
**ક્યા બકે જાતે હૈં યે હરબાર હમ**

*(દઅવા = દાવો, હસ્તી = હોવુ, મોટાઈ, બકે જાતા હૈ = બકવાસ કરે છે, હરબાર = દરેક વખતે)*

**અર્થ :** હે અહમદ રઝા ! "હમ" એ બહુવચન છે અને તેમાં મોટાઈપણુ સમાયેલું છે. હુઝૂર ﷺની બારગાહમાં મોટાપણાનો દાવો ન કરાય, આ શું દરેક શેઅરની છેવટમાં "હમ ! હમ !" કરે છે ?!

## ★ નોઅમાની સાહબનો દૌરાએ ભરૂચ ★

અહલે સુન્નત વ જમાઅતના મશ્હૂર આલિમે દીન કલમકાર હઝરત અલ્લામા મૌલાના અબ્દુલમુબીન નોઅમાની (બાની દારુલ ઉલૂમ–ચિરૈયાકોટ) જનાબ મૌલાના ઈકબાલ સાહબ આમોદવાળાની દા'વત પર તા. ૧૫–૧૨–૨૦૧૨ના રોજ આમોદ તશરીફ લાવ્યા હતા. એ પછી હઝરતે દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે રોકાણ કર્યું હતું. અને દારુલ ઉલૂમના તલબા તથા ઉસ્તાદોની એક્ટીવિટી તથા ડિસીપ્લીનથી સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમજ ફઝીલતના તલબાનો બુખારી શરીફ પઢાવી ટેસ્ટ લીધો હતો અને તલબાની પઢાઈથી સંતોષ વ્યક્ત કર્યો હતો. છેલ્લા દિવસે અસરથી મગરિબ સુધી તલબાને નસીહત કરતુ બયાન કર્યું હતું. પાંચ છ દિવસના આમોદ રોકાણ દરમ્યાન દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી દયાદરા, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચની તથા વિવિધ ગામોની વિઝિટ પણ લીધી હતી. તેમજ દયાદરા ખાતે તંત્રી બરકાતે ખ્વાજાના ઘરે તશરીફ લાવ્યા હતા અને જરૂરી ચર્ચાઓ કરી લાભદાયી મશ્વરા આપ્યા હતા. બરકાતે ખ્વાજા (માસિક) કાર્યાલયની વિઝિટ કરીને "અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"નાં પ્રકાશનોનો મુઆઈનો કરીને દીની કામની તરક્કીની દુઆ આપી હતી. તેમજ દયાદરા જામા મસ્જિદમાં અસરબાદ ઈસ્લાહી બયાન કર્યું હતું. છેવટે ૨૦ ડિસેમ્બરની રાત્રે મુંબઈ ગોવન્ડીમાં "હઝરત ઈમામે આ'ઝમ" (رحمۃ اللہ علیہ) સેમીનારમાં ભાગ લેવા મુંબઈ રવાના થયા હતા.

**મુનાફિક઼ત તે આનુ નામ !**

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી*

## ગયબદાનીની એક લાંબી દાસ્તાન

### ★ મૌલ્વી યાકૂબ સાહબ સદર મુદર્રિસ દેવબંદનો કિસ્સો ★

દેવબંદી વર્ગનું મુખપત્ર અલ્ જમીઅત (દિલ્હી)એ ખ્વાજા ગરીબ નવાઝ અંક નામથી એક દળદાર અંક પ્રસિદ્ધ કર્યો છે. આ અંકમાં ક઼ારી તૈયબ સાહબ (માજી દારુલ ઉલૂમ દેવબંદના મુહતમિમ)નો એક લેખ પ્રગટ થયો છે. મૌલ્વી મુહમ્મદ યાકૂબ વિશે તેમણે લખ્યું છે :–

*"હઝરત મૌલાના મુહમ્મદ યાકૂબ દારુલ ઉલૂમ દેવબંદના પહેલાં સદર મુદર્રિસ હતા. તેઓ એક ઉચ્ચ આલિમ બલ્કે, આરિફ બિલ્લાહ અને કશ્ફ તથા કરામતમાં નિપૂણ એવા પેશ્વાઓમાં તેમની ગણના હતી, તેમના કેટલાક "મકાશુફ઼ાત" (કશ્ફો) મર્હૂમ દેવબંદી પેશવાઓ દ્વારા સાંભળવામાં આવ્યા. હઝરત મૌલાના પર જઝબની કૈફિયત વખતે તેમના મુખેથી એવી સ્થિતિમાં એવા શબ્દો નીકળી પડતા જે બાદમાં સત્ય ઘટનાઓના સ્વરૂપમાં સામે આવી જતા હતા. દારુલ ઉલૂમ દેવબંદની દર્સગાહના મધ્ય હોલમાં તેમની હદીષની દર્સગાહ હતી, તેની સામેની જગ્યા સંબંધે તેમણે ફ઼ર્માવ્યું કે, જે કોઈની જનાઝાની નમાઝ આ સ્થળે પઢવામાં આવતી તેની બખ્શિશ થઈ જતી હતી." (ખ્વાજા ગરીબ નવાઝ, પેજ : ૫)*

આ તો એક દીવાના (મજઝૂબ)ની વાત હતી, પરંતુ હવે સમજદારો અને વિદ્વાનોના ઈમાન અને યક઼ીન કેવા પ્રકારના હતા તેને વાંચી લો :–

*"સામાન્ય રીતે તે સમયે દારુલ ઉલૂમ દેવબંદના જેટલા પણ સંબોધનકર્તાઓના અને શહેરના બીજાઓના જનાઝા ત્યાં આવે છે, એ જગ્યાએ લાવીને રાખવાનો રિવાજ છે, નાચીઝે એ જગ્યાને સીમેન્ટથી (ઓટલી જેમ) બનાવી દીધી છે." (ખ્વાજા ગરીબ નવાઝ નંબર, પેજ : ૫)*

બુઝુર્ગાને દીનના ઈસાલે સવાબના માટે ચોક્કસ સમય નક્કી કરવો અથવા તેમના બયાન અને ઝિક્રને

માટે કોઈ દિવસ મુકર્રર કરવો એ દેવબંદી ધર્મમાં બિદઅત છે ! હરામ છે ! તેની હકીકત તેમના વિશ્વાસપાત્ર સાહિત્યમાં મૌજૂદ છે. પરંતુ અહીં તેમને એ કોઈ પૂછતું નથી કે, જનાઝાની નમાઝ તો દારુલ ઉલૂમ (દેવબંદ)ના વિસ્તારમાં ગમે ત્યાં થઈ શકે છે, તેને માટે એક જ જગ્યા નક્કી કરીને તેના પર અમલ કરવું અને તેને માટે વ્યવસ્થા કરવી એ બિદઅત નથી ? વાત પર વાત નીકળતાં યાદ આવી ગયું. આપણે કારી તૈયબ સાહબના લેખની ચર્ચા કરી રહ્યા છીએ, એ લેખનો બીજા ભાગ વાંચો :–

*"આ મજઝૂબિયત (દીવાનાપણા)ને કારણે મૌલાના મુહમ્મદ યાકૂબના માનસમાં એ વાત બેસી ગઈ હતી કે, હું ઈલ્મમાં અધૂરો છું, પીર મુર્શિદ હાજી ઈમ્દાદુલ્લાહ તો મક્કામાં છે, પરંતુ મારી પૂર્ણતા હઝરત નાનોત્વી અને હઝરત ગંગોહી જ કરી શકે છે. તે માટે તેઓ તેમને વખતો વખત કહેતા હતા કે,* ***ભાઈ ! મને પૂર્ણતાએ પહોંચાડો !*** *તો તેઓ જવાબ આપતા હતા કે,* ***હવે તમારામાં કંઈ જ ખામી નથી,*** *જે કાંઈ છે તે દેવબંદના મદ્રસામાં હદીષ પઢાવવાથી પૂરી થઈ જશે. માટે તમે હદીષ પઢાવવાના કાર્યમાં પ્રવૃત્ત રહો, તેથી જે કાંઈ ખામી હશે તે દૂર થઈ જશે. એના પર તેઓ નારાજ થઈ ગયા, કે આ બંને કંજૂસાઈ કરી રહ્યા છે,* ***બધું જ લઈને બેઠા છે*** *અને મારા માટે કંજૂસાઈ કરી રહ્યા છે."* *(ખ્વાજા ગરીબ નવાઝ નંબર, પેજ : ૫)*

ત્યાર પછી લખ્યું છે કે, ત્યાંથી નિરાશ થઈ ગયા અને અજમેર શરીફની હાજરીનો ઈરાદો કરી લીધો તેથી ખ્વાજાએ ગરીબ નવાઝના હુઝૂરમાં પોતાની પૂર્ણતા પૂરી કરી શકે. એક દિવસ આ પ્રકારની લાગણીના આવેશમાં ઉઠયા અને અજમેર જવા માટે રવાના થઈ ગયા, ત્યાં પહોંચીને તેમણે ખ્વાજાના રોઝાની નજીક એક પહાડી પર પોતાની ઝુપડી બનાવી અને ત્યાં જ રહેવા લાગ્યા. લખ્યું છે કે **તેઓ અકસર મઝાર શરીફ પર હાજર થઈને ઘણીવાર સુધી મુરાકિબ (ધ્યાનગ્રસ્થ) રહેતા,** એક દિવસે મુરાકેબહમાં તેમને હઝરત ખ્વાજા તરફથી ઈર્શાદ થયો કે :–

*"તમારી પૂર્ણતા દેવબંદના મદ્રસામાં હદીષ પઢાવવાથી થઈ જશે, માટે તમે ત્યાં જાવ અને તેની સાથે સાથે* ***ખ્વાજાનો કૌલ*** *પણ જાહેર થયો કે,* ***હવે તમારી ઉમરમાં દસ વરસ બાકી રહ્યાં છે,*** *તેમાં તમામ પ્રકારની પૂર્ણતા થઈ જશે."*

લખ્યું છે કે, ઉપરોક્ત બનાવને બીજે જ દિવસે તેઓ અજેમરથી પાછા ફર્યા અને પોતાના વતન નાનૌતા પહોંચ્યા. ત્યાંથી ગંગોહ આવ્યા. હઝરત ગંગોહી પોતાના નિત્યક્રમ પ્રમાણે ખાનકાહમાં હાજર હતા, તેમને કોઈએ ખબર આપી કે, મૌલાના મુહમ્મદ યાકૂબ સાહબ આવી રહ્યા છે. હઝરત ગંગોહી નામ સાંભળતાં જ ચારપાઈ પર ઉભા થઈ ગયા. ત્યાર પછી શું થયું તેનું વર્ણન કારી તૈયબની કલમથી સાંભળો :–

*"જ્યારે મૌલાના મુહમ્મદ યાકૂબ નજીક આવી ગયા તો કંઈપણ વાતચીત કર્યા વિના સલામ અલયક, પછી હુઝૂર ગંગોહીએ કહ્યું કે, અમારા પર કોઈ એહસાન નથી, અમારા પર કોઈ એહસાન નથી !* ***ખાદિમ પણ એ જ વાત કરતા હતા જે હઝરત ખ્વાજાએ કહી છે !*** *પરંતુ નાના માણસોની કોણ સાંભળે છે ? જ્યારે ઉપરથી એ જ કહેવામાં આવ્યું એ જ તો અમે પણ કહેતા હતા, ત્યારે તમે તેનો સ્વીકાર કર્યો !"* *(ખ્વાજા ગરીબ નવાઝ નંબર, પેજ : ૬)*

**પોતાના મઝહબી મિજાઝથી સદંતર વિરુદ્ધ હોવા છતાં આ બનાવ એટલા ખાતર લખ્યો છે કે, તેનાથી દેવબંદના મદ્રસાની શ્રેષ્ઠતા સાબિત થાય છે. નહીંતર ખ્વાજા ગરીબ નવાઝની રૂહાની સત્તા અને ગયબી તસર્રુફ પર ખાત્રી અને વિશ્વાસને સંબંધ છે ત્યાં સુધી એ શ્રીમાનો તેના**

**ખુલ્લા મુન્કિરો છે. બલ્કે તેના વિરુદ્ધ જેહાદ જગાડવી એ તેમના ધર્મમાં સૌથી પહેલી ફર્ઝ ગણાય છે !** જેની કેટલીક વિગતો અગાઉના પેજ પર જોઈ ચૂક્યા છીએ.

કારી તૈયબે ઉપરોક્ત બનાવ કયા પ્રકારની લાગણીઓ હેઠળ લખેલ છે તે તેઓ જાણે, અમે કારી તૈયબને થોડાક સવાલ પૂછીને દિલને સંતોષવા ઈચ્છીએ છીએ.

પ્રથમ એ કે **તમારા ધર્મની માન્યતા પ્રમાણે હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہને ગયબનો ઈલ્મ છે જ નહીં, તો પછી તેમને કેવી રીતે ખબર પડી કે, દેવબંદમાં એક મદ્રસો છે જ્યાં હદીષ પઢાવવામાં આવે છે અને મૌલ્વી મુહમ્મદ યાકૂબ ત્યાંથી હદીષનો દર્સ છોડીને અજમેર ખાતે આવ્યા છે ?** બીજી વાત એ કે, **તેમને કેવી રીતે ખબર પડી કે આવનાર વ્યક્તિ સુલૂકની મંઝિલની પૂર્ણતાને માટે આવી છે અને તેની પૂર્ણતા અહીં થશે નહીં, પણ મદ્રસએ દેવબંદમાં જ થશે ? ત્રીજી વાત તો તેનાથી વધુ આશ્ચર્યજનક છે કે, તમને તેની કેવી રીતે ખબર પડી કે, તેમની ઉમરના દસ વરસ જ બાકી રહી ગયાં છે અને આ મુદ્દતમાં પૂર્ણતા થઈ જશે ?!** અને ચોથી વાત તો તેનાથી પણ વધુ હેરતઅંગેઝ છે કે, **મુરાકેબહમાં જે વાત હુઝૂર ખ્વાજા ગરીબ નવાઝે મૌલ્વી યાકૂબ સાહબને કહી હતી તેની રશીદ અહમદ ગંગોહીને કેવી રીતે ખબર પડી ?!**

પરંતુ, **સહુથી મોટુ માતમ તો એ છે કે, આટઆટલા શિર્કો સાથે સુલેહ કરવા છતાં એ શ્રીમાનો તૌહીદના એકલા ઈજારાદારો છે ! અને આપણને મુશ્રિક કબ્રપરસ્ત અને બિદઅતીના વિશેષણોથી નવાજતા રહે છે, પરંતુ આસ્તીનોથી ખૂન ટપકે છે તેને જોયા પછી ખૂનને છુપાવવાનું ખૂબ જ મુશ્કેલ બની જાય છે !**

**શું ખયાલ છે આ દેવબંદી મોલ્વીઓ બાબતે મૌલાના ઈસ્માઈલ મનુબરી તથા હસન ભડકોદ્રવી (દારુલ ઉલૂમ અરબિયા–ભરૂચ, કંથારીયા, જિ. ભરૂચ)નો કે જેઓ શિર્કનો મારો સતત ચલાવતા રહે છે કે આ બધા તમારા દેવબંદી પેશવાઓ ઈલ્મે ગયબ અલ્લાહ સિવાય બીજાના માટે માનીને તથા કોણ ક્યારે મરશે એ ગયબને પણ જાહેર કરીને મુશ્રિક થયા કે નહીં ?! ઈન્સાફથી જવાબ આપો ! તમારા આ ધર્મપુસ્તક તકવિયતુલ ઈમાનનો ફત્વો લગાડો એના પર !**

## મુફ્તી કુદરતુલ્લાહ રઝવી ચલ બસે !

દારુલ ઉલૂમ અહલે સુન્નત તન્વીરુલ ઈસ્લામ–અભરડોભા જિ. સંતકબીર નગરના શૈખુલ હદીષ હુજ્જતુલ ઈલ્મ **હઝરત અલ્લામા મુફ્તી કુદરતુલ્લાહ સાહબ રઝવી** તા. ૩–૧૨–૨૦૧૨, ૯–મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૩૪ સોમવારે ૧.૪૫ના સમયે પોતાના માલિકે હકીકીને જઈને મળ્યા. اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ આપ ૧૫–૭–૧૯૪૭માં તા. બાંસની જિ. બસ્તીના પરસા ગામે એક દીનદાર તથા માલદાર ઘરાનામાં પેદા થયા. પ્રાથમિક તા'લીમ મુફતીએ જાવરા હઝરત મુફ્તી મુહમ્મદ તૈયબ દાનાપુરીથી હાંસલ કરી. તદરીસે ઈસ્લામ બસડેલામાં પણ થોડાક દિવસ ઈલ્મ હાંસલ કર્યો ત્યારબાદ દારુલ ઉલૂમ ફયઝૂર્રસૂલ બ્રાઉન શરીફમાં દાખલો લીધો. ત્યાંથી જ હિ.સ. ૧૩૮૪માં દસ્તારબંદી થઈ. પછી આપ આ'લા તા'લીમો તર્બિયતના માટે મર્કઝે અહલે સુન્નત જામિઆ રઝવિય્યહ મન્ઝરે ઈસ્લામ બરેલી શરીફમાં હઝરત મુફ્તી અફઝલહુસૈન સાહબની બારગાહમાં તશરીફ લાવ્યા. આપ સરકાર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના દસ્તે હક્ક પરસ્ત પર બયઅત થયા. તાજુશ્શરીઅહથી આપને ખિલાફત હાંસલ હતી. બેહતરીન મુદર્રિસ, અનુભવી મુફ્તી અને ઉમદા ખતીબ હતા. બે વરસ પહેલાં આપ સુન્ની દા'વતે ઈસ્લામીના વાર્ષિક ઈજતેમામાં મુંબઈ હાજરી આપી ચૂક્યા છે. અસરની નમાઝ બાદ આપના સ્થાપિત કરેલા ઈદારા મદ્રસા અરબિયા મદીનતુલ ઉલૂમમાં હજારો લોકોની મૌજૂદગીમાં આપને દફન કરવામાં આવ્યા. હઝરત رحمۃ اللہ علیہના ઈસાલે સવાબ અર્થે "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"માં કુર્આનખ્વાની કરી ઈસાલે સવાબ કરવામાં આવ્યો. રબ્બે કરીમ આપની કબ્ર પર રહમતોની વર્ષા કરે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (આમોદ)*

# અવલિયા અલ્લાહની કરામતો

અઝ : અબુલ ક઼ાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી رحمۃ اللہ علیہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

### ★ ઈબ્રાહીમ બિન અદ્હમની કરામત ★

અમને ઈબ્રાહીમ બિન અહમદ તબરીએ કહ્યું કે અહમદ બિન યૂસુફે તેમને કહ્યું કે અહમદ બિન ઈબ્રાહીમ બિન યહયાએ તેમને વર્ણવ્યું કે મારા પિતાએ મને કહ્યું કે ઈબ્રાહીમ યમાની رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે અમે હઝરત ઈબ્રાહીમ બિન અહમદ رحمۃ اللہ علیہની સાથે સમંદરના કિનારે ચાલતા નીકળ્યા અને એક જંગલમાં પહોંચ્યા જ્યાં ઘણી બધી સૂકી લાકડીઓ પડી હતી અને એની નજીક એક કિલ્લો હતો. અમે ઈબ્રાહીમ બિન અદહમને કહ્યું, જો આજે રાત્રે અહીં જ રોકાઈ જઈએ તો આ લાકડીઓ સળગાવી લઈશું. તેમણે કહ્યું, બેહતર છે એવું જ કરી લો. અમે કિલ્લાથી આગ લઈને લાકડીઓ સળગાવી. અમારી સાથે રોટીઓ હતી તેને કાઢીને અમે ખાવાનું શરૂ કર્યું. અમારામાંથી એક જણે કહ્યું કે કેટલા સારા અંગારા છે ! જો અત્યારે ગોશત હોત તો તેના પર શેકી લેત. ઈબ્રાહીમ બિન અદહમે કહ્યું, અલ્લાહ તઆલા એ વાત પર કાદિર (શક્તિમાન) છે કે તમને શેકેલો ગોશત ખવડાવે. હજી એ વાતો કરી જ રહ્યા હતા કે એવામાં એક સિંહ સાબરને ભગાડતો ભગાડતો આવ્યો. જ્યારે અમારી નજીક પહોંચી ગયો તો સાબર ગબડી પડયું અને તેની ગરદન તૂટી ગઈ. ઈબ્રાહીમ બિન અદ્હમ ઉઠયા અને કહ્યું, એને ઝબહ કરી લો અને એનો ગોશત શેકો. અને સિંહ ઉભો રહીને જોતો રહ્યો.

### ★ ઈબ્રાહીમ ખવાસની કરામત ★

મેં મુહમ્મદ બિન હુસૈનથી સાંભળ્યું કે અબુલ કાસિમ અબ્દુલ્લાહ બિન અલી શજરી ફર્માવે છે કે હામિદ અસ્વદ ફર્માવતા હતા. હું ઈબ્રાહીમ ખવાસ رحمۃ اللہ علیہની સાથે જંગલમાં સાત દિવસ સુધી એક જ હાલતમાં રહ્યો. (ખાધા પીધા વિના) સાતમા દિવસે હું કમજોર થઈને બેસી ગયો. ઈબ્રાહીમ ખવાસ رحمۃ اللہ علیہએ મારા તરફ જોઈને કહ્યું કે શું વાત છે ? મેં અર્ઝ કરી કે કમજોર થઈ ગયો છું ! ફર્માવ્યું, કઈ ચીજની હાજત છે ? પાણીની કે ખાવાની ? મેં કહ્યું, પાણીની. તો ફર્માવ્યું, પાણી તમારી પાછળ છે ! મેં પાછળ ફરીને જોયું તો એક પાણીનું ઝરણુ તાજા દૂધની જેમ વહી રહ્યું છે. મેં પાણી પીધું અને વુઝૂ કર્યું અને ઈબ્રાહીમ જોતા રહ્યા અને એની નજીક પણ ન આવ્યા. જ્યારે હું ઉઠવા લાગ્યો તો ચાહ્યું કે થોડુક પાણી સાથે લઈ લઉં પણ તેમણે મને રોકી આપ્યો અને ફર્માવ્યું, આ એવું પાણી નથી જેને આપણે સાથે લઈને સફરમાં વાપરી શકીએ.

### ★ હઝરત ખવાસની બીજી કરામત ★

મેં મુહમ્મદ બિન અબ્દુલ્લાહ શીરાઝીથી સાંભળ્યું કે મુહમ્મદ બિન ફારસીએ તેમને કહ્યું કે અબુલ હસન ખૈરુન્નસાજ ફર્માવે છે કે મેં ખવાસને સાંભળ્યા. ફર્માવતા હતા કે એક વાર સફરમાં મને એટલા પ્રમાણમાં તરસ લાગી કે હું તરસનો માર્યો ગબડી પડયો. શું જોઉં છું કે મારા ચહેરા પર પાણીના છાંટા પડી રહ્યા હતા. આંખ ખોલી તો જોયું કે ખૂબસૂરત ઈન્સાન સફેદ ઘોડા પર સવાર છે, તેણે મને પાણી પીવડાવ્યું અને મને પોતાના ઘોડા પર સવાર થવાનું કહ્યું. એ સમયે હું હિજાઝમાં હતો. થોડીવાર પછી કહેવા લાગ્યો, શું દેખાય છે ? મેં કહ્યું, મદીના ! તેણે કહ્યું, હવે ઉતરી જાવ અને રસૂલુલ્લાહ ﷺને મારા સલામ કહેજો અને કહેજો કે આપના ભાઈ ખિઝર (علیہ السلام) સલામ અર્ઝ કરે છે.

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી છે

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

### ગ્રહણની નમાઝ

સૂરજ ગ્રહણની નમાઝ **સુન્નતે મોઅક્કદા** છે અને ચંદ્રગ્રહણની નમાઝ **મુસ્તહબ** છે, સૂરજ ગ્રહણની નમાઝ જમાઅતથી પઢવી **મુસ્તહબ** છે, તેમજ એકલા એકલા પણ થઈ શકે છે. જો જમાઅતથી પઢવામાં આવે તો ખુત્બા સિવાય જુમ્આ માટેની બધી જ શરતો એને માટે લાગુ પડે છે, તે જ માણસ એની જમાઅત કરી શકે છે જે જુમ્આની કરી શકે છે, તેવો માણસ ન હોય તો મસ્જિદમાં કે ઘરમાં એકલા એકલા (જમાઅતથી નહીં) પઢવી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : સૂર્યગ્રહણની નમાઝ તે વખતે પઢવી જ્યારે કે સૂર્યમાં ગ્રહણ લાગ્યું હોય, ગ્રહણ છૂટી જવા પછી નહીં. ગ્રહણ છૂટવાનું શરૂ થઈ ગયું, પરંતું હજુ બાકી હોય તો શરૂ કરી શકાય છે. અને ગ્રહણની હાલતમાં એના ઉપર વાદળી છવાય જાય તો પણ નમાઝ પઢવી. *(જૌહરા, નય્યરહ)*

**મસ્અલો** : એવા સમયે ગ્રહણ થયું કે તે સમયે નમાઝ પઢવી મના છે, તો નમાઝ ન પઢવી બલ્કે દુઆમાં મશગૂલ રહેવું. અને એ જ હાલતમાં સૂર્ય આથમી ગયો તો દુઆ પૂરી કરી દઈ મગરિબની નમાઝ પઢવી. *(જૌહરા, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : ગ્રહણની નમાઝ નફલની જેમ બે રકાત પઢવી અર્થાત દરેક રકાતમાં એક રુકૂઅ અને બે સિજદા કરવા જેમ કે બીજી નમાઝોમાં કરવામાં આવે છે.

**મસ્અલો** : ગ્રહણની નમાઝમાં ન તો અઝાન છે ન ઈકામત (તકબીર) ન તો જોરથી કિરાઅત છે. નમાઝ પૂરી કરી દુઆ કરવી ત્યાં સુધી કે સૂર્ય ગ્રહણમાંથી છૂટો થઈ જાય. તેમજ બે રકાતથી વધુ પણ પઢી શકાય છે, પછી ભલે બે બે રકાતે સલામ ફેરવે. અથવા એકી સાથે ચાર રકાતે સલામ ફેરવે. *(રદ્દુલ મુહતાર, દુર્રે મુખ્તાર, ફત્હુલ કદીર)*

**મસ્અલો** : જો લોકો ભેગા ન થઈ શક્યા તો આ શબ્દોથી લોકોને બૂમો પાડે. "અસ્સલાતુલ જામિઅહ" *(દુર્રે મુખ્તાર, ફત્હુલ કદીર)*

**મસ્અલો** : જુમ્આ મસ્જિદ કે ઈદગાહમાં એની જમાઅત કરવી અફઝલ છે જો બીજી કોઈ જગ્યાએ કરવામાં આવશે તો પણ વાંધો નથી. *(આલમગીરી)*

**મસ્અલો** : યાદ હોય તો સૂરએ બકરહ અને આલે ઈમરાનની સૂરતો જેમ મોટી સૂરતો પઢવી અને રુકૂઅ સિજદામાં પણ વધુ સમય રહેવું અને નમાઝ પછી દુઆ લંબાવવી ત્યાં સુધી કે ગ્રહણ પૂરું થઈ જાય અને સૂર્ય બરાબર સાફ થઈ જાય અને નમાઝમાં થોડીવાર લગાડવી તેમજ દુઆ લંબાવવી એ પણ જાઈઝ છે. ઈમામ સાહબ માટે બંને રીતે જાઈઝ છે. તે દુઆ વખતે કિબ્લા તરફ મોં કરે અથવા તો મુક્તદીઓ તરફ મોં રાખી ઉભા રહે અને એ વધુ સારું છે.

દુઆ વખતે બધા મુક્તદીઓ આમીન કહે ઈમામ દુઆ વખતે કમાન કે અસા (લાકડી) ઉપર ટેક લગાવી ઉભા રહે તો એ પણ સારું છે. દુઆ માટે મિમ્બર ઉપર ન જાય. *(દુર્રે મુખ્તાર, ફત્હુલ કદીર, બહાર)*

**મસ્અલો** : સૂર્યગ્રહણ અને જનાઝા બંને એકી સાથે આવી જાય તો પ્રથમ જનાઝાની નમાઝ પઢવી. *(જૌહરા અને બહાર)*

**મસ્અલો** : ચંદ્રગ્રહણની નમાઝમાં જમાઅત નથી. ઈમામ હાજર હોય કે ન હોય પરંતું એકલા એકલા પઢવી. (દુર્રે મુખ્તાર, હિદાયા, આલમગીરી, ફત્હુલ કદીર) ઈમામ સિવાય (સામાન્ય માણસો બે ચાર વ્યક્તિઓ મોટી સંખ્યામાં નહીં) બે ત્રણ માણસો મળી જમાઅત કરી શકે છે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : સખત તોફાન વાવાઝોડુ હોય અથવા દિવસે ખૂબ અંધારું છવાઈ જાય, રાત્રે ખૌફનાક રોશની (વીજળી) હોય, સતત મૂશળધાર વરસાદ હોય, કરા પડે, આકાશ લાલ થઈ જાય, વીજળીઓ પડે, ઘણા તારાઓ ખરે, પ્લેગ વગેરે આફત ફેલાય, ધરતીકંપ થાય, દુશ્મનની બીક હોય, અથવા બીજી કોઈ ડરામણી બાબત દેખાય આ બધાંને માટે બે રકઅત નમાઝ મુસ્તહબ છે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર વગેરે)*

કાર્યાલય

**ફતવા વિભાગ**

# બદઅક઼ીદાની ફાતિહાખ્વાનીમાં જવું કેવું ?

શું ફર્માવે છે દીનના ઉલમા આ મસ્અલામાં કે : ઝયદે એક મશહૂર વહાબીના મૃત્યુ પર થનારી કુર્આનખ્વાનીમાં હાજરી આપી અને તિલાવત બાદ દુઆ પણ કરી. મરનાર કટ્ટર વહાબી દેવબંદી હતો એનો ઝયદને પણ ઈકરાર છે. પૂછવા પર તેણે કહ્યું કે, મેં એને ન બખ્શયું છે ન ફાતિહામાં એનું નામ લઈને દુઆ કરી છે, ન એના માટે મગફેરતની દુઆની નિય્યત કરી છે. પણ તે મેહફિલ ખાસ તે વહાબીના ઈસાલે સવાબના માટે જ હતી. હવે સવાલ એ છે કે : (૧) ખાસ વહાબી દેવબંદીના માટેની મગફેરતની દુઆ માટેની મેહફિલમાં જવું કેવુ ? (૨) ત્યાં જઈને કુર્આન પઢવું પછી ફાતિહા પઢીને જાહેરી તૌર દુઆ કરવી તથા કરાવવી કેવી ? (૩) પછી કહેવું કે મેં એના માટે દુઆ નથી કરી, આ બહાનુ કરવું કેવું ? (૪) ઝયદ મોલ્વી તથા મુદર્રિસ અને તેણે ખૂદ "અલ્ ફાતિહા" કરીને ત્યાં દુઆ કરી અને કરાવી જેથી પબ્લિકમાં તો એ જ મશહૂર થશે તથા થયું કે વહાબીની ફાતિહાખ્વાની કરવી અને મગફેરતની દુઆ કરવી જાઈઝ છે. તો આ અમલથી પબ્લિકને ગુમરાહીમાં નાખવું થયું કે નહીં ? (૫) હવે ઝયદ એલાનિયા તૌબા કરવા તૈયાર નથી તો તેના માટે શરીઅતની રૂએ શો હુકમ છે ? મહેરબાનીથી ખુલાસાવાર જવાબ અર્પણ કરશો, નહીં તો પબ્લિકમાં સુલેહ કુલ્લિયત અધિક ફેલાશે.

***પ્રશ્નકર્તા** : ઈસ્માઈલ અમજદી–રોઝા ટંકારીઆ, ભરૂચ*

### ★ દારુલ ઈફ્તા અશ્રફિયા–મુબારકપુરનો જવાબ ★

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

જે મેહફિલ કોઈ વહાબી દેવબંદીની કુર્આનખ્વાનીના માટે રાખેલી હોય એમાં શરીક થવું હરામ તથા ગુનોહ છે કે એક તો એ કે એ વહાબી દેવબંદીથી દિલી સંબંધનું પ્રદર્શન છે. બીજુ ત્યાં તેના હમમઝહબો (વહાબીઓ) સાથે ભેળસેળ જાહેર છે (જે હરામ છે.) ત્રીજુ એનાથી અહલે સુન્નતની અવામમાં શરીઅતના હુકમની વિરૂદ્ધ પયગામ જશે કે એમની સાથે સંબંધ તથા તેમના માટે કુર્આન ખ્વાની તથા ઈસાલે સવાબ જાઈઝ છે, જે અનેક લોકોની ગુમરાહીનો સબબ થશે. એટલા માટે આ સ્થિતિમાં ઝયદ પર લાઝિમ છે કે **ત્યાંના મુસલમાનોના આમ મજમામાં એવું એલાન કરે કે** દેવબંદી વહાબીની કુર્આનખ્વાનીમાં શરીક થવું અને તેની ઈસાલે સવાબની મેહફિલમાં દુઆ કરવી જેનાથી મુસલમાનોમાં ગલતફહમી ફેલાય એ હરામ તથા ગુનોહ છે, **હું એનાથી બેઝારીનો જાહેર કરું છું** અને તૌબા કરું છું અને વાયદો કરું છું કે હવેથી એવી ગલતીમાં પડીશ નહીં. જો તે એવું કરીને પરિસ્થિતિ સુધારી લે તો ઠીક, નહીં તો **તેનો બોયકોટ કરી દે**. તેને પોતાના મદ્રસા તથા મસ્જિદમાં જગા ન આપે, બલ્કે શંકા હોય તો કોઈ જિમ્મેદાર આલિમ થકી તેના અક઼ીદાની તપાસ પણ કરાવે. વલ્લાહુ તઆલા અઅલમ.

**લખનાર** : *મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી (ખાદિમે ઈફ્તા : દારુલ ઉલૂમ અશ્રફિયા–મુબારકપુર બમુક઼ામ : જામિયા ગૌષિયા નજમુલ ઉલૂમ–મુંબઈ ૨૯–મુહર્રમુલહરામ–૧૪૩૪)*

### ★ દારુલ ઈફ્તા દારુલ ઉલૂમ શાહે આલમ–અમદાવાદનો જવાબ ★

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

વહાબી દેવબંદી શાને રિસાલતમાં ગુસ્તાખી તથા જરૂરિયાતે દીનના ઈન્કારના કારણે કાફિર તથા મુર્તદ છે. **તેમના માટે મગફેરતની દુઆ તથા ફાતિહાખ્વાની તદન કુફ્ર છે અને એવી મજલિસમાં**

**હાજરી આપવી હરામ છે.** જેથી ઝયદ મઝકૂર જો પોતાના કહેવામાં સાચો છે તો પણ હરામ કાર્યમાં પડવાના કારણે એના પર **એલાનિયા તૌબા તથા ઈસ્તિગફાર લાઝિમ છે.** જો એલાનિયા તૌબા તથા ઈસ્તિગફાર ન કરે તો **તેનો બોયકોટ લાઝિમ** છે. જ્યાં સુધી તૌબા ન કરે ત્યાં સુધી તે ન ઈમામતના લાયક ન ગવાહીના પાત્ર ન વઅઝ તથા નસીહતના કાબેલ છે.

ફતાવા રઝવિય્યહમાં છે : વહાબી, દેવબંદી તથા નેચરી, સારાંશ કે જે પણ જરૂરિયાતે દીનમાંથી કોઈ ચીજના મુન્કિર હોય તે સર્વ મુર્તદ કાફિર છે, તેમની સાથે ખાવું, પીવું, સલામ અલૈક કરવું, તેમના મૃત્યુ તથા જીવનમાં કોઈ પ્રકારનો ઈસ્લામી (મુસલમાન જેવો) વર્તાવ કરવો સર્વ હરામ છે. (૬/૯૫) એમાં જ છે, "જો આ બાબતો ખરેખર છે તો એવા જલસામાં હાજરી હરામ છે અને જે એમાં શરીક થાય તે ટીકાને પાત્ર તથા ઈમામતને માટે અપાત્ર છે. અને કાફિરના માટે મગફેરતની દુઆ તથા ફાતિહાખ્વાનીને સ્પષ્ટ કુફ્ર તથા કુર્આનને જૂઠલાવવું છે. આલમગીરી વગેરેમાં આવું જ છે. *(ભાગ–૯, નિસ્ફ આખિર, પેજ–૨૭૦)* **લખનાર :** *(મુફ્તી) મુહમ્મદ મોહસિન મિસ્બાહી, ખાદિમુલ ઈફતા : દારુલ ઉલૂમ શાહે આલમ–અહમદાબાદ, ૩–સફરુલ મુઝફ્ફર હિ. ૧૩૩૪)*

## ★ દારુલ ઈફતા દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફા–ધ્રોલનો જવાબ ★

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

(વિસ્તારપૂર્વક વહાબી દેવબંદી ફિર્કા વિશે કુર્આન હદીષથી દલીલો દર્શાવી તેમનાથી દૂરી ઈખ્તિયાર કરવા વિશે ફતાવા રઝવિય્યહ વગેરે થકી વર્ણન કર્યા બાદ હુકમ આપ્યો કે) ઝયદ સખત હરામમાં સપડાનાર અને જહન્નમના અઝાબનો હક્કદાર છે. એના પર લાઝિમ છે કે **એલાનિયા તૌબા તથા ઈસ્તિગફાર કરે.** હીલા બહાનાંથી કામ ન ચલાવે. આખેરતની ચિંતા કરે, નહીં તો તે સખત ગુનેહગાર, જહન્નમના અઝાબને તથા જબ્બારો કહહારના ગઝબને પાત્ર ઠરશે. જો ઝયદે તૌબા વ ઈસ્તિગફાર કરી લીધું તો ઠીક નહીં તો **ત્યાંના સુન્ની સહીહુલ અકીદા મુસલમાન એની સાથે સંબંધ કટ કરે.** રબ તઆલાનો ઈર્શાદ છે : (તર્જુમો) : "અને જો ક્યાંક તમને શયતાન ભૂલાવી દે તો યાદ આવવા પર જાલિમો પાસે ન બેસ." વલ્લાહુ તઆલા અઅલમ. **લખનાર :** *(મુફ્તી) મુહમ્મદ શબ્બીર આલમ મિસ્બાહી (ખાદિમે ઈફતા : દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફા રઝા–ધ્રોલ, જામનગર, ૨૬–મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૩૪)*

## જશ્ને શહીદે આ'ઝમ વ મુફતીએ આ'ઝમ તથા દસ્તારબંદી

**જુનાગઢ :** હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફારઝાખાં رحمة الله عليه ના ખલીફા અમીરે અહલે સુન્નત હઝરત અલ્લામા પીર નૂર મુહમ્મદ મારફાની رحمة الله عليه સ્થાપિત ખાનકાહે રઝવિય્યહ થકી જશ્ને ઈમામે હુસૈન رحمة الله عليه તથા જશ્ને મુફતીએ આ'ઝમ رحمة الله عليه મનાવાયો જેમાં તા. ૨૮–૧૧–૨૦૧૨ના રાત્રે ઈશાની નમાઝ બાદ દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફા–જુનાગઢમાંથી ફારિગ થનાર બે હાફિઝ તથા બાર કારીઓની દસ્તારબંદી ધોરાજીવાળા મેમણ જમાતખાના કંપાઉન્ડમાં કરવામાં આવી. જલ્સામાં મહેમાન અજમેર શરીફથી દરબારે ખ્વાજાના ગાદીનશીન હઝરત સૈયદ હસન ચિશ્તી, વક્તા તરીકે હઝરત અલ્લામા રૂહુલ અમીન સાહબ–જબલપુર, હઝરત અલ્લામા સૈયદ આબિદહુસૈન, અલ્લામા કૌષર રબ્બાની (યુ.પી.), મુફતી હસીબુર્રહમાન–જુનાગઢ, હઝરત સૈયદ અબ્દુલઅઝીઝ મિયાંની શાનદાર તકરીરો થઈ. નઅતો કારી શાહિદ રઝા બનારસી, સૈયદ વઝીરઅલી બાપુએ પેશ કરી. ઉપરાંત મુફતી મુનવ્વર રઝા, મૌલાના ગુલામ મુહમ્મદ–ધોરાજી, મૌલાના સિકંદર બાપુ–રાજકોટ, મૌલાના અબ્દુર્રહમાન નક્શબંદી–જુનાગઢ વગેરે આલિમો ઉપસ્થિત રહ્યા. રાત્રે ૧.૪૦ વાગ્યે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمة الله عليه ના કુલ શરીફ થયા હતા. સલામ બાદ ન્યાઝ જમાડવામાં આવી

# ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ ની કરામતોની ઝલક !


**કાર્યાલય**

હઝરત શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ની કિતાબ "ઝુબ્દતુલ આષાર"માં હુઝૂર ગૌષે આ'ઝમ શયખ અબ્દુલકાદિર જીલાની رحمۃ اللہ علیہ ના કમાલાત તથા કરામતોનું ઈમાન અફરોઝ વર્ણન છે તેમાંથી એક બે કરામતો ઈમાનવાળાઓમાં તાજગી વધારવા રજૂ કરીએ છીએ.

*નિગાહે વલીમેં વો તાષીર દેખી*
*બદલતી હઝારોં કી તક઼દીર દેખી*

### ★ જાગૃતાવસ્થાનો બનાવ ખ્વાબમાં ફેરવ્યો ! ★

મશાઈખે તરીક઼તે શયખ અબૂ સઊદ અહમદ બિન અબૂબક્ર હરીમી બગદાદીની ઝબાની આ બનાવ વર્ણવ્યો કે અબૂ મુઝફ્ફર હસન બિન તમીમ નામી વેપારી શયખ હમ્માદ વબાસ رحمۃ اللہ علیہ ની પાસે હાજર થયા અને કહેવા લાગ્યા, યા સૈયદી ! હું વેપારના માટે સફર કરવા ચાહું છું. શયખે કહ્યું, જો તમે આ વરસે સફર કરી તો ક઼ત્લ કરી દેવામાં આવશો અને તમારો માલ સામાન લૂટી લેવામાં આવશે. અબુલ મુઝફ્ફર ઘણા જ ઉદાસ મને મજલિસથી બહાર આવી ગયો અને હઝરત શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہ જેઓ યુવાન હતા તેમની ખિદમતમાં હાજર થયો અને પોતાનો પરો બનાવ વર્ણવ્યો. હઝરતે ફર્માવ્યું, તમે સફર કરો સહી સલામત પરત આવશો અને હું એ વાતનો જામિન છું ! અબુલ મુઝફફર વેપારની સફરે નીકળ્યો અને પોતાનો માલસામાન એક હજાર દીનારમાં વેચી કાઢયો. તો એક હમ્મામ (સ્નાનગૃહ)માં ગયો અને તેના તાખલામાં એક હજાર દીનારની થેલી મૂકી દીધી અને તેને લેવાનું ભૂલી ગયો અને એ મકાનમાં આવી ગયો જ્યાં એનું રોકાણ હતું અને ગાઢ નિદ્રામાં સૂઈ ગયો. તેણે ખ્વાબમાં જોયું કે તે એક કાફલાની સાથે સફર કરી રહ્યો છે અને રસ્તામાં અરબ લૂટારાઓએ એ કાફલા પર હુમલો કરી આપ્યો અને કાફલાના સર્વ લોકોને મૌતને ઘાટ ઉતારી આપ્યા. એક લૂટારાએ એની ગરદન પણ ઉડાડી દીધી. તે આ ભયાનક ખ્વાબથી જાગી ગયો અને ધ્રુજવા લાગ્યો. તેને એ લોહીની અસર પોતાની ગરદન પર મહેસૂસ થઈ રહી હતી અને તે સખત ઘાનું દર્દ મહેસૂસ થઈ રહ્યું હતું. તેને પોતાના રૂપિયા યાદ આવ્યા જેથી ઉઠીને સ્નાનગૃહમાં દોડતો દોડતો ગયો, તેના હજાર દીનાર ત્યાં જ પડયા હતા. બગદાદમાં પરત આવીને તેણે ફેંસલો કર્યો કે બંનેવ બુઝુર્ગોને મળે. હઝરત વબાસ વૃદ્ધ હતા, જેમની વાત સાચી પડી છે તે શયખ અબ્દુલક઼ાદિર હતા પણ તે હઝરત હમ્માદ વબાસની પાસે ગયો. તેમણે જોતાં જ ફર્માવ્યું, શયખ અબ્દુલ ક઼ાદિરની પાસે જાવ, કેમ કે તે અલ્લાહના મહબૂબ છે. તેમણે તમારા છૂટકારા તથા ફાયદાના માટે અલ્લાહ તબારક વ તઆલાથી સિત્તેરવાર સિફારિશ કરી હતી, જો કે તમારી તક઼દીરમાં સરમાયાનું નુકસાન અને ક઼ત્લ થવું લખ્યું હતું. અલ્લાહ તબારક વ તઆલાએ આપની તક઼દીરને બદલી નાખી અને કેવળ ખ્વાબમાં તેનો મન્ઝર બતાવીને ક઼ત્લથી બચાવી લીધા અને માલના નુકસાનને પણ ભૂલી જવાથી બચાવી લીધું.



પછી તે શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہ ની પાસે આવ્યો. આપે પૂછયું કે શયખ હમ્માદે તમને મારા સિત્તેરવાર સિફારિશ કરવાનો બનાવ વર્ણવી આપ્યો ? અબુલ મુઝફફરે કહ્યું, હા ! આપે ફર્માવ્યું, ખુદાની ક઼સમ ! મેં તમારા છૂટકારા

માટે મારા રબથી સતત સિત્તેરવાર ઈલ્તિજા કરી, પછી અલ્લાહ તઆલાએ પોતાની એ તક્દીરને બદલી નાખી, જાગૃતાવસ્થાની ચીજને ખ્વાબમાં બદલી કાઢી. يمحو الله ما يشاء و يثبت અલ્લાહ જે ચીજને ચાહે ખત્મ કરી દે જેને ચાહે સાબિત (ઉપસ્થિત) કરે છે. عنده امّ الكتاب એની સામે લોહે મહફૂઝ છે.''

## ★ આંધળો તથા લકવાગ્રસ્ત સાજો થઈ ગયો ! ★

શયખે કુદવહ્ અબુલ હસન કર્શીએ રિવાયત કરી છે કે હિ.સ. ૫૪૭માં શયખ અલી બિન હીતી رحمة الله عليه અને હું હઝરત શયખ અબ્દુલકાદિર જીલાની رحمة الله عليهની ખિદમતમાં બેઠા હતા. એક વેપારી અબૂ ગાલિબ ફયઝુલ્લાહ બિન ઈસ્માઈલ બગદાદી આપની ખિદમતમાં આવ્યો અને કહેવા લાગ્યો, હઝરત ! આપના નાના જનાબ રિસાલત મઆબ صلى الله عليه وسلمએ ફર્માવ્યું છે કે જ્યારે કોઈ શખ્સ દા'વત આપે તો તેને રદ ન કરવી જોઈએ. તો હું પણ આપને મારા ગરીબખાના પર દા'વત આપુ છું. આપે ફર્માવ્યું, જો મને ઈજાઝત મળી તો હું આવીશ. જેથી આપ મુરાકબામાં ગયા અને મોડે સુધી મુરાકબામાં રહ્યા બાદ કહેવા લાગ્યા, હું જરૂર આવીશ. આપ આપના ઘોડા પર સવાર થયા, શયખ અલીએ પેંગડુ પકડ્યું, હું ડાબા પેંગડાને પકડીને ચાલતો હતો. અમે તે વેપારીને ઘરે પહોંચ્યા. તેના ઘરે બગદાદના મોટા મોટા શયખો પણ આવ્યા હતા. ઉલમાએ કિરામ અને રાજ્યના અમલદારો પણ મૌજૂદ હતા. આપની સમક્ષ દસ્તરખ્વાન બિછાવવામાં આવ્યું જેના પર ભાત ભાતનાં ભોજનો ગોઠવવામાં આવ્યાં હતાં. એક ઘણુ મોટુ વાસણ દસ્તરખાનના એક ખૂણામાં ઢાંકેલ અવસ્થામાં રાખેલું હતું. અબૂ ગાલિબ (મેઝબાન)એ કહ્યું, ઈજાઝત છે ! હઝરત માથુ નમાવીને બેઠેલા રહ્યા, ન પોતે ખાધુ ન મજલિસવાળાઓને ઈજાઝત આપી. તમામ મજલિસવાળાઓ ચુપચાપ બેઠેલા રહ્યા, એવું જણાતુ હતું કે એમનાં માથા પર પક્ષીઓ બેઠેલાં છે. આપે મારા તરફ ઈશારો કર્યો અને અલી હીતીને પણ કહ્યું કે અમે બંનેવ જઈને એ મોટુ વાસણ ઉઠાવી લાવીએ. જો કે એ વાસણ ઘણુ વજનદાર હતું પરંતુ અમે ઉઠાવી લાવ્યા અને શયખની સામે રાખીને તેને ઉઘાડુ કર્યું. તે વાસણમાં અબૂ ગાલિબ (મેઝબાન)નો પુત્ર હતો જે જન્મજાત આંધળો હતો અને લક્વાગ્રસ્ત જેમ લાચાર હતો. હઝરત શયખે તેને કહ્યું, અલ્લાહના હુકમથી ઉઠ ! તે છોકરો આંખો વડે એવી રીતે જોવા લાગ્યો જેમ કે તે દેખતો હોય અને તેનામાં કોઈ બીમારી હતી જ નહીં ! હાજરજનોમાં એક વજ્દ આફરીન શોર મચી ગયો. આપ એ જ શોરમાં બહાર ચાલ્યા આવ્યા અને કાંઈ ખાધુ નહીં. હું અબૂ સઈદ કૈલવીની પાસે આવ્યો અને તેમને આ બનાવ કહી સંભળાવ્યો તો સાંભળીને ફર્માવ્યું, શયખ અબ્દુલ કાદિર رحمة الله عليه અલ્લાહના હુકમથી આંધળાઓને દેખતા, કોઢીઓને સાજા અને મુડદાંઓને જીવતાં કરી શકે છે.

## ★ હાડકાંમાંથી મરઘો જીવંત થઈ ગયો ! ★

એકવાર એક સ્ત્રી હઝરત મુહયુદ્દીન અબ્દુલકાદિર જીલાની رحمة الله عليهની ખિદમતમાં હાજર થઈ અને તેની સાથે તેનો પુત્ર હતો. તે કહેવા લાગી, યા હઝરત ! આ બાળકને આપની સાથે ઘણો લગાવ છે, હું મારા હક્કો છોડીને એને આપની તર્બિયતમાં આપુ છું. આપે એ બાળકને સ્વીકારીને તેને મુજાહિદા તથા રિયાઝત તથા સલફના તરીકા પર તર્બિયત આપવાનું શરૂ કર્યું. થોડાક સમય બાદ તેની મા તેને મળવા આવી અને તેણે જોયું કે ગૌષ પાક એક શેકેલી મરઘી ખાય રહ્યા છે જ્યારે તેણીનો પુત્ર ખૂબ જ કમજોર દૂબળો એક ખૂણામાં બેસીને જવની રોટી ખાય રહ્યો છે. તેણીએ કહ્યું, હઝરત ! તમે તો મરઘી ખાય રહ્યા છો અને મારો છોકરો જવની રોટી પર ગુજારો કરે છે ! આપે આ સાંભળતાં મરઘીના હાડકાં પર હાથ ફેરવ્યો તો તે જીવંત થઈ ગયો અને બાંગ આપવા લાગ્યો. પછી આપે ફર્માવ્યું, જ્યારે તમારો પુત્ર આવો થઈ જશે ત્યારે જે ચાહશે ખાતો રહેશ. *(ગૌષુલવરા : ઝુબ્દતુલ આષાર, તલ્ખીસે બેહજતુલ અસ્રાર, અઝ : શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه)*

# ૧૬ ઈર્શાદાતે આલિયા

**અઝ :** હુઝૂર અહસનુલ ઉલ્મા મુર્શિદે આ'ઝમે હિંદ અલ્લામા વ મૌલાના **સૈયદ શાહ મુસ્તફા હૈદર હસનમિયાં** (رحمۃ اللہ علیہ)

:: પેશકર્દા :

**અલી મુહમ્મદ અહમદ બાબી–પોરબંદર**

**૦૧.** મેરા મુરીદ મસ્લકે આ'લા હઝરત رحمۃ اللہ علیہ સે ઝરા ભી હટ જાએ, મૈં ઉસ્કી બૈઅત સે બેઝાર હૂં ઔર ઉસ્કે તઅલ્લુક સે મેરા કોઈ ઝિમ્મા નહીં.

**૦૨.** અપને બચ્ચોં કો ઈલ્મ કે ઝેવર સે આરાસ્તા વ પૈરાસ્તા કરો ઔર ઉન્હેં અલ્લાહ કે હબીબ صلی اللہ علیہ وسلم, ઔલિયાએ કિરામ ઔર ઉલ્માએ અહેલે સુન્નત કી સચ્ચી તાઝીમ વ તૌક઼ીર કા સબક દો.

**૦૩.** જો કામ ભી કરો, ખુલૂસ વ મહબ્બત કે સાથ કરો, ઉસમેં દિખાવા હરગિઝ ન હો.

**૦૪.** ઈતના ભાગ કર ન ચલો કિ ગિર પળો.

**૦૫.** કોઈ લાખ બંદએ ખુદા હોને કા દાવા કરે જબ તક બંદએ ગુલામે મુસ્તફા صلی اللہ علیہ وسلم ન હો, હરગિઝ મક઼બૂલે બારગાહે ખુદા ન હોગા.

**૦૬.** હર બદઅક઼ીદા વ બદમઝહબ સે કુલ્લી તૌર પર દૂર રહો, કિ ઉસી મેં આફિયત ભી હૈ ઔર નજાત ભી.

**૦૭.** સચ્ચે ગુલામાને ઔલિયાએ કિરામ રહમતુલ્લાહિ અલૈહિમ અજમઈન, મસાઈબ વ આલામ ઔર આફાતે દુનિયાવી સે ન ડરતે હૈં, ન ગભરાતે હૈં ઔર ન દર બદર ખાક બસર ફિરતે હૈં ઔર ન ગૈરે હક્ક઼ કી પનાહ ઢુંઢતે હૈં. ઉનકા અપને રબ્બે કરીમ عزوجل કે કરમ વ કુદરત ઔર ઉસકે હબીબ વ મહબૂબ صلی اللہ علیہ وسلم કી રહમત વ રાફત પર યક઼ીન હી ઉનકી પનાહગાહ હોતા હૈ.

**૦૮.** હિકમત વ દાનાઈ કી બાતેં કુબૂલ કરો ઔર ઉન પર અમલ ભી કિયા કરો.

**૦૯.** ઈત્તેહાદ કા દામન હરગિઝ ન છોળો કિ ઈસમેં બળી બરકત ઔર કામયાબી હૈ.

**૧૦.** એક દૂસરે કી તાઝીમ વ તૌકીર કા ખયાલ રખો ઔર હર બદગુમાની સે બચો.

**૧૧.** કુર્આને અઝીમ કી તિલાવત કો અપના શિઆર બનાઓ.

**૧૨.** ઉલ્માએ અહલે સુન્નત કી ખિદમત મેં હાઝરી અપને લિયે ઝરૂરી સમજો તાકિ તુમ્હારે અક઼ીદે મેં મજબૂતી પેદા હો.

**૧૩.** મઝરાતે ઔલિયાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعین પર નિહાયત હી એહતરામ કે સાથ હાજરી દિયા કરો.

**૧૪.** અપને રિશ્તેદારોં ઔર દોસ્તોં સે ખુલૂસ કે સાથ મિલા કરો તાકિ આપસી મહબ્બત મેં ઈઝાફા હો.

**૧૫.** અપની સેહત ઔર તંદુરસ્તી કા ખયાલ રખો તાકિ સહી તરહ ઈબાદતે હક્ક઼ અદા હો સકે.

**૧૬.** ફરોગે ઈલ્મ ઔર તરવીજે મસ્લકે આ'લા હઝરત رحمۃ اللہ علیہ કે લિયે હર મુમકિના કોશિશ કરતે રહો.

:: મિનજાનિબ ::

**સૈયદ નજીબ હૈદર નૂરી બરકાતી** *(નાયબ સજ્જાદા નશીન ખાનકાહે બરકાતિયા)*–મારેહરા શરીફ યુ.પી.

કાર્યાલય

# અમુક આતંકવાદીઓ પ્રત્યે મીડિયાની મુજરિમાના ખામોશી !

આતંકવાદી એ કોઈપણ જ્ઞાતિનો હોય હિંદુ હોય કે મુસ્લિમ, શીખ હોય કે ઈસાઈ કે યહૂદી....પણ એ સંપૂર્ણ માનવજાતનો શત્રુ તથા માનવતાનો મહાશત્રુ છે અને પ્રિન્ટ મીડિયા કે ઈલેક્ટ્રોનિક મીડિયા હોય કે અન્ય કોઈપણ પત્રકારત્વની નૈતિક ફરજ બને છે કે તેણે કશાય પક્ષપાત વિના માનવશાંતિ તથા ભલાઈના ખાતર નિષ્પક્ષપણે યોગ્ય ચેતવણીઓ તથા સમાચારોને પ્રદર્શિત કરવા જોઈએ. પણ અતિ આશ્ચર્યની વાત છે કે સમઝૌતા ટ્રેન, મક્કા મસ્જિદ (હૈદ્રાબાદ), અજમેર શરીફ તથા માલેગાંવ ધડાકા જે આતંકવાદીઓએ કર્યા જેમાં સેંકડો લોકો મૃત્યુ પામ્યા, સેંકડો લોકો ઘવાયા અને અનેક નિર્દોષ મુસ્લિમોને પોલીસતંત્રએ જબરદસ્તી આરોપી બનાવી તે સમયે જેલને હવાલે કર્યા અને વર્ષો બાદ તેઓ નિર્દોષ છૂટયા ! તેમની તેમનાં કુટુંબોની ઔલાદોની જિંદગીઓ અસ્તવ્યસ્ત થઈ ગઈ. એ જ જગાઓએ આતંકવાદી બનીને ધડાકા કરનારા અસલ મુજરિમો પકડાતા જાય છે પણ આપણુ પ્રિન્ટ મીડિયા તથા ઈલેકટ્રોનિક મીડિયા ખામોશ છે ! મુસ્લિમ નામી કોઈ વ્યક્તિને જબરદસ્તી આતંકવાદી ઠરાવીને પકડી લેવામાં આવે તો આસ્માન માથે ઉઠાવી રાત દિવસ ઢંઢેરો પીટનાર આ જ મીડિયાની હાલની આ ખામોશી શું સૂચવે છે ?! આ શું પબ્લિક સાથે જુર્મ તથા જુલ્મ નથી ?! જાણી લો ! અસલ આતંકવાદીઓ ક્યાંના અને કોણ કોણ અને શા જુર્મમાં પકડાયા છે.

**પ્રતિભાશાળી પહેલવાન કઈ રીતે હિંદુ આંતકી બન્યો ?** : નવી દિલ્હી, તા. ૧૮ સમઝૌતા ટ્રેન વિસ્ફોટ કેસ તથા મક્કા મસ્જિદમાં બોમ્બ ગોઠવવાના આરોપી રાજેન્દ્ર પહેલવાન ઉર્ફે સમંદર પહેલાં કુશ્તી બાજ બનવા માંગતો હતો અને તેથી જ તેના પાછળ પહેલવાનનું બિરૂદ લાગ્યું હતું. તેનું બીજુ લક્ષ્ય મધ્યપ્રદેશ સિવિલ સેવા પરીક્ષા પાસ કરવાનું હતું પણ તે હિંદુત્વવાદી કટ્ટરવાદીઓની જાળમાં ફસાઈ ગયો હતો અને તેણે મસ્જિદો તથા મુસ્લિમોની વધુ અવરજવરવાળા વિસ્તારોમાં બોમ્બ ધડાકાને અંજામ આપ્યો હતો.

સમંદરની ગત શનિવારે ઉજ્જૈન જિલ્લાના નાગદા ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી તે અહીં છેલ્લા ઘણા વર્ષોથી ઓળખ છુપાવીને રહેતો હતો. એનઆઈએના જણાવ્યા પ્રમાણે સમંદર તથા ત્રણ અન્ય આરોપીઓ કમલ ચૌહાણ, લોકેશ શર્મા તથા અમીત ઉર્ફે અશ્વિની ચૌહાણે ૧૮ ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ પાકિસ્તાન જતી સમઝૌતા એક્સપ્રેસ ટ્રેનમાં ચાર આઈઈડી વિસ્ફોટકો ગોઠવ્યા હતા. ઉપરાંત સમંદરે ૧૮ મે ૨૦૦૭ના રોજ હૈદ્રાબાદની મક્કા મસ્જિદમાં પણ વિસ્ફોટ મૂક્યા હોવાની શંકા છે. સમઝૌતા વિસ્ફોટના ચાર કથિત બોમ્બરો પૈકી માત્ર અમિત જ ઝડપાયો નથી. કમલ ચૌહાણ અને લોકેશ શર્મા સામે આ કેસમાં ચાર્જશીટ દાખલ થઈ ચૂકી છે તથા તેઓ હાલ જ્યુડિશીયલ કસ્ટડીમાં છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સમંદર લોકેશ શર્માને જાણતો હતો. અને તેના લીધે જ તે સંઘ પ્રચારક સુનિલ જોશી દ્વારા સંચાલિત હિંદુ કટ્ટરવાદીઓની ગેંગનો સભ્ય બન્યો હતો. *(ગુજરાત ટુ ડે, પેજ : ૩, તા. ૧૯–૧૨–૨૦૧૨)*

**માલેગાંવમાં બાઈક બોમ્બ ગોઠવનારો કટ્ટરવાદી ધનસિંહ મધ્યપ્રદેશમાંથી ઝડપાયો :** છેલ્લા ચાર દિવસોમાં વધુ એક મહત્વપૂર્ણ સફળતા મેળવતાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)એ ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૯ના રોજ મહારાષ્ટ્રના માલેગાંવ ખાતે વિસ્ફોટથી લદાયેલ મોટરસાઈકલ ગોઠવવાના આરોપ હેઠળ ધનસિંહ નામક હિંદુ કટ્ટરવાદીની

ધરપકડ કરી છે. આ મોટરસાઈકલ વડે કરાયેલા વિસ્ફોટમાં છ લોકોના મૌત થયા હતા તથા ૧૦૦થી વધારે લોકો ઘવાયા હતા. ગૃહ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા પ્રમાણે ધનસિંહની મધ્યપ્રદેશના સતના જિલ્લાના ચિત્રકૂટ ખાતેથી ધરપકડ કરાઈ હતી. સમંદરની પૂછપરછના આધારે તેની ધરપકડ શક્ય બની હતી. સિંહ અને સમંદર, બંને તે હિંદુત્વવાદી કટ્ટરવાદી સમૂહનો ભાગ છે જે સમઝૌતા ટ્રેન, મક્કા મસ્જિદ, અજમેર શરીફ તથા માલેગાંવમાં થયેલા ધડાકાઓ માટે જવાબદાર છે. એનઆઈએ આ બંનેને સાથે રાખીને પૂછપરછ કરશે. સાક્ષીઓના જણાવ્યા પ્રમાણે ધનસિંહ ૨૦૦૬માં સમંદર સાથે તા'લીમ લેવા જમ્મુ ગયો હતો. તેમને અહીં સંઘ પ્રચારક સુનિલ જોશીએ મોકલ્યા હતા. સંઘના એક વરિષ્ઠ હોદ્દેદાર જેઓ જમ્મુમાં કોઈ સંસ્થા ચલાવે છે ત્યાં આ લોકોને તા'લીમ માટે મોકલાયા હતા. NIAને આશા છે કે આ બંનેની ધરપકડથી તેમને સંઘના આ વરિષ્ઠ હોદ્દેદારની ભૂમિકાને જાણવામાં મદદ મળશે. *(ગુજરાત ટુ ડે, પેજ : ૩, તા. ૧૯-૧૨-૨૦૧૨)*

તેમજ સેંકડો પોલીસ તથા પબ્લિકનો જીવ હણી લેનારા, વારંવાર ટ્રેનો ઉઠલાવી પાડનારા, માઓવાદી, નક્સલવાદીઓ શું આતંકવાદ નથી કરી રહ્યા ! આટલા ભયાનક આતંકવાદીઓથી આપણા મીડિયાને શું વહાલ છે તે સમજી શકાય તેવો વિષય નથી ? માનવજીવનને હણનારા અને છિન્ન ભિન્ન કરનારા આવા આતંકવાદીઓથી પબ્લિકને ગાફેલ રાખવા પાછળ મીડિયાની શું મેલી મુરાદ છે એ કોઈ કહેશે ?!

પેજ નં. ૩૧નું ચાલુ...

પ્રયાસોને બંધ કરો. યુનાઈટેડ સ્ટેટસ માટે લોકશાહી કદાચ કામ કરતી હશે. પરંતુ જરૂરી નથી કે હમેશાં બીજા દેશો માટે પણ તે કામ કરે. જરૂરી નથી કે લોકોની હત્યા તેટલા માટે ન કરો કે તેઓ લોકશાહી કે પ્રજાતંત્ર સાથે સંકળાયેલ નથી. સર્વ દેશોના પ્રજાતંત્ર કરવાના તમારા ધર્મયુદ્ધ (Crusade)ના અભિગમના કારણે આપખુદશાહી સરકારોને તમે બળપૂર્વક ઉઠલાવી દીધી. તે સરકારો કરતાં તમે વધારે પ્રમાણમાં નરસંહાર કરેલ છે અને તમે કોઈપણ પ્રકારે સફળ થયા નથી.

૭. તમો જેને નાણાંકીય સંસ્થાઓ કહો છો તેવી "કેસીનો"ને બંધ કરો. "હેજ ફંડસ, ડેરી એટીવ્સ અને કરન્સીની ટ્રેડીંગ પદ્ધતિને પણ બંધ કરો. તમારી બેંકોને કરોડોમાં કલ્પિત (Non Existent) નાણા ધીરવાનું બંધ કરો. તમારી બેંકોને નિયંત્રિત અને દેખરેખ હેઠળ રાખો. જે દોષી લોકોએ બેકીંગ સીસ્ટમને વિકૃત કરી મબલખ પ્રમાણમાં નફો મેળવ્યો છે તેમને જેલની સજા કરો.

૮. KYTO પોટોકલ અને અન્ય રાષ્ટ્રીય કરારો પર હસ્તાક્ષર કરો.

૯. યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશન (UNO)ને પૂરેપૂરું સન્માન આપો.

મારી પાસે બીજા ઘણા સંકલ્પો તમારા દેશના પરિવર્તન કે બદલાવ માટે છે. જે મને લાગે છે કે તમે તે સંબંધમાં વિચાર કરો. પરંતુ હું વિચારું છું કે આ ખ્રિસ્તી વર્ષ ૨૦૧૨ માટે આ સંકલ્પો પૂરતા છે. જો તમે મેં સૂચવેલ ઉપયુક્ત સંકલ્પોમાંથી થોડાનો પણ અમલ કરશો તો તમને દુનિયા એક મહાન નેતા તરીકે હમેશાં યાદ કરશે. ત્યારે યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકા ફરીથી એક સૌથી વખાણવા લાયક રાષ્ટ્ર તરીકે નામના મેળવશે.

હું તમને નવા વર્ષની તેમજ મહાન પ્રમુખપદની હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

***-આપનો સ્નેહાધીન ડો. મહાથીર મુહમ્મદ***

*(હવાલો : ગુજરાત ટુ ડે, તા. ૨૨-૧૨-૨૦૧૨)*

# ઓબામાને મલેશિયાના માજીવડાપ્રધાનનો ખુલ્લો પત્ર

વ્હાલા મી. પ્રેસિડન્ટ, (યુ.એસે.એ) મેં તમને પ્રમુખની ચૂંટણીમાં મત આપેલ નથી. કારણ કે હું એક મલેશિયન છું. પરંતુ તમારા ચુનાવ ક્ષેત્રના એક ઘટક તરીકે મારી જાતને ગણું છું. કેમ કે તમે જે કંઈક કરો છો અથવા જે કંઈક કહો છો, તેની અસર મને અને મારા દેશને પણ થાય છે.

પરિવર્તનના તમારા વચનને હું આવકારું છું. ચોક્કસ રીતે, તમારા દેશ યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકાને ઘણા જ પરિવર્તન કે બદલાવની તાતી જરૂરત છે. તેનું કારણ એ છે કે અમેરિકા અને અમેરિકનો સમગ્ર વિશ્વમાં સૌથી વધુ ધૃણાસ્પદ રહ્યા છે. યૂરોપીયનો પણ તમારા ઘમંડને નાપસંદ કરે છે. જો કે એક તથ્ય છે કે એક સમયે તમે પ્રશંસનીય અને પસંદીદા રહ્યા હતા. કેમ કે તમે ઘણા દેશોને ગુલામી અને પરાધીનતામાંથી મુક્તિ આપી હતી.

લોકોમાં એક પરંપરા કે પ્રથા ચાલી આવે છે કે નવા વર્ષના શુભદિવસે નવા સંકલ્પો (Resolutions) કરવા. તમે પણ તમારા સારા સંકલ્પોની યાદી નિશ્ચિત રીતે બનાવી જ હશે. પણ હું વિનમ્રતાપૂર્વક તમને સૂચન કરું છું કે તમો તમારા પરિવર્તનના વચન કે સ્વપ્નને લક્ષમાં લઈને તેના સંદર્ભમાં નીચે દર્શાવેલ કેટલાક મુદ્દાઓ પર સંકલ્પ કરશો :–

૧. લોકોની હત્યા કરવાનું બંધ કરો. યુનાઈટેડ સ્ટેટસ તેના ચોક્કસ હેતુઓને પાર પાડવા માટે લોકોની હત્યા કરે છે જે તેની એક ચાહત હોય છે. તમો તેને યુદ્ધ નામ આપો છો. પરંતુ આજના યુદ્ધો પ્રોફેશનલ સૈનિકો વચ્ચે સામસામે લડવાનો અને એકબીજાને મારી નાખવાના સંબંધમાં હોતા નથી. તે સામાન્ય નિર્દોષ નાગરિકોને લાખોની સંખ્યામાં કતલ કરી નાખવાના ઈરાદાથી કરવામાં આવેલા હોય છે. જે આખરે સર્વ દેશનો વિનાશ નોતરશે. યુદ્ધ એ એક આદિકાલીન પુરાતન પ્રથા છે. ગુફાવાસીઓમાં કોઈ સમસ્યાનો ઉકેલ લાવવા માટે યુદ્ધો કરવામાં આવતા હતા. તમો શસ્ત્ર–સરંજામને મજબૂત કરવાનું તેમજ ભાવિ યુદ્ધોની યોજનાને ઘડવાનું સદંતર બંધ કરો.

૨. ઈઝરાયલી હત્યારાઓને તમારા નાણા અને શસ્ત્રો દ્વારા અંધાધૂંધ મદદ આપવાનું બંધ કરો. ગાઝાપટ્ટીના લોકોની કતલ કરવા માટે જે વિમાનો અને બોમ્બનો ઉપયોગ થયો હતો તે તમારાં હતાં.

૩. અન્ય દેશો પર આર્થિક પ્રતિબંધો (SANCTIONS) લાદવાનું બંધ કરો, ઈરાકમાં તમારા આર્થિક પ્રતિબંધોને કારણે ૫,૦૦,૦૦૦ બાળકોને અપૂરતી દવા અને ખોરાકના અભાવના કારણે મૌતને ભેટવું પડયું. ઘણા વિકૃત બાળકો પેદા થયાં. આ ભયાનક અને ભીષણ ક્રૂરતાથી તમે શું સિદ્ધ કર્યું ?! કશું જ નહીં "સિવાય કે પીડિતોનો અને સાચા દષ્ટિકોણ ધરાવતા લોકોનો તિરસ્કાર અને નફરત."

૪. તમારા વૈજ્ઞાનિકો અને સંશોધકો નવા પાશવી અને શૈતાની શસ્ત્રો બનાવે છે. જે લોકોની વધુ પ્રમાણમાં જાનહાનિ કરવામાં સક્ષમ હોય છે, તેને બંધ કરો.

૫. તમારા શસ્ત્રોના ઉત્પાદકોને શસ્ત્રો બંધ કરવાનો આદેશ આપો. તમારા શસ્ત્રોને વિશ્વના અન્ય દેશોમાં વેચવાનું બંધ કરો. આ એક ખૂની પૈસો (Blood Money) છે જે ખ્રિસ્તી ધર્મ વિરુદ્ધ છે.

૬. જગતના સર્વ દેશોને લોકશાહીનું સ્વરૂપ આપવાના તમારા વધુ પેજ નં. ૩૦.૫૨

# માણસની લાયકાતો વધારવામાં ખાનક઼ાહોનો રોલ

રજૂકર્તા
હાફેઝ અબ્દુર્રહમાન નક઼્શબંદી (મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)

"સૂફી" એટલે રબ તઆલાથી અતિશય ડરનાર અને સંપૂર્ણપણે શરીઅતની પાબંદીમાં જીવન ગુજારનાર, ખુદા વ રસૂલની રઝામંદીનો હરપલ ખયાલ કરીને જીવન જીવનાર, આજકાલ કેટલાક લોકો શો બાઝી કરીને પોતાને "સૂફી" કહેવડાવે છે અને પોતાને લોકો "સૂફી" કહે એવું ઈચ્છતા હોય છે, તેનાથી ઉલ્ટુ સાચા સૂફી શરીઅતના સુન્નતોના અતિપાબંદ હોવા છતાં પોતાને નાચીઝ બંદો તથા ગુનેહગાર દર્શાવતા હોય છે. તેવા સૂફીઓની ખાનક઼ાહોની તા'લીમ જગતમાં શું રંગ લાવી અને હજી એવી ખાનક઼ાહો શું રંગ લાવી શકે છે જેનો ચિતાર અહીં દર્શાવ્યો છે. સાથોસાથ નબી કરીમ ﷺ તથા સહાબાનાં દષ્ટાંતો પણ આપ્યાં છે કે સૂફીઓ નબી કરીમ ﷺના સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَના નક઼્શે ક઼દમ પર સતત ચાલીને કેવો રૂહાની, જાહેરી, બાતિની, સામાજિક ઈન્કિ઼લાબ પેદા કરી શકે છે તે દર્શાવ્યું છે, એનો અભ્યાસ કરશો અને એને અપનાવવા કોશિશ કરશો. *—તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

ખાનક઼ાહો તથા ખાનક઼ાહોની વ્યવસ્થા માણસોમાં રૂહાનિયતના છુપા એહસાસને જગાડવા માટે અને તેને પાવરફુલ બનાવવા માટે કરવામાં આવી. હક઼ીક઼ત છે કે જ્યાં સુધી માણસમાં રૂહાનિયતનો એહસાસ જીવંત ન થાય ત્યાં સુધી તે એક જાનવર કે જાનવરથી પણ બદતર જોવા મળે છે. રૂહાનિયત ન હોવાના કારણે જ માણસ જુલ્મ તથા જબરદસ્તી અને આતંકવાદ કરવા પર ઉભરાય છે, પછી માણસથી જાત જાતની બુરાઈઓ પણ ઈરાદાપૂર્વક તથા ક્યારેક અણધાર્યે થવા લાગે છે, જેનું પરિણામ એ થાય છે કે સમાજમાં તબાહી મચી જાય છે, જેને આતંકવાદ તથા ફિત્ના ફસાદ તરીકે ઓળખવામાં આવે છે.

માણસો થકી જે બુરાઈઓ જાહેર થાય છે તે ઘણા પ્રકારની છે. બુરાઈ એવા કામને કહે છે જે સંપૂર્ણ માણસાઈને નુકસાન પહોંચાડે. બુરાઈઓ દૂર કરવામાં ખાનક઼ાહોનો મહત્વનો રોલ હોય છે. ખાનક઼ાહોમાં માણસાઈની તર્બિયત (કેળવણી) થાય છે, નેક માણસો તથા સમાજમાં સુધારણા પેદા કરવી ખાનક઼ાહી વ્યવસ્થાનું કામ છે. ભારતમાં ઈસ્લામ ખાનક઼ાહો દ્વારા જ ચમક્યો. સૂફિયાએ કિરામનું આગમન શરૂ થયું અને દરેકે પોત પોતાની ઝુપડી અને ખાનક઼ાહ ક઼ાયમ કરી અને પોત પોતાની ખાનક઼ાહથી માણસાઈનો પાઠ શિખવવાનું શરૂ કર્યું. મઝહબ તથા મિલ્લતના ભેદભાવ વગર લોકો તેમની તરફ ખેંચાવા લાગ્યા. એક વ્યક્તિ બીજા વ્યક્તિનું દુ:ખ સમજવા લાગ્યો અને દરેક વ્યક્તિ બીજાની મદદ કરવાને માનવતાની મેઅરાજ સમજવા લાગ્યો. પછી જાતે જ લોકો દરમ્યાન શાંતિના વાદળ છવાઈ ગયાં. તે જ કારણે ભારતમાં ક્યારેક સૂફિયાએ કિરામની ખાનક઼ાહોથી ફિત્ના ફસાદ તથા આતંકવાદની ગંધ સુધ્ધાં નથી આવી. ખાનક઼ાહોમાં ક્યારેય કોઈના માટે પાબંદી નથી હોતી, બલ્કે ચોવીસ કલાક ખાનક઼ાહોના દરવાજા ખુલ્લા રહે છે. આમ હોય કે ખાસ, મુસ્લિમ હોય કે ગૈરમુસ્લિમ બધાં જ હાજરજનો સરખો હક્ક઼ ધરાવે છે. મેં એક ખાનક઼ાહી બુઝુર્ગનું આ વાક્ય સાંભળ્યું કે તેઓ પોતાના સાથીઓને કહેતા રહેતા કે કોઈને પણ મારી ખાનક઼ાહમાં આવવાથી ન રોકો, સૌને આવવા દો, આનાથી મને મારા હાલની સચ્ચાઈ ખબર પડે છે.

**★ સૂફીની નજર તથા ઈશારાનો કમાલ ! ★**

શૈખુશ્શુયૂખ હઝરત શૈખ શહાબુદ્દીન સોહરવર્દી رحمۃ اللہ علیہ પોતાની મશ્હૂર કિતાબ ''અવારિફુલ મઆરિફ''માં લખે છે કે અમારા પીરનો તરીકો એ હતો કે તે મિનાની મસ્જિદે ખૈફમાં ચક્કર લગાવતા રહેતા અને લોકોના ચહેરા જોતા રહેતા, જ્યારે પૂછવામાં આવ્યું કે તમે આવું કેમ કરો છો, તો તેમણે ફર્માવ્યું કે અલ્લાહના કેટલાક બંદા એવા પણ હોય છે કે જો કોઈ વ્યક્તિ તરફ નજર ભરીને જોઈ લે તો તે ખૂબીઓથી માલમાલ થઈ જાય છે, બસ ! હું તે નજરની તલાશમાં લોકોની ભીડને પસંદ કરું છું.

ખાનકાહોએ દુનિયામાં એક્તાને પ્રગતિ આપી અને અમ્નો શાંતિના વાતાવરણમાં આપસની નફરત ખતમ કરી આકાશ તળે લોકોને પવિત્ર જીવન વિતાવવાનો પૈગામ આપ્યો. અને ખાનકાહી બુઝુર્ગોની નજરમાં રિયાઝત તથા મુજાહિદા તથા મખ્લૂકની મહોબ્બત એવી અસર પેદા કરી દે છે કે તેમની નજર ઘણી બુરાઈઓને ખતમ કરવા માટે પૂરતી હોય છે. એક ખાનકાહના બુઝુર્ગ હઝરત બિશ્ર હાફી رحمۃ اللہ علیہ વિશે બયાન કરવામાં આવે છે કે આપ રસ્તે ચાલી રહ્યા હતા કે આપની નજર એક વ્યક્તિ પર પડી જે ખુલ્લેઆમ એક સ્ત્રીની છેડખાની કરી રહ્યો હતો, સ્ત્રી હોબાળો કરતી રહી, કોઈ વ્યક્તિમાં તેને તે જાલિમથી છોડાવવાની હિંમત ન હતી. હઝરત બિશર હાફી رحمۃ اللہ علیہએ તેને ધારીને જોયો, તે ધ્રુજવા લાગ્યો, પછી તેની નજીક જઈ કાનમાં કાંઈ કહ્યું તો તરત જ તે બેહોશ થઈ પડી ગયો, સ્ત્રી છૂટકારો પામી ઘરે પહોંચી ગઈ. જ્યારે તે હોશમાં આવ્યો તો લોકોએ તેને પૂછયું, તને શું થઈ ગયું ? તેણે કહ્યું, મને ફક્ત એટલુ યાદ છે કે કોઈ મારી પાસે આવ્યું શરીર જોડે શરીર અડાડીને કહ્યું, અલ્લાહ તઆલા જોઈ રહ્યો છે ! પછી હું બેભાન થઈ પડી ગયો.

**★ સાચા સૂફીઓનો માર્ગ જ આતંકવાદ ખત્મ કરી શકે ★**

ખાનકાહોની અવરજવર અને ખાનકાહી લોકો સાથે સંબંધ રાખવાથી જગત અમ્નો શાંતિનું સ્થાન બની શકે છે, ભાઈચારો , મહોબ્બત તથા એક્તા તથા એકમતિની હવાથી માહોલ ખુશ ખુશાલ થઈ શકે છે, જરૂરત એ છે કે ખાનકાહી લોકો ખાનકાહી નિઝામ (વ્યવસ્થા)ને પ્રગતિ આપે, આનાથી જ માણસાઈની શાન જાહેર થઈ શકે છે.

આ સમયે આખુ જગત બુરી આદતોથી ભરેલું પડયું છે, બુરાઈઓનો જમાનો છે, બજારની ખરીદીમાં જૂઠનો જાણે રિવાજ છે, માલની ખરાબી છુપાવવી, ત્રાજવું યોગ્ય ન મૂકવું, રસ્તા વચ્ચે દુકાન લગાડવી જે નડતર રૂપ હોય, રસ્તાઓ પર કચરો નાખવો, રસ્તા પર જાનવરો છોડી મૂકવાં, રસ્તાઓમાં જાનવર બાંધવા, જાહેર રસ્તાઓ પર જાનવરો કાપવાં, પછી તેમની ગંદકી ત્યાં જ નાખી દેવી, રસ્તે ચાલતી સ્ત્રીઓને છેડવી, બસો અને ટ્રેનોમાં ધૃણાજનક વાતો કરવી, વિરોધ પ્રદર્શનોના સમયે ઉશ્કેરણીજનક નારા લગાડવા, દુકાનો બંધ કરાવવી, સરકારી મિલ્કતને નુકસાન પહોંચાડવું આ પ્રકારની ઘણી બુરાઈઓ છે જે આખી માનવતાને બર્બાદીના મોઢામાં ધકેલવા માટે પૂરતી છે, આ બધી બુરાઈઓ મિટાવવા માટે ખાનકાહી વ્યવસ્થા બહુ અસરકારક ઉપાય છે. એટલા માટે કે ખાનકાહોમાં અવરજવરથી માણસો સાથે મહોબ્બત તથા પ્રેમભાવનો પાઠ શીખવા મળે છે. અને જો આ મહોબ્બત પેદા થઈ જાય તો દરેક વ્યક્તિ બીજાની ભલાઈ ઈચ્છતો થઈ જાય, અને દરેક બીજાને નુકશાનથી બચાવવાનો પ્રયાસ કરશે. પયગમ્બરે ઈસ્લામ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, خير الناس من ينفع الناس ''તમારામાંથી સૌથી બેહતર તે છે જે લોકોને ફાયદો પહોંચાડે.'' નેકીઓનો હુકમ આપવો, બુરાઈઓથી રોકવું એ પૂરી માનવજાત માટે લાભદાયી છે. સૂફિયાએ કિરામ પોતાની ખાનકાહોમાં આ ફોર્મ્યુલા પર અમલ કરતા રહ્યા કે આવનારાઓને ખૂબસૂરતીથી નેકીનો હુકમ આપતા રહ્યા અને બુરાઈઓથી રોકતા રહ્યા અને પોતાના આ મિશનમાં તેઓ હિક્મત તથા આયોજનબદ્ધતાથી કામ લેતા, કોઈને ધમકાવીને બુરાઈઓથી ન રોકતા અને ન કોઈને દબાણથી ભલાઈનો હુકમ કરતા, ઘણી જ નરમી અને સારી રીતે લોકોને બુરાઈઓથી રોકી નેકી તરફ

બોલાવતા. એક ખાનકાહી બુઝુર્ગ હઝરત પોતાના અકીદતમંદો દરમ્યાન બેઠા હતા એવામાં એક વ્યક્તિ પસાર થયો, જેની લુંગી જમીન પર ઘસડાઈ રહી હતી. અકીદતમંદોએ કહ્યું, તેને સખ્તીથી રોકો ! હઝરત શૈખે તેમને સખ્તી કરવાથી રોક્યા અને પોતે ઉભા થઈ તેને સલામ કરી અને કહ્યું, ભાઈ ! મને તારું થોડુ કામ છે, તેણે કહ્યું, શું કામ છે ? ત્યારે આપે ફર્માવ્યું, ભાઈ તારા કપડાં ગંદાં થઈ રહ્યાં છે જરા ઉપર ઉઠાવી લે ! તેણે તરત જ પોતાની લુંગી ઊંચી કરી લીધી.

### ★ પોતાને સતાવનાર સાથે સૂફીનો વર્તાવ ★

ખ્વાજએ ખ્વાજગાં હઝરત નિઝામુદીન ઔલિયા رحمۃ اللہ علیہ વિશે બયાન કરવામાં આવે છે કે દિલ્હીમાં આપ જે મોહલ્લામાં રહેતા હતા ત્યાં એક વ્યક્તિ આપનો સખત વિરોધી હતો જે આપને હમેશાં ગાળો આપતો રહેતો. મુરીદો કંટાળી ગયા હતા. હઝરત મેહબૂબે ઈલાહીની બારગાહમાં અર્ઝ કરતા, તેના પર સખ્તી કરવાનો હુકમ આપો જેથી તેની બુરી વાતો બંધ થાય. હઝરત મેહબૂબે અવલિયા સખ્તી કરવાથી રોકતા અને ફર્માવતા કે સખ્તી કરવાથી તે વધુ બગડી જશે. જ્યારે વાત વધુ આગળ વધી ગઈ તો આપે એક મુરીદને હુકમ આપ્યો કે બંને ટાઈમ તેને ત્યાં ખાવા પહોંચાડયા કરો અને મારા સલામ પણ કહ્યા કરજે ! તો આ તરીકો શરૂ થયો. થોડા જ દિવસોમાં તે શરમિંદો થઈ ગયો અને પોતાની બુરાઈથી તૌબા કરીને મેહબૂબે અવલિયા رحمۃ اللہ علیہનો મુરીદ બની ગયો.

### ★ સૂફીઓ નબી ﷺની આ જ તાલીમને અનુસરે છે ★

પયગમ્બરે ઈસ્લામ ﷺનો મુબારક જમાનો છે, આપની મસ્જિદમાં એક ગામડિયો આવ્યો અને મસ્જિદમાં પેશાબ કરવાનું શરૂ કરી દીધું, હાજરજનોએ તેને ધમકાવ્યો અને રોકવાની ઈચ્છા કરી, હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, તેને ધમકાવો નહીં, પેશાબ કરી લેવા દો ! જ્યારે તે પેશાબ કરી ચૂક્યો તો તેને નજીક બોલાવી ઘણી જ નમ્રતાથી આદાબે મસ્જિદ બયાન ફર્માવ્યા અને સહાબાને હુકમ આપ્યો કે પેશાબ પર પાણી વહાવી દો.

એક પ્રસંગે હુઝૂર ﷺ સહાબા સામે ખુત્બો આપી રહ્યા હતા એવામાં અચાનક એક અજાણ્યો મુસાફિર હાજર થયો અને ખુત્બા દરમ્યાન જ પૂછવા લાગ્યો, દીન શું છે ? રસૂલલ્લાહ ﷺ તેને ધમકાવ્યો નહીં બલ્કે તરત જ તેની તરફ ધ્યાનિત થયા અને દીન વિશે જાણકારી અતા ફર્માવી. કુર્આનનો ઈર્શાદ ادع الی سبیل ربك بالحکمة والموعظة الحسنة ની અમલી તફસીર ખાનકાહો દ્વારા આખા જગતમાં ફેલાઈ અને ઈસ્લામ દુનિયાનો લોકપ્રિય ધર્મ ગણાવા લાગ્યો.

***જહાંમેં જબ ભી કોઈ અચ્છા કામ કરતા હૈ***
***ઝમાના ઉસકો અદબસે સલામ કરતા હૈ***

### ★ ખાનકાહી બુઝુર્ગોનો માનવતાનો પાઠ ★

ખાનકાહો દ્વારા હમેશાં સારા કાર્યો થયાં અને સારા કાર્યોની જબાનથી પણ સૂચના થતી રહી અને કિરદાર તથા અમલથી પણ સારા અમલોનો પયગામ આપવામાં આવતો રહ્યો. એક માનવ બીજા માનવનો ભાઈ હોય છે, બલ્કે એક માણસ બીજા માણસના અંગના સ્થાને હોય છે, શૈખ સઅ્દી શીરાઝી ફર્માવે છે : ''આદમની ઔલાદ એક બીજાના અંગો છે, એક અંગને તકલીફ થાય તો બીજો અંગ ચેનથી નથી રહેતો, એવી જ રીતે એક માણસ તકલીફમાં હોય તો બીજા માણસે તેની તકલીફ મેહસૂસ કરવી જોઈએ. એક વ્યક્તિ આહો ભરે અને બીજો હસે આ વસ્તુ માનવતા વિરૂદ્ધ છે.

સૂફીઓની એક જમાઅત વિશે કોઈએ સમયના બાદશાહને શિકાયત કરી. બાદશાહ શિકાયત સાંભળી નારાજ થયો અને સૂફીઓને કત્લ કરી નાખવાનો હુકમ આપ્યો. સૂફીઓની તે જમાઅતમાં શૈખ અબુલ હસન નૂરી رحمۃ اللہ علیہ પણ હતા, જ્યારે કત્લની સજાનો હુકમ સાંભળ્યો તો સૌ પ્રથમ આપ આગળ વધ્યા અને ફર્માવ્યું, પ્રથમ મને કત્લ કરો ! બાદશાહે કહ્યું શાથી ? ફર્માવ્યું, આ બધા મારા ભાઈઓ છે, મેં વિચાર્યું કે સૌ પ્રથમ મારા લોહીની ભેટ પેશ કરી દઉં તો બની શકે છે કે મારું લોહી તેમના લોહીનો બદલો બની જાય અને મારા આ ભાઈઓનો જીવ બચી જાય. બાદશાહે જ્યારે

આ કુર્બાની જોઈ તો કત્લનો હુકમ પાછો લઈ લીધો અને કહ્યું, જે લોકો માનવતા માટે આટલી બધી કુર્બાની આપવાની ભાવના રાખે છે તેમને કત્લ કરવા આખી માનવતા પર જુલ્મ થશે અને સૌને છોડી દીધા.

સહાબીએ રસૂલ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે સહાબાએ કિરામમાંથી કોઈએ એક સહાબીને રાંધેલી મૂંડી તોહફામાં આપી. તેમણે વિચાર્યું, મારો ફલાણો ભાઈ વધુ જરૂરતમંદ છે તો આ તેને આપી દેવું વધુ સારું છે. જેથી તેમણે મૂંડી તે ભાઈને મોકલાવી દીધી. તેમણે પણ આ પ્રમાણે વિચારી બીજાને આપી દીધી. પછી આ જ વિચારી બીજાએ ત્રીજાને, ત્રીજાએ ચોથાને, ચોથાએ પાંચમાને, એવી રીતે કેટલીય જગ્યાઓએ ફરીને તે મૂંડી પાછી પહેલા વ્યક્તિના ઘરે પહોંચી. સહાબાએ કિરામની કુર્બાનીના આ જ જઝબાને ફેલાવવાની જરૂર છે, જેથી ગરીબોની મદદનો સામાન મેળવવા સાથે મહોબ્બત તથા ભાઈચારાને સમાજમાં પ્રગતિ મળી શકે.

## ★ નબી ﷺ તાલીમ મુજબ સૂફીનો સાથી પ્રત્યે વર્તાવ ★

નજીકના ભૂતકાળમાં જ ખાનકાહી મિઝાજ રાખનારા બુઝુર્ગ મુબારકપુર અરબી યુનિવર્સિટી, જામિઆ અશરફિયાના બાની (સ્થાપક) હાફિઝે મિલ્લત મૌલાના શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી رحمۃ اللہ علیہનો ભાઈચારાનો જઝબો તથા માનવીઓની હમદર્દી પણ એક ઉચ્ચ ઉદાહરણ છે. સખત ગરમીની ઋતુ હતી, એક વ્યક્તિ ઓરડામાં દાખલ થયો તેણે અર્ઝ કરી, હુઝૂર ! ગરમી સખત છે, હું તમને એક (ઈલેક્ટ્રીક) પંખો પેશ કરું છું. હાફિઝે મિલ્લતે કબૂલ ફર્માવ્યો અને બીજા દિવસે તે પંખો બીજા ઉસ્તાદને આપી દીધો કે જે રીતે મને ગરમી લાગે છે તેમને પણ લાગતી હશે ! એક દિવસે ફરી તે જ સાહેબ આવ્યા, તેમણે ફરી પંખાની વાત કરી તો હાફિઝે મિલ્લતે ફર્માવ્યું, મારાથી વધુ જરૂરત ફલાણા ઉસ્તાદને છે. પછી તેમણે આપના માટે વધુ એક પંખો આપ્યો પરંતુ બીજા જ દિવસે તે પંખો પણ કોઈ બીજા ઉસ્તાદને પહોંચાડી આપ્યો. આ રીતે તે પંખો આપતા ગયા અને હાફિઝે મિલ્લત બીજાઓને અર્પણ કરતા રહ્યા.

ખાનકાહી બુઝુર્ગ કરજદાર હતા. એકનું નામ હઝરતે મસ્રુક અને બીજાનું નામ હઝરતે ખૈષમા હતું, બંનેએ એકબીજાનું કરજ એવી રીતે ચૂકવ્યું કે બંનેમાંથી કોઈને ખબર પણ ન પડી.

પયગમ્બરે ઈસ્લામ ﷺ એક દિવસ જંગલ તરફ તશરીફ લઈ ગયા. આપની સાથે એક સહાબી હતા. આપે બે મિસ્વાક તોડયાં, એક સીધી હતી અને બીજી વાંકી. આપે સીધી મિસ્વાક પોતાના સહાબીને પેશ કરી અને વાંકી પોતાના માટે રાખી લીધી. સહાબીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ સીધી તમે લઈ લો. આપે ફર્માવ્યું, જ્યારે બે વ્યક્તિઓ એક સાથે રહે તો બંનેમાં ખુદા તેને વધુ પસંદ ફર્માવે છે જે બીજા સાથીનો હક્ક સારી રીતે અદા કરે. ખાનકાહો દરેક સમયમાં કિરદારે રસૂલનો નમૂનો લોકો સામે પેશ કરતી રહી છે. આજે પણ એ વાતની સખત જરૂરત છે કે ખાનકાહો પોતાના પૂરાણા રિવાજને અપનાવે અને માણસની શાનને વધુ ઉજ્જવળ કરે. *(અશ્રફિયા, નવેમ્બર–૨૦૧૨)*

## ★ એક જરૂરી ખુલાસો ★

પહેલાંના સાચા સૂફીઓ ગૈરોના પ્રાર્થનાલયોમાં પહોંચીને હજારોને કલમો પઢાવી મુસલમાન કરતા હતા. જેમ કે હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہ તથા હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ વગેરે. જ્યારે આજે કેટલાક કહેવાતા જૂઠા સૂફીઓ ગૈર મઝહબવાળાને પોતાને ત્યાં બોલાવી તેનું સન્માન કરી તેની પાસે લેક્ચર કરાવીને તેનાં કુફ્રી કથનો પોતે તથા પબ્લિકને સંભળાવી પોતાના તથા સર્વનાં ઈમાનને ખતરામાં નાખે છે, તો ક્યાંક ગૈર મઝહબવાળા પાસે પોતાની "આરતી" ઉતારાવી ઈમાનથી જ હાથ ધોઈ બેસે છે ! અને પોતે એવા વહેમમાં રહે છે કે અમે તો સૂફી છીએ ! તેઓએ તૌબા કરી ખૂદ કલમો પઢી નવેસરથી મુસલમાન થવાનું છે ! તે ક્યાંના સૂફી રહ્યા ? એવા શરીઅતથી બેપરવા બનાવટી ઢોંગી સૂફીઓની અહીં વાત નથી, પોતાની કરામતોથી તથા અખ્લાક વડે ગૈરોને ઈમાનવાળા કરી દેનારા સાચા બાકમાલ સૂફીઓનો અહીં ઉલ્લેખ થયો છે.

# પુરૂષ તથા સ્ત્રીની નમાઝમાં તફાવત
## હદીષની રોશનીમાં

રજૂકર્તા : હઝરત મુફ્તી મુહમ્મદ મુઝમ્મિલ બરકાતી
(દારુલ ઈફતા : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

**તેરે ગુલામોંકા નક્શે કદમ હૈ રાહે ખુદા**
**વહ ક્યા બહક સકે જો યહ સુરાગ લે કે ચલે**

મૂળ વિષય પર લખતાં પહેલાં કેટલીક પ્રારંભિક વાતો લખવી જરૂરી સમજુ છું જેને નજરો સમક્ષ રાખવી મુસલમાનો માટે ખૂબ જરૂરી છે.

(૧) અહનાફ (હનફીઓ) સૈયદના ઈમામે આ'ઝમ رضی اللہ عنہની ફિકહ (દીની મસાઈલ) પર એટલા માટે અમલ કરે છે કે તેમણે જેટલા પણ મસ્અલા કાઢયા છે તે સૌ કુર્આન તથા હદીષથી જ ડાયરેક્ટ ઈનડાયરેક્ટ કાઢેલા છે. જેમ કે આપનું ફર્માન છે : اذا صحّ الحدیث فھو مذھبی "જ્યારે કોઈ હદીષનું સહીહ હોવું મારી નજીક સાબિત થઈ જાય તો એ જ મારો મઝહબ છે." હવે ભલે તે હદીષ આપણને હદીષની કિતાબોમાં મળે કે ન મળે. કેમ કે આપના દૌરમાં હદીષો કાયદેસર રીતે કિતાબી સ્વરૂપમાં સંપાદિત થતી ન હતી, બલ્કે હદીષના સંગ્રહ તથા સંપાદનનું કામ લગભગ બે સદી પછી શરૂ થયું, તદ્ઉપરાંત હદીષની કિતાબોમાં જે હદીષો મૌજૂદ છે એના બારામાં એવું નથી કહી શકાતુ કે કુલ હદીષો આટલી જ છે, હજારો હદીષો એવી છે જે એ કિતાબોમાં ક્યાંય નહીં મળે. દૂર જવાની જરૂરત નથી, ખૂદ **ઈમામે બુખારી** رضی اللہ عنہ**ને છ લાખ હદીષો યાદ હતી.** બુખારી શરીફનો હાલ એ છે કે એમાં ૭૨૫૦ હદીષો જ છે, તે પણ રિપીટ થતી હદીષોને ગણત્રીમાં લેતાં, નહીં તો સંખ્યા ઓર ઘટી જશે. એટલા માટે જો કોઈ મસ્અલામાં સૈયદના ઈમામે આ'ઝમ رضی اللہ عنہના મઝહબ પર કોઈ દલીલ હદીષની કિતાબોમાં ન મળે તો એનાથી એવું સમજવું યકીનન ગલત છે કે તેમણે આ મસ્અલામાં હદીષ ત્યજી આપી અને કયાસ પર અમલ કર્યો, બલ્કે આપણે તો એ મસાઈલની દલીલ તલાશ કરવાની જરૂરત જ નથી, કેવળ એટલો એતેકાદ રાખવો જરૂરી છે કે યકીનન ! આપણા ઈમામની નજરમાં કોઈ દલીલ હશે જેનાથી તેમણે આ મસ્અલા કાઢયા. એટલા માટે આપણા માટે (હનફીઓ માટે) આપણા ઈમામનો કૌલની દલીલ પૂરતી છે.

જેમ કે સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલીખાં رحمۃ اللہ علیہ *બહારે શરીઅત*માં ફર્માવે છે : "આ બાબતો (નમાઝના તરીકા)ના વિશે ખૂબ જ સંખ્યામાં હદીષો તથા આષાર (સહાબાના કથનો) મૌજૂદ છે, બરકત રૂપે અમુક હદીષો વર્ણવી તો એ હેતુ નથી કે નમાઝના કાર્યો આ હદીષોથી સાબિત કરવામાં આવે, કે અમે ન એના લાયક છીએ અને ન એની અમને જરૂરત છે, કેમ કે મહાન ઈમામોએ એ મંઝિલો (કામો) પાર કરી આપી. આપણને તો તેમના આદેશો જ બસ છે, તે શરીઅતનાં અરકાનો છે, તેઓ એ જ ફર્માવે છે જે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلمના ઈર્શાદથી નકલ થયેલ છે. *(બહારે શરીઅત, ભાગ–૩, પેજ–૫૦૪)*

બરાબર એ પ્રમાણે કે બીમાર જ્યારે ડોક્ટર પાસે જાય છે અને ડોક્ટર તેની બીમારીની ચકાસણી પછી નુસ્ખો આપે છે તો તે કાંઈ પણ ચુંચા કર્યા વિના એ નુસ્ખા મુજબ ઈલાજ કરે છે અને એ ભાંજગડમાં નથી પડતો કે ડોક્ટરે આ નુસ્ખો ક્યાંથી લીધો છે, કેમ કે તે જાણે છે કે હું બીમારીની પોઝિશન, જાણકારી તથા તેના ઈલાજથી વાકેફ નથી અને આ ડોક્ટર ખૂબ

સારો નિષ્ણાત છે, જે દવા એ તજવીઝ કરશે તે ભલે મારી બુધ્ધિમાં ન સમાય પણ જરૂર લાભકારક હશે.

આ પ્રારંભિક ચર્ચા પછી આવો હવે મૂળ મુદ્દા પર આવીએ કે પુરૂષ તથા સ્ત્રીની નમાઝમાં કાંઈ ફરક પણ છે કે પછી બંનેની નમાઝ એક સરખી છે ?!

એનો સીધો જવાબ એ છે કે આપણા મહાન ઈમામો رضوان الله تعالى عليهم اجمعين એ પુરૂષ તથા સ્ત્રીની નમાઝમાં અમુક અરકાન તથા તરીકામાં ફરક દર્શાવ્યો છે. તેમનું આ ફર્માન જ અમારા માટે પૂરતુ છે, બાકી એ કે તેમણે એ અહકામ (હુકમો) કઈ દલીલોથી કાઢયાં છે, ન અમને એની જરૂરત છે ન અમે એની લાયકાત ધરાવીએ છીએ.

પણ કેટલાક ગૈર મુકલ્લિદોએ એને હદીષોની વિરૂદ્ધ દર્શાવતાં અહલે સુન્નતના માણસોથી દલીલોની માગણી કરી એટલા માટે અમે નીચેના લખાણમાં આ વિષય પર અમારા મહાન ઈમામોની કિતાબોમાંથી અમુક દલીલો રજૂ કરી આપીએ છીએ જેનાથી આપણા હનફી ભાઈઓની શંકા કુશંકાઓ ઈન્શાઅલ્મૌલલ અઝીઝ દૂર થઈ જશે અને સ્પષ્ટ થઈ જશે કે હનફી મઝહબ કુર્આન તથા હદીષથી કેટલો સમર્થિત છે અને ગૈર મુકલ્લિદોનો પાયો શાના પર છે ?!

## ★ ગૈર મુકલ્લિદોની માન્યતા ★

એના અનુસંધાનમાં ગૈર મુકલ્લિદોનો ખયાલ એ છે કે, "હદીષોથી પુરૂષ તથા સ્ત્રીના નમાઝના તરીકા તથા રીતમાં કોઈ તફાવત નથી, બલ્કે બંનેની નમાઝો એક સમાન છે, અને બંનેની નમાઝમાં ફરક કરવો એ દીનમાં દખલગીરી છે." જેમ કે તેમના માન્યવર પેશવા કુરૈશી મહાશય ફર્માવે છે : "શરીઅતે મુહમ્મદીમાં પુરૂષ તથા સ્ત્રીની નમાઝમાં કોઈ ફરક નથી, બલ્કે જેવી રીતે પુરૂષ નમાઝ પઢે છે એવી રીતે સ્ત્રીએ પણ પઢવી જોઈએ." *(દસ્તૂરુલ મુત્તકી, પેજ–૧૫૧)*

એ ગૈર મુકલ્લિદોની જમાઅતના એક અન્ય ફાઝિલ હકીમ સાદિક સિયાલકોટવી લખે છે : "સ્ત્રીઓ તથા પુરૂષોની નમાઝના તરીકાઓમાં કોઈ તફાવત નથી. પછી પોતાના તરફથી એ હુકમ લગાડવો કે સ્ત્રીઓ છાતી ઉપર હાથ બાંધે અને પુરૂષ ડૂંટી નીચે, અને સ્ત્રીઓ સિજદો કરતી વખતે જમીન પર કોઈ અન્ય સ્થિતિ અપનાવે પુરૂષો કાંઈ અન્ય, આ દીનમાં દખલગીરી છે. યાદ રાખશો કે તકબીરે તહરીમાંથી શરૂ કરીને અસ્સલામુ અલૈકુમ વ રહ્‌મતુલ્લાહ કહેતાં સુધી સ્ત્રીઓ તથા પુરૂષોના માટે એક પ્રકાર તથા સ્વરૂપની (તરીકાની) નમાઝ છે. રસૂલુલ્લાહ ﷺ એ સ્ત્રી તથા પુરૂષની નમાઝના તરીકામાં કોઈ ફરક નથી બતાવ્યો." *(સલાતુર્રસૂલ, પેજ–૧૯૦, ૧૯૧)*

હવે આવો ! જરા જોઈએ કે આ મહાશયોની વાતમાં કેટલો દમ છે ! જોઈએ કે મુબારક હદીષો તથા આષાર (સહાબાના કથનો)થી શું સાબિત છે અને દીનમાં દખલગીરી કયા મઝહબમાં ભરેલી છે.

## ★ અહનાફ (હનફીઓ)નો મઝહબ ★

આપણો મઝહબ એ છે કે પુરૂષ તથા સ્ત્રીના નમાઝ પઢવાનો સુન્નત પ્રમાણેનો તરીકો એક સરખો નથી બલ્કે અલગ અલગ છે, જેમાંથી અમુક આ મુજબ છે : (૧) પુરૂષના માટે તહરીમાના સમયે બંને હાથ કાનો સુધી ઉઠાવવા કે બંને અંગૂઠા કાનની પટ્ટીને સ્પર્શી જાય એ સુન્નત છે, અને સ્ત્રીના માટે એ રીતે હાથ ઉઠાવવા કે આંગળીઓના છેડા બંને ખભાઓના સમાંતરે હોય એ સુન્નત છે. (૨) પુરૂષ ડૂંટીની નીચે હાથ બાંધે અને સ્ત્રી ડાબી હથેળી છાતી પર રાખીને તેની પીઠ જમણી હથેળી રાખે. (૩) પુરૂષ રુકૂઅમાં ગુઠણોને હાથ વડે પકડે અને હથેળીઓ ખૂબ ફેલાયેલી હોય અને પીઠ બીછાયેલી અને માથુ પીઠના સમાંતરે હોય અને પગો સીધા હોય. એથી ઉલ્ટુ સ્ત્રી થોડુ ઝુકે કે હાથ ગુઠણો સુધી પહોંચી જાય, પીઠ સીધી ન કરે, ગુઠણો પર જોર ન આપે બલ્કે કેવળ હાથ રાખી દે, હાથોની આંગળીઓ ભેગી કરેલી રાખે અને પગો ઝુકેલાં (વાંકા) રાખે. (૪) સિજદામાં પુરૂષ બાવડાંને પાસાંઓથી અને પેટને જાંગોથી અલગ રાખે અને હાથોને જમીન પર ન ફેલાવે. એનાથી ઉલ્ટુ સ્ત્રી સંકોચાયને સિજદો કરે એટલે કે બાવડાંને પાસાં સાથે

અને પેટને જાંગ સાથે અને જાંગને પીંડલીઓ સાથે પીંડલીઓને જમીન સાથે મિલાવી દે. (૫) કાઈદામાં પુરૂષ ડાબો પગ બિછાવીને બંને બેઠકો (સીટ) એના પર રાખે અને જમણો પગ ઉભો રાખે. જ્યારે કે સ્ત્રી બંનેવ પગો જમણી તરફ કાઢી નાખે અને ડાબા પડખા પર બેસે.

## ★ હનફીઓની દલીલો ★

**તકબીરે તહરીમાના સમયે હાથ ઉઠાવવાનો તરીક઼ો** : **(૧)** હઝરત વાઈલ બિન હજરથી રિવાયત છે કે મને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, હે વાઈલ ! જ્યારે તમે નમાઝ પઢો તો તમારા હાથો કાનો સુધી ઉઠાવો અને સ્ત્રી પોતાના હાથ પોતાની છાતીના બરાબર ઉઠાવે. *(મોઅજમે તબરાની, ભાગ–૨૨, પેજ–૧૮)*

**(૨)** હઝરત અબ્દેરબ્બહ ફર્માવે છે કે મેં હુઝૂર ﷺનાં સહાબિયા ઉમ્મે દરદા رضی اللہ عنہاને જોયાં કે તેણી નમાઝમાં પોતાના બંને હાથો પોતાના ખભાઓ સુધી ઉઠાવે છે. *(જુઝએ રફએ યદૈન લિલ ઈમામે બુખારી, પેજ–૭)*

**(૩)** હઝરત ઈબ્ને જુરૈજ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં અઝીમુશ્શાન તાબઈ હઝરત અતાથી કહ્યું કે શું સ્ત્રી તહરીમાના સમયે પોતાના બંનેવ હાથો વડે પુરૂષની જેમ ઈશારો કરશે ? તો તેમણે ફર્માવ્યું, નહીં ! તેણી પોતાના હાથ પુરૂષની જેમ ન ઉઠાવે. પછી ઈશારાથી બતાવ્યું કે તે બંને હાથો ખૂબ નીચા રાખે અને તેને પોતાના સીના (છાતી)થી મિલાવી દે અને ફર્માવ્યું કે સ્ત્રીના માટે (નમાઝમાં) એક ખાસ તરીક઼ો છે જ પુરૂષના માટે નથી. *(મુસન્નફે ઈબ્ને અબી શયબા, ૧/૨૩૯)*

**(૪)** ઈમામ બુખારીએ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી, મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે જ્યારે નમાઝના માટે ઉભા થતા તો પોતાના બંને હાથોને ખભાઓ બરાબર ઉઠાવતા. *(બુખારી, ભાગ : ૧)*

**વર્ગીકરણ : (અ)** : હદીષ–૧ થી સાબિત થયું કે સ્ત્રી છાતીના બરાબર હાથ ઉઠાવે અને હદીષ–૨ માં હઝરત ઉમ્મે દરદા رضی اللہ عنہاના ફેઅલથી જાહેર થઈ રહ્યું છે કે ખભાઓ સુધી હાથ ઉઠાવે. પણ બંનેમાં કોઈ ટકરાવ નથી, કેમ કે હાથ હથેળીથી આંગળીના છેડા સુધી છે, તો જ્યારે હાથને એ રીતે રાખવામાં આવે કે બંનેવ હથેળીઓ છાતીના સમાંતરે હોય તો આંગળીઓના છેડા ખભાના સમાંતરે થઈ જશે.

**(બ)** : એ જ પ્રમાણે હદીષ–૧ અને ૪ માં પણ હકીકતમાં કોઈ ટકરાવ નથી, કેમ કે કાનપટ્ટીથી લઈને આખરી હિસ્સા સુધી પૂરો કાન છે, જેથી જો પુરૂષ પોતાનો હાથ એ રીતે ઉઠાવે કે હથેળી ખભાઓ બરાબર થાય તો અંગૂઠા કાનની પટ્ટી બરાબર થઈ જશે અને આંગળીઓ કાનની ઉપર તરફના હિસ્સાના સમાંતરે આવી જશે. અને એ જ હનફીઓનો મઝહબ છે.

## ★ ક઼યામની હાલતમાં હાથ બાંધવાનો તરીક઼ો ★

**(૧)** હઝરત વાઈલ બિન હજર ફર્માવે છે કે મેં અલ્લાહના રસૂલ ﷺને જોયા કે હુઝૂરે પોતાનો જમણો હાથ પોતાના ડાબા હાથ પર ડૂંટીની નીચે રાખ્યો. *(ઈબ્ને અબી શયબા બસનદે સહીહ બહવાલા સહીહુલ બુખારી ૧/૩૮૫)*

**(૨)** આ જ વાઈલ બિન હજર ફર્માવે છે કે મેં અલ્લાહના રસૂલ ﷺની સાથે નમાઝ પઢી તો હુઝૂરે પોતાનો જમણો હાથ પોતાના ડાબા હાથ પર છાતી પર બાંધ્યો. *(સહીહ ઈબ્ને ખુઝૈમા)*

**સ્પષ્ટતા** : હવે જ્યારે કે બંનેવ વિરોધાભાસી હદીષો એક જ સહાબી થકી રિવાયત પામી છે અને બંનેવ રિવાયતના લેહાઝથી પણ સાબિત અને મક઼બૂલ છે. તો હનફીઓએ બંનેવ હદીષો પર અમલ કર્યો, તે એ રીતે કે પુરૂષોના હક઼્ક઼માં ડૂંટીની નીચે હાથ બાંધવાવાળી રિવાયતને અપનાવી અને સ્ત્રીઓના હક઼્ક઼માં સીના પર હાથ બાંધવાવાળી હદીષને અપનાવી. અને એમાં શું હિકમત છે એને આખરમાં ખુલાસા સાથે વર્ણવીશું. ઈન્શાઅલ્લાહ !

## ★ રુકૂઅનો તરીક઼ો ★

આ બારામાં પુરૂષોનો મસ્નૂન (સુન્નત મુજબનો)

તરીક઼ો બુખારી, ઈબ્ને માજહ, અબૂ દાઊદ, તહાવી, મોઅજમે તિબ્રાની, અવસત અને સગીર અને એ ઉપરાંત ઘણી બધી કિતાબોમાં સાબિત છે, જેની ઈચ્છા થાય તે તે કિતાબોનો અભ્યાસ કરી લે. અસલ વાત અહીં સ્ત્રીઓના મસ્નૂન તરીક઼ાના બારામાં છે. અહનાફ઼ (હનફ઼ીઓએ) સ્ત્રીઓના માટે રુકૂઅનો તરીક઼ો સતર (શરીર છુપાવવા)ના કારણે અપનાવ્યો કે આ તરીક઼ામાં તેમના અંગોનું સતર અધિક પ્રમાણમાં થશે અને એની હિકમત પણ ઈન્શાઅલ્લાહ છેવટમાં વર્ણન થશે.

## ★ સિજદાનો તરીક઼ો ★

**(૧)** હુઝૂર ﷺએ ફ઼ર્માવ્યું : જ્યારે તું સિજદો કરે તો તારી હથેળીઓ મૂક અને કોણીઓ જમીનથી ઉઠાવી લે. *(મુસ્લિમ, ૧/૨૫૪)*

**(૨)** હુઝૂરે અક઼દસ ﷺએ ફ઼ર્માવ્યું : સજદામાં પીઠ બરાબર રાખો અને તમારામાંનો કોઈ પોતાની કલાઈ (કોણી સમેટ હાથ) જમીન પર ન બિછાવે જેવી રીતે કે કૂતરું બિછાવે છે. *(મુસ્લિમ, ૧/૨૫૪)*

**(૩)** ઉમ્મુલ મોમિનીન હઝરત મૈમૂના رضی اللہ عنہا ફ઼ર્માવે છે : હુઝૂર ﷺ જ્યારે સિજદો કરતા તો પોતાના બંનેવ હાથોને પાસાંઓ સાથેથી એટલા અલગ રાખતા કે જો વચ્ચેથી બકરીનું બચ્ચુ પસાર થવા ચાહે તો પસાર થઈ જતું. *(અબૂ દાઊદ, ૩/૨૧૧)*

**(૪)** હઝરત અબૂ હુમૈદ સાઅદી رضی اللہ عنہ ફ઼ર્માવે છે કે જ્યારે હુઝૂર ﷺ સિજદો કરવા માટે જમીન પર ઝુકતા તો પોતાનાં બાવડાંને પોતાની બગલોથી અલગ રાખતા. *(નિસાઈ, ૩/૨૧૧)*

**(૫)** એ જ અબૂ હુમૈદ رضی اللہ عنہ ફ઼ર્માવે છે કે જ્યારે હુઝૂર ﷺ સિજદો કરતા તો બંનેવ જાંગો અલગ રાખતા અને પેટ મુબારક જાંગોના કોઈ હિસ્સાથી ન ઉઠાવતા એટલે કે પેટને જાંગોથી અલગ રાખતા. *(અબૂ દાઊદ–૩, બહવાલા અત્તઅલીક઼ુમ મુજલ્લી)*

**(૬)** હઝરત યઝીદ બિન અબૂ હબીબ رضی اللہ عنہ ફ઼ર્માવે છે કે અલ્લાહ તઆલાના રસૂલ ﷺ બે સ્ત્રીઓ પાસેથી પસાર થયા જે નમાઝ પઢી રહી હતી તો ફ઼ર્માવ્યું, જ્યારે તમે બંને સજદા કરો તો શરીરનો કેટલોક હિસ્સો જમીન સાથે મિલાવી દીધા કરો, કેમ કે **સ્ત્રી આ બારામાં પુરૂષની જેમ નથી.** *(અબૂ દાઊદ, પેજ–૮, બયહક઼ી, ૨/૨૨૩)*

**(૭)** હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે જ્યારે સ્ત્રી કાઈદો કરે તો પોતાની જાંગ બીજી જાંગ પર રાખે અને જ્યારે સજદો કરે તો પોતાના પેટને જાંગ સાથે મિલાવી દે, આ રીતે એના માટે અધિકથી અધિક પર્દો થશે. *(કન્ઝુલ ઉમ્માલ, ૭/૫૪૯)*

**(૮)** હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે કે જ્યારે સ્ત્રી સજદો કરે તો ખૂબ સંકોચાયને સિજદો કરે અને બંને જાંગો એકબીજા સાથે મિલાવે. *(મુસન્નફ઼ ઈબ્ને અબી શયબા, ૧/૨૭૯)*

## ★ જુલૂસ (કાયદામાં બેસવા)ની સ્થિતિ ★

**(૧)** ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફ઼ર્માવે છે કે હુઝૂર ﷺ કાઈદાની હાલતમાં ડાબો પગ બિછાવતા હતા અને જમણો પગ ઉભો રાખતા હતા. *(મુસ્લિમ, ૧/૧૧૫)*

**(૨)** એ જ પ્રમાણે હઝરત વાઈલ બિન હજરથી પણ રિવાયત છે. *(શરહે મઆનિયુલ આષાર, મુસ્નદે અબી હનીફ઼ા)*

**(૩)** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફ઼ર્માવે છે કે સુન્નત એ છે કે તું જમણો પગ ઉભો રાખે અને તેની આંગળીઓ ક઼િબ્લા તરફ઼ રાખે અને ડાબા પગ પર બેસે. *(નિસાઈ, ૨/૨૩૬)*

**(૪)** એ જ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફ઼ર્માવે છે, તેમને પૂછવામાં આવ્યું કે સ્ત્રીઓ રિસાલતના સમયમાં કેવી રીતે નમાઝ પઢતી હતી ? તો ફ઼ર્માવ્યું, ચાર ઝાનું (સર્વ પગો જાંગો એક સાથે સમેટીને) બેસતી હતી પછી તેણીઓને હુકમ આપવામાં આવ્યો કે ખૂબ જ સંકોચાય જાય. *(મુસ્નદે અબી હનીફ઼ા, ૧/૩ જામિઉલ મસાનીદ અલ્બાબુષાલિય, પેજ–૧૩૫)*

**(૫)** એનાથી આગલા પ્રકરણમાં જાંગ પર જાંગ રાખવાની રિવાયત એમના થકી જ વર્ણન થઈ ચૂકી છે.

**(૬)** હઝરત અલી رضی اللہ عنہ થકી એક રિવાયતમાં આ પ્રમાણેના શબ્દો રિવાયત થયા છે કે જ્યારે સ્ત્રી નમાઝ પઢે તો ખૂબ જ સંકોચાય જાય. જૌહરીએ સિહાહમાં કહ્યું કે, એટલે કે જ્યારે કાઈદો કરે તથા સિજદો કરે. અને આ એ જ સ્થિતિમાં શક્ય છે જે અહનાફ (હનફીઓએ) બતાવ્યું.

**(૭)** તદ્‌ઉપરાંત આ બારામાં હુઝૂર ﷺથી બે પ્રકારની હદીષો રિવાયત પામી છે, એક તો એ જ જે ઉપર હદીષ–૧ માં વર્ણન થઈ ચૂકી, અને બીજી તે હદીષ જેને ઈમામ તહાવીએ શરહે મઆનીમાં વર્ણન કરી કે હુઝૂર ﷺએ કાઈદાની હાલતમાં' "તવર્રુક" ફર્માવ્યું એટલે બંને પગો ડાબી બાજુ કાઢીને ડાબા પડખા પર જુલૂસ ફર્માવ્યો (બેઠક કરી). પછી જ્યારે બંને પ્રકારની હદીષો રિવાયત પામેલી છે તો અહનાફે (હનફીઓએ) બંને હદીષો પર અમલ કર્યો કે 'તવર્રુક' વાળી હદીષ સ્ત્રીઓના હક્કમાં અપનાવી અને પ્રથમ હદીષ મર્દોના માટે અપનાવી.

**ચેતવણી** : આ સર્વ અરકાનમાં સ્ત્રીનો હુકમ પુરૂષ કરતાં અલગ કરવામાં મૂળ વાત એ છે કે ઈસ્લામમાં સ્ત્રીના સતર (છુપાવવા)ની ખૂબ જ અધિક પ્રમાણમાં કાળજી રાખવામાં આવી છે, ત્યાં સુધી કે ઈબાદતની અંદર પણ એ ચીજનો લેહાઝ રાખવામાં આવ્યો છે. જેમ કે હદીષે પાકમાં ફર્માવવામાં આવ્યું, "સ્ત્રી (ઔરત) છુપાવવાની ચીજ છે." *(તિર્મિઝી)* એ જ કારણે સ્ત્રીઓની છેલ્લી સફને પહેલી સફ કરતાં અફઝલ દર્શાવવામાં આવી. અને ઘરમાં નમાઝ પઢવાને બેહતર ઠરાવેલ છે. જેમ કે ફર્માવ્યું કે પુરૂષોની સફોમાં બેહતર પહેલી સફ છે અને કમતર છેલ્લી સફ છે, અને સ્ત્રીઓની સફોમાં બેહતર છેલ્લી સફ છે અને કમતર પહેલી સફ છે. *(મુસ્લિમ, ૨૩૨)*

અને ફર્માવવામાં આવ્યું કે સ્ત્રીનું વરંડામાં નમાઝ પઢવા કરતાં ઘરમાં (બેઠક રૂમમાં) નમાઝ પઢવું બેહતર છે અને (અંદરના) ઓરડામાં નમાઝ પઢવું બેઠક રૂમમાં નમાઝ પઢવાથી બેહતર છે. *(અબૂ દાઊદ, ૧/૨૩૫)*

તદ્‌ઉપરાંત આ હદીષ વર્ણન થઈ ચૂકી કે હુઝૂર ﷺએ બે સહાબિયાને સિજદાની હાલતમાં જમીન સાથે સંકોચાય જવાનો હુકમ આપ્યો અને ફર્માવ્યું કે, "સ્ત્રી આ બારામાં પુરૂષો જેમ નથી."

એનાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺએ એવું એટલા માટે ફર્માવ્યું કે જમીન પર સંકોચાયને સિજદો કરવામાં તેણીઓ માટે અધિક પર્દો છે, જ્યારે કે પર્દો થવાનું તો એના વિના પણ હાંસલ છે કે નમાઝની હાલતમાં સ્ત્રીનું શરીર ઢાંકેલુ જ હોય છે !

અને હઝરત અલી رضی اللہ عنہ તથા હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماના ઈર્શાદોથી પણ એ ચીજને ટેકો મળે છે. તો જાણવા મળ્યું કે હુઝૂરે અકદસ ﷺની દષ્ટિએ સ્ત્રીના હક્કમાં નમાઝની હાલતમાં પણ એ જ હોવું જોઈએ કે તેમના માટે એવી સ્થિતિ ખડી કરવામાં આવે જેનાથી તેણીના શરીરોના અંગ ઉપાંગોનો અધિક પર્દો થઈ શકે. એટલા માટે આપણા હનફી ઈમામોએ હુઝૂર ﷺના એ ખયાલ મુબારક પ્રમાણે સીના (છાતી) પર હાથ બાંધવાવાળી હદીષને, એ જ પ્રમાણે કાઈદાની હાલતમાં 'તવર્રુક' વાળી હદીષને સ્ત્રીઓના હક્કમાં અગ્રતા આપી કે એમાં તેણીઓ માટે (અન્ય રીત કરતાં) અધિક પર્દો છે જે તેણીઓની સ્થિતિના અધિક માફકસરની તથા શરીઅતના હેતુના અધિક મળતી છે.

આ પરથી સ્પષ્ટ થઈ ગયું કે આપણા હનફી ઈમામોએ રુકૂઅ કરવાનો જે મસ્નૂન તરીકો સ્ત્રીઓના માટે વર્ણવ્યો છે એ જ બેહતર છે અને એમાં જ અધિક સાવધાની છે અને એ તદન શરીઅતના હેતુના અનુસાર છે.

ખુલાસો એ કે **પુરૂષો તથા સ્ત્રીઓની નમાઝમાં ફરક યકીનન ! હદીષો તથા આષારથી સાબિત છે અને એ જ હનફીઓનો મઝહબ છે.** દેખતી આંખોવાળાના માટે આટલુ જ પૂરતુ છે, નહીં તો હઠધર્મીવાળા માટે ઢગલા લખાણો બેકાર છે.

# આખેરતના અઝાબની ભયાનકતા !

રજૂકર્તા : **જનાબ અબ્દુર્રઉફ–પાલેજ** *(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

આ નાશવંત દુનિયામાં કોઈએ હમેશાં નથી રહેવાનું, બલ્કે એક ન એક દિવસે દરેકને આ દુનિયા છોડીને આખેરતનો સફર ખેડવાનો છે. તેમ છતાં ગફલતમાં પડેલા લોકો આ ફાની દુનિયાના થોડાક દિવસોના એશ આરામથી ખુશ થઈને મૌતની કઠોરતાથી ગાફેલ છે અને દુનિયાની મિઠાશમાં મસ્ત છે. બાળકો અને ઘરવાળાંઓની લાગણી અને દોસ્ત તથા સાથીઓની ટેમ્પરરી મિત્રતામાં અંધારી કબ્રના એકાંતને ભૂલી બેઠા છે. પણ અચાનક મૌતનો ફરિશ્તો આવશે અને તેઓની બધી ઉમ્મીદો ખાકમાં મળીને રહી જશે.

કામયાબ વ્યક્તિ તે છે જે મૌતથી પહેલાં ગફલતની નિદ્રાથી જાગી ઉઠે, ગુનાહોથી નફરત કરવા લાગે અને પોતાના ગુનાહોથી સાચી તૌબા કરીને અલ્લાહની ઈતાઅત (આજ્ઞાપાલન) કરવા લાગે. અલ્લાહ તઆલા આપણને તૌફીક અતા ફર્માવે. આમીન

**દુનિયાની જિંદગીનો ધોકો** : અફસોસ છે તે વ્યક્તિ પર જે થોડાક દિવસોની દુનિયવી જિંદગીના ધોકામાં પડીને મૌતની કઠોરતા, કબ્રના અંધકાર અને હિસાબ કિતાબને ભૂલી જાય.

અલ્લાહ તબારક વ તઆલા દુનિયાના ધોકાથી બચવા માટે લોકોને ખબરદાર કરતાં ઈર્શાદ ફર્માવે છે : "હે લોકો ! બેશક ! અલ્લાહનો વાયદો સાચો છે, તો દુનિયાનું જીવન તમને કદાપી ધોકાબાજી આપે નહીં અને કદાપિ તમને પેલો મહા ફરેબી (એટલે શયતાન)." *(પારા–૨૨, સૂ. ફાતિર, આ. ૫)*

અલ્લાહ તઆલાએ આ આયતમાં બંદાઓને ચેતવણી આપી કે અલ્લાહ તઆલાનો વાયદો સાચો છે. મૃત્યુ પછી ફરી બીજીવાર ઉઠવાનું છે અને દરેકને પોતાના આમાલનો હિસાબ અલ્લાહ તઆલાની બારગાહમાં આપવાનો છે, તો એવું ન કરવું કે દુનિયાની લિજ્જતોમાં પરોવાઈને આખેરતને ભૂલી જાવ.

**નુકસાનમાં કોણ ?** : અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે : "હે ઈમાનવાળાઓ ! તમારા માલ કે તમારી ઔલાદ કોઈપણ વસ્તુ તમને ક્યાંક અલ્લાહની યાદ વિસરાવી દે નહીં ! અને જે એવું કરે તો તે લોકો જ નુકસાનમાં છે." *(પા–૨૮, સૂ. મુનાફિકૂન, આ. ૯)*

આ આયતે કરીમામાં અલ્લાહ તઆલાએ મુસલમાનોને માર્ગદર્શન આપ્યું કે એવું ન થાય કે તમે દુનિયામાં લાગી જાવ અને દીનને ભૂલી જાવ અને માલ દૌલતની ફિકરમાં તમારા પરિણામની પરવા ન કરો, અને ઔલાદની ખુશી માટે આખેરતની રાહતોથી ગાફેલ રહો. અને એ પણ બતાવ્યું કે જે આવું કરે, એટલે આ ફાની દુનિયાની પાછળ આખેરતની બાકી રહેવાવાળી નેઅમતોની પરવા ન કરે તે જ નુકસાનમાં છે.

અને ફર્માવે છે : "તમારી દૌલત અને તમારાં બાળકો કસોટી જ છે. અને અલ્લાહ પાસે મહાન સવાબ છે." *(પા–૨૮, સૂ. તગાબૂન, આ. ૧૫)*

**નફસનો હિસાબ** : ઈન્સાને જોઈએ કે દરેક સમયે પોતાના અમલોનો હિસાબ કરતા રહે. અલ્લાહ તઆલા નફસનો હિસાબ કરવાનો આદેશ આપે છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે : "હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો ! અને દરેક જીવે જોવું જોઈએ કે કાલ માટે શું આગળ મોકલ્યું ?! અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહને તમારાં કામોની ખબર છે." *(પા–૨૮, સૂ. હશ્ર, આ. ૧૮)*

આ આયતમાં આ વાત તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે ઈન્સાન પોતાના પાછળના અમલોનો હિસાબ કરે. આથી જ હઝરત અમીરુલ મો'મિનીન સૈયદના ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું છે કે, "એથી પહેલાં કે તમારો હિસાબ લેવામાં આવે, તમે જાતે પોતાનો હિસાબ લઈ લો ! અને એથી પહેલાં કે તમારા અમલોને તોલવામાં આવે તમે જાતે પોતાના અમલો તોલી લો."

**નફસનો હિસાબ અને અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ** : જ્યારે રાત થતી તો અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ પોતાના પગ પર ચાબુક મારતા અને પોતાના દિલને કહેતા, તેં આજે શું અમલ કર્યો ?!

થોડુ વિચારો ! અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને આપના જીવનમાં જ હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمએ જન્નતની ખુશખબરી આપી દીધી હતી તે પોતાના નફસનો કઈ રીતે હિસાબ લઈ રહ્યા છે ?! અને આપણે ખતાકાર સિયાહકાર, ગુનેહગાર ઈન્સાનોનો શું હાલ છે ? રાત અને દિવસ ગફલતમાં પસાર થઈ રહ્યા છે તો પણ પોતાના નફસનો હિસાબ નથી લેતા !

**અલ્લાહ તઆલાનો ખૌફ** : સાચો અને કામિલ મો'મિન તે છે જે અલ્લાહ તઆલાની રહમતથી મગફેરતની ઉમ્મીદ રાખે અને તેના અઝાબથી ડરતો પણ રહે.

અલ્લાહ તઆલા ફર્માવે છે : "લોકોથી ન ડરો અને મારાથી ડરો." *(પા-૬, સૂ. માએદા, આ. ૪૪)*

રસૂલે અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, "જ્યારે કોઈ બંદો ખૌફે ઈલાહીથી ધ્રૂજે છે તો તેના ગુનાહ તેના શરીરથી એવી રીતે ખરી પડે છે જેવી રીતે ઝાડને હલાવવાથી તેનાં પાદડાં ખરી પડે છે." *(અત્તરગીબ વત્તરહીબ)*

મુખબીરે સાદિક صلی اللہ علیہ وسلمએ તે સાત આદમીઓનો ઉલ્લેખ ફર્માવ્યો કે જે દિવસે કોઈ છાયડો નહીં હશે તો અલ્લાહ તઆલા તેઓને પોતાના અર્શના છાયડામાં જગા આપશે, તેમાંથી એક તે આદમી છે જે એકાંતમાં અલ્લાહ તઆલાના અઝાબ અને વઈદ (ધમકી)ને યાદ કરે અને પોતાના ગુનાહોને યાદ કરી ખૌફે ખુદાથી તેની આંખોમાં આંસૂ આવી જાય, અને ખૌફે ખુદાના કારણે તે નાફર્માની અને ગુનાહોથી દૂર થઈ જાય. *(સહીહ બુખારી શરીફ)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે બે આંખો એવી છે જેને જહન્નમની આગ અડકશે નહીં. એક તે આંખ જે અડધી રાત્રે અલ્લાહ તઆલાના ખૌફમાં રડી અને બીજી તે આંખ જેણે ખુદાની રાહમાં નિગેહબાની કરતાં રાત પસાર કરી. *(સુનને તિર્મિઝી)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે : હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "કયામતના દિવસે દરેક આંખ રડશે, પણ તે આંખ અલ્લાહ તઆલાની હરામ કરેલ ચીજોથી રોકાઈ રહી, જે આંખ ખુદાની રાહમાં જાગૃત રહી, અને જે આંખ ખુદાના ખૌફથી માખીની પાંખના બરાબર આંસૂ વહાવે, તે રડવાથી સુરક્ષિત રહેશે." *(અત્તરગીબ વત્તરહીબ)*

જે બંદાઓમાં ખુદાનો ખૌફ છે અલ્લાહ તઆલા તેઓને ખુશ ખબરી આપતાં ફર્માવે છે : "અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ તેનાથી ખુશ, આ તેના માટે છે જે અલ્લાહથી ડરે." *(પા-૩૦, સૂ. બય્યિનહ, આ. ૮)* અને ઈર્શાદ ફર્માવે છે : "જે ડરે છે તે નજીકમાં જ નસીહત માનશે." *(પા-૩૦, સૂ. અઅલા, આ. ૧૦)*

**નફસ સાથે જેહાદ** : નબીએ કરીમ صلی اللہ علیہ وسلمનું ફર્માન છે : "નફસ સાથે જેહાદ સૌથી શ્રેષ્ઠ જેહાદ છે." *(બયહકી)*

સહાબાએ કિરામ જ્યારે જેહાદ (જંગ)થી પાછા ફરતા તો કહેતા આપણે નાના જેહાદથી મોટા જેહાદ તરફ આવી ગયા છીએ.

સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ શયતાન, નફસ અને ખ્વાહિશોથી જેહાદને કાફિરો સાથે જેહાદ કરવા કરતાં કેટલાક કારણોસર મોટો અને મહાન કહ્યો છે. એક તો એ કે નફસ સાથે જેહાદ

હમેશાં ચાલુ રહે છે. અને કાફિરો સાથે ક્યારેક થાય છે. બીજુ કારણ એ છે કે કાફિર સાથે જેહાદમાં ગાઝી પોતાના દુશ્મનને પોતાની સામે જોતો રહે છે, પણ શૈતાન નજરે આવતો નથી. અને દેખીતા દુશ્મનના મુકાબલામાં છુપી રીતે વાર કરવાવાળા દુશ્મનથી લડવું ખૂબ જ મુશ્કેલ હોય છે. ત્રીજુ કારણ એ છે કે કાફિર સાથે ગાઝીની હમદર્દી બિલકુલ નથી હોતી અને શૈતાન સાથે જેહાદ કરવામાં નફસ તથા ખ્વાહિશો શૈતાનની મદદગાર તાકતોમાં ગણાય છે.

હે મુસલમાનો ! આ દુનિયા ચાર દિવસની છે, તેના રંગમાં રંગાઈને પોતાની આખેરત બર્બાદ ન કરો! દરેક સમયે પોતાના નફસનો હિસાબ લેતા રહો, તેને નેકીઓ તરફ પ્રોત્સાહિત કરતા રહો અને બુરાઈઓથી રોકતા રહો.

અલ્લાહ તબારક વ તઆલા ખ્વાહિશોથી દૂર રહેવાવાળાઓને જન્નતની ખુશખબરી આપતાં ઈર્શાદ ફર્માવે છે : "અને તે જે પોતાના રબ સમક્ષ ઉભો રહેવાથી ડર્યો અને નફસને વાસનાથી રોકાયો તો બેશક ! જન્નત જ તેનું ઠેકાણુ છે." *(પા–૩૦, સૂ. નાઝિઆત, આ. ૪૦, ૪૧)*

અને ફર્માવે છે : "અને જે પોતાના રબ સમક્ષ ઉભા રહેવાથી ડરે તેના માટે બે જન્નતો છે." *(પા–૨૭, સૂ. રહમાન, આ. ૪૬)*

**મૌતની યાદ** : હુઝૂરે અકરમ ﷺનું ફર્માન છે : લિજ્જતોને નષ્ટ કરવાવાળી (મૌત)ને પુષ્કળ પ્રમાણમાં યાદ કરો. *(સુનને તિર્મિઝી)*

આ ફર્માનમાં મૌતને પુષ્કળ યાદ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે, જેથી ઈન્સાન મૌતને યાદ કરીને દુનિયાની ફના થવાવાળી મજાથી મોઢું ફેરવી લે અને અલ્લાહ તઆલાનો ફર્માબરદાર બંદો બની જાય.

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂરે અકરમ ﷺ ઈર્શાદ ફર્માવે છે : મૌતને ખૂબ જ યાદ કરો, તેનાથી ગુનાહ માફ થઈ જાય છે અને દુનિયાથી અભિલાષા ઓછી થઈ જાય છે. *(કન્ઝુલ ઉમ્માલ)*

**હોશિયાર કોણ ?** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે હું દસમો વ્યક્તિ હતો જે હુઝૂર ﷺની મજલિસમાં હાજર હતો. એક અન્સારી જવાને પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ **સૌથી વધુ ઈજ્જતવાળો** અને **હોશિયાર** કોણ છે ? આપે ફર્માવ્યું, **જે મૌતને ખૂબ જ યાદ કરે** છે, અને તેના માટે પૂરેપૂરી તૈયારી કરે છે, તે હોશિયાર છે. અને આ લોકો જ દુનિયા અને આખેરતમાં ઈજ્જતવાળા થાય છે. *(સુનને ઈબ્ને માજહ)*

એક વખત હુઝૂર ﷺ મસ્જિદ તરફ તશરીફ લઈ જઈ રહ્યા હતા કે આપે એક એવી જમાઅતને જોઈ જે લોકો હસી હસીને વાતો કરતા હતા. આપે ફર્માવ્યું, "મૌતને યાદ કરો ! રબ્બે ઝુલજલાલની કસમ ! જેના કબજામાં મારો પ્રાણ છે, જે હું જાણુ છું જો તે તમને ખબર પડી જાય તો ઓછુ હસો અને રડો વધારે !" *(અહ્યાઉલ ઉલૂમ)*

**મૌતની કઠોરતા** : હઝરત ઈસા علیہ السلام અલ્લાહ તઆલાના હુકમથી મુડદાંઓને જીવંત કરતા હતા. કેટલાક કાફિરોએ આપને કહ્યું કે આપ તો તરત જ મરેલ વ્યક્તિને જીવંત કરી દો છો, શું ખબર તે ન પણ મર્યો હોય ? કોઈ પહેલાંના જમાનાના મુર્દાને જીવંત કરી બતાવો ! હઝરત ઈસા علیہ السلامએ ફર્માવ્યું, તમે જાતે બતાવો કયા મુર્દાને જીવંત કરું ? તેઓએ કહ્યું કે હઝરત નૂહ علیہ السلامના બેટા સામને જીવંત કરી બતાવો. હઝરત ઈસા علیہ السلام તેની કબ્ર પર તશરીફ લાવ્યા, આપે બે રકાત નમાઝ પઢી અને અલ્લાહ તઆલાથી દુઆ કરી તો તે ખુદાના હુકમથી જીવંત થઈ ગયા તો હઝરત ઈસા علیہ السلامએ જોયું કે તેમના માથા અને દાઢીના વાળ સફેદ થઈ ગયા હતા. આપે પૂછયું હે સામ ! આ સફેદી કેવી છે ? આ તમારા સમયમાં તો ન હતી ? તેમણે કહ્યું, જયારે મેં તમારો અવાજ સાંભળ્યો તો હું સમજયો કે લગભગ કયામત કાયમ થઈ ગઈ ! કયામતના ભયથી મારા માથા અને દાઢીના વાળ સફેદ થઈ ગયા. હઝરત ઈસા علیہ السلامએ ફર્માવ્યું, તમને મૃત્યુ થયાને કેટલો સમય થયો ? તે બોલ્યા કે પૂરા ચાર હજાર વર્ષ થયાં અને

અત્યાર સુધી મૌતની કડવાશ અને સકરાતના સમયની તકલીફ અને બેચૈની બાકી છે. *(દુર્રતુલ વાઈઝીન)*

વિચારો ! અને ચિંતન કરો કે સકરાતના સમયે માણસને કેટલી તકલીફ થાય છે કે ચાર હજાર વર્ષોનો લાંબો સમયગાળો વીતી ગયા પછી પણ સકરાતની તકલીફ અને બેચેની નથી જતી !

હુઝૂર ﷺનુ ફર્માન છે : ''જો તમારી જેમ જાનવર મૌતને જાણી લેતાં તો તેમાંથી તાજુ જાનવર ખાવા ન મળતુ.'' *(કન્ઝુલ ઉમ્માલ)* એટલે મૌતનું જ્ઞાન જેટલુ ઈન્સાનને છે જો એટલુ જ્ઞાન જાનવરને હોતું તો તે દરેક મૌતના ખૌફથી સુકાઈ જતાં અને કોઈ તાજુ જાનવર ખાવા ન મળતું !

**કબ્રના હાલાત :**

**અંધેરા ઘર અકેલી જાન દમ ઘુટતા દિલ ઉકતાતા**
**ખુદા કો યાદ કર પ્યારે વો સાઅત આને વાલી હૈ**

ઈન્સાનને આ દુનિયાથી ગયા પછી આખેરતની મંઝિલોમાં સૌથી પહેલી જે મંઝિલનો સામનો કરવો પડે છે તે કબ્ર છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : ''તમને માલ દૌલતની વધારે તલબે ગાફેલ રાખ્યા એટલે સુધી કે તમે કબરોનું મોઢું જોયું.'' *(પા–૩૦, સૂ. તકાસૂર, આ. ૧, ૨)*

ફર્માને નબવી છે કે જ્યારે મૈયતને કબરમાં રાખવામાં આવે છે તો કબર કહે છે, હે ઈન્સાન ! તારા પર અફસોસ છે ! તને મારા પ્રત્યે કઈ વસ્તુએ ધોકામાં રાખ્યો હતો ?! શું તને ખબર ન હતી કે હું કસોટી અને કીડા મકોડાનું ઘર છું ?! જ્યારે મારા પરથી આગળ પાછળ પગ મૂકીને પસાર થતો હતો ત્યારે કયો ઘમંડ તારી ઉપર સવાર હતો ? જો મૈયત નેક હોય તો તેના તરફથી કોઈ જવાબ આપવાવાળો કબરને જવાબ ઓ છે, શું તને ખબર નથી કે આ નેકીઓનો હુકમ આપતો હતો અને બુરાઈઓથી રોકતો હતો ?! કબર કહે છે, ત્યારે તો હું તેના માટે બાગમાં બદલાઈ જઈશ ! તેનું શરીર નૂરાની બની જશે અને તેની રૂહ અલ્લાહ તઆલાના કુર્બે રહમતમાં જશે. *(અલ મો'જમુલ કબીર લિત્તિબરાની)*

મુહમ્મદ બિન સબીહ رحمۃ اللہ علیہ કહે છે કે મારી પાસે એક રિવાયત આવી છે કે જ્યારે આદમીને કબરમાં મૂકવામાં આવે છે અને તેને અઝાબ આપવામાં આવે છે તો તેના નજીકનાં મુર્દા કહે છે, હે પોતાના ભાઈઓ અને સાથીઓ પછી દુનિયામાં રહેવાવાળા ! શું તેં અમારા જવાથી કોઈ નસીહત પ્રાપ્ત ન કરી ? અને અમારું તારી સામે મરીને કબરમાં દફન થવું કોઈ વિચારવા લાયક વાત ન હતી ?! તેં અમારા મૌતથી અમારા આમાલ પૂરા થતા જોયા, પણ તું જીવંત રહ્યો અને તને અમલ કરવાની મોહલત આપવામાં આવી, છતાં તેં તે મોહલતને ગનીમત ન જાણી અને નેક આમાલ ન કર્યા !

અને તેનાથી તે જમીનનો ટુકડો કહે છે, હે જાહેરી દુનિયા પર ઘમંડ કરવાવાળા ! તેં તારા સંબંધીઓથી સબક કેમ ન લીધો જે દુનિયાની નેઅમતો પર ઘમંડ કરતા રહેતા હતા પણ તેઓ તારી સામે મારા પેટમાં ખોવાઈ ગયા ! તેમની મૌત તેમને કબરમાં લઈ આવી અને તેં તેઓને ખભાઓ પર સવાર થઈને આ મંઝિલ સુધી આવતા જોયા કે જેનાથી કોઈ છટકબારી નથી. *(મુકાશફતુલ કુલૂબ)*

મુસલમાનો ! શું ખબર ક્યારે મૌતનો ફરિશ્તો આવી જાય અને આપણે આ ફના થવાવાળી દુનિયાને અલવિદા કહી જઈએ ! અત્રે જે મોહલત છે તેને ગનીમત સમજો, નેક અમલો કરો અને બુરાઈઓથી બચો અને બચાવો !

**કબર અને ઉષ્માન ગની** رحمۃ اللہ علیہ **:** અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માન ગની رحمۃ اللہ علیہ જ્યારે કોઈ કબર પાસે ઊભા રહેતા તો એટલા પ્રમાણમાં રડતા હતા કે આંસૂઓથી આપની દાઢી ભીંજાઈ જતી હતી. તો કોઈએ કહ્યું, હે અમીરુલ મો'મિનીન ! આપ رضی اللہ عنہ જન્નત અને દોઝખનો ઉલ્લેખ કરો છો તો નથી રડતા અને કબ્ર પાસે કેમ રડો છો ?! તો આપ رضی اللہ عنہએ ફર્માવ્યું કે વિશ્વાસ રાખો કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે **કબ્ર આખેરતની મંઝિલોમાંથી પહેલી મંઝિલ છે, જો આનાથી નજાત મળી ગઈ તો તેના પછીની મંઝિલો તેનાથી વધુ સરળ હશે,**

**અને જો તેનાથી નજાત ન મળી તો તેના પછીની મંઝિલો તેનાથી વધુ કઠણ હશે !** અને રસૂલુલ્લાહ ﷺએ એ પણ ફર્માવ્યું છે કે, કૃબ્રથી વધીને ભયંકર જગા ક્યારેય જોઈ જ નથી. *(મિશ્કાત શરીફ)*

વિચારો !!! હઝરત ઉષ્માન ગની رضي الله عنه તે છે જેમના જીવનની એક એક પળ ઝિક્રે ઈલાહીમાં પસાર થતી હતી, તે છતાં પણ કૃબ્રના અઝાબના ભયથી એટલું રડતા હતા કે આંસૂંઓથી દાઢી ભીની થઈ જતી હતી ! અને એક આપણે છીએ કે નેકીઓ તો નેવે મૂકી બુરાઈઓથી ધરાતા નથી ! ખુદા કરે આપણે ચિંતન કરીએ, ગફલતની નિદ્રાથી જાગી જઈએ, બુરાઈઓમાંથી હાથ ખેંચી લઈએ અને બીજાઓને બચાવીએ અને દુનિયાના રંગોને છોડીને આખેરતની તૈયારી કરીએ.

**જહન્નમનો અઝાબ ! :** અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે : " બેશક ! જહન્નમ તાકમાં છે, બંડખોરોનું ઠેકાણુ ! તેમાં યુગો રહેશે. તેમાં કોઈ જાતની ઠંડકનો સ્વાદ નહીં પામે અને ન તો કશું પીવાનું પણ ઉકળતુ પાણી અને દોઝખીઓનું દઝાડતું પરૂ ! જેવાને તેવો બદલો ! બેશક ! તેમને હિસાબની બીક ન હતી." *(પારા : ૩૦, સૂરએ નબા, આ ૨૧ થી ૨૭)*

જહન્નમ એક અંધાર્યું અને તકલીફનું ઘર છે, જેટલી પણ આફતો, મુસીબતો અને તકલીફો થઈ શકે છે તે દરેક તેમાં છે. ઈન્સાન જ્યાં સુધી દોઝખની આફતો, મુસીબતો અને તકલીફોના વિશે વિચારી શકે છે તે અલ્લાહ તબારક વ તઆલાના અઝાબનો નાનો સરખો ભાગ હશે !

કુર્આને કરીમમાં અલ્લાહ તબારક વ તઆલાએ જહન્નમથી ડરવા અને તેનાથી બચવા અને બચાવવાનો હુકમ આપ્યો અને ફર્માવ્યું : "તો ડરો તે આગથી જેનું બળતણ આદમી અને પથ્થર ! તૈયાર રાખી છે કાફિરો માટે." *(પારા : ૧, સૂરએ બક્રહ, આયત : ૨૪)* અને ફર્માવે છે : "હે ઈમાનવાળાઓ ! પોતાના પ્રાણો અને પોતાનાં ઘરવાળાઓને તે આગથી બચાવો ! જેનું બળતણ માનવી અને પથ્થર છે ! તેના પર સખત કડક ફરિશ્તાઓ નિયુક્ત છે જેઓ અલ્લાહ તબારક વ તઆલાના હુકમનો અનાદર કરતા નથી અને જે હુકમ તેમને થાય તે જ કરે છે." *(પારા : ૨૮, સૂરએ તહરીમ, આયત : ૬)*

હદીષ શરીફમાં છે કે જે બંદો જહન્નમથી પનાહ માંગે છે તો જહન્નમ કહે છે, હે રબ ! આ મારાથી પનાહ માંગે છે તો તું તેને પનાહ આપી દે.

**જહન્નમની આગની ભયાનકતા :** હઝરત ઉમર બિન ખત્તાબ رضي الله عنهથી રિવાયત છે કે એક વખત હઝરત જિબ્રઈલ عليه السلام એવા સમયે તશરીફ લાવ્યા કે તે સમયે તેનાથી પહેલાં ન આવતા હતા. હુઝૂર ﷺ ઉભા થઈ ગયા અને ફર્માવ્યું, હે જિબ્રઈલ ! શું વાત છે કે હું તમને બદલાયેલા જોઈ રહ્યો છું ?! જિબ્રઈલે અર્ઝ કરી, હું એ સમયે આપની પાસે આવ્યો છું જયારે કે અલ્લાહ તઆલાએ જહન્નમને સળગાવવાનો હુકમ આપ્યો છે ! આપે ફર્માવ્યું, જિબ્રઈલ ! મને તે આગ તથા જહન્નમ વિશે બતાવો. જિબ્રઈલે અર્ઝ કરી કે અલ્લાહ તઆલાએ જહન્નમને સળગાવવાનો હુકમ આપ્યો અને તેમાં એક હજાર વર્ષ સુધી આગ સળગાવવામાં આવી ત્યાં સુધી કે તે સફેદ થઈ ગઈ. ફરી તેને હજાર વર્ષ સુધી વધારે સળગાવવામાં આવી ત્યાં સુધી કે તે લાલ થઈ ગઈ. ફરી ખુદાના હુકમથી હજાર વર્ષ સુધી વધારે સળગાવવામાં આવી ત્યાં સુધી કે તે બિલ્કુલ કાળી થઈ ગઈ ! હવે તે કાળી અને અંધાર્યી છે, ન તેમાં ચિંગારી ઉડે છે અને ન તેનું ભડકવું પૂર્ણ થાય છે અને ન તેના ભડકા ઓલવાય છે. તે જાતની કૃસમ ! જેણે આપને સાચા નબી બનાવીને મોકલ્યા છે, જો સોઈના નાકા બરાબર પણ જહન્નમને ખોલી દેવામાં આવે તો દરેક જમીન પર રહેવાવાળો ફના થઈ જાય, અને કૃસમ છે તે જાતની ! જેણે આપને હક્ક્ સાથે મોકલ્યા, જો જહન્નમના ફરિશ્તાઓમાંથી એક ફરિશ્તો દુનિયાવાળાઓ પર પ્રકટ થઈ જાય તો જમીનની દરેક મખ્લૂક્ તેનું કુરૂપ અને તેની ગંધના કારણે હલાક થઈ જાય. અને કૃસમ છે તે જાતની જેણે આપને હક્ક્ સાથે મોકલ્યા, જો જહન્નમની સાંકળની એક કડી જેનો અલ્લાહ તઆલાએ

કુર્આનમાં ઉલ્લેખ કર્યો છે, દુનિયાના પહાડો પર મૂકી દેવામાં આવે તો તે રેતી થઈ જાય અને તે કડી તહતુષ્ષરા (પાતાળ)માં જઈને રોકાય. હુઝૂર ﷺએ આ સાંભળીને ફર્માવ્યું, બસ ! જિબ્રઈલ બસ ! આટલુ વર્ણન પૂરતુ છે. મારા માટે આ વાત ખૂબ જ પરેશાનીવાળી છે.

રાવી કહે છે કે ત્યારે હુઝૂર ﷺએ જિબ્રઈલને જોયા કે તે રડી રહ્યા છે. આપે ફર્માવ્યું, જિબ્રઈલ ! તમે કેમ રડો છો જ્યારે કે તમારું તો અલ્લાહના નિકટ ખૂબ જ ઊંચુ મકામ છે. જિબ્રઈલે અર્ઝ કરી, હું કેમ ન રડુ ? હું રડવાનો સૌથી વધુ હક્કદાર છું. શું ખબર ! ખુદાના ઈલ્મમાં મારા આ મકામ સિવાય બીજુ મકામ હોય ?! શું ખબર મને ઈબ્લીસની જેમ પરખવામાં આવે તે પણ તો ફરિશ્તાઓમાં રહેતો હતો ! ને શું ખબર મને હારૂત મારૂતની જેમ મારી કસોટી લેવામાં આવે ?! ત્યારે હુઝૂર ﷺ અને જિબ્રઈલ علیہ السلام બંને ખૂબ જ રડવા લાગ્યા અને આંસૂંઓ વહેવા લાગ્યાં ત્યાં સુધી કે અવાજ આવ્યો હે જિબ્રઈલ ! હે મુહમ્મદ ! ﷺ અલ્લાહ તઆલાએ તમને બંનેને પોતાનાથી સુરક્ષિત કરી લીધા છે. ત્યાર પછી જિબ્રઈલ علیہ السلام આસમાનો તરફ ઉડી ગયા. *(અત્તરગીબ વત્તરહીબ, ભાગ-૪)*

મુસલમાનો ! જહન્નમની ભયાનકતા પર ચિંતન કરો ! અને તેનાથી પનાહ માંગો. અને બચો તે કામોથી જેનો બદલો જહન્નમ છે. જો તમને આગથી દાઝવા પર કાંઈ શંકા છે તો પોતાની આંગળી દુનિયાની આગમાં નાખી જુઓ તો તમને જાણ થઈ જશે. જ્યારે કે આ દુનિયાની આગને તે જહન્નમની આગથી કોઈ સંબંધ નથી, પણ વિચારો કે જ્યારે આ દુનિયાની આગનો એક કોલસો જો તમારા શરીર પર લાગી જાય તો તમે ચીસો પાડવા લાગો અને આ આગ દુનિયાના ખૂબ જ પ્રચંડ અઝાબમાં ગણવામાં આવે છે તો તે જહન્નમની આગનો શો આલમ હશે જેનાથી આ દુનિયાની આગ પણ પનાહ માંગે છે ?! *(અલ અમાન વલ હફીઝ)*

**જહન્નમના અઝાબ** : જહન્નમીઓને જહન્નમમાં ભાત ભાતના અઝાબોનો સામનો કરવો પડશે. તે અઝાબો પર મનન કરો અને સબક઼ લો, અને બચો તે કામોથી જેના કારણે આ અઝાબ આપવામાં આવશે.

હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવતા રહેતા હતા કે જહન્નમને વધારે પ્રમાણમાં યાદ કરતા રહો કેમ કે તેની ગરમી તીવ્ર છે, તેની ઊંડાઈ અનહદ છે, તેમાં લોખંડના હથોડા છે. *(સુનને તિર્મિઝી)*

રિવાયત છે કે જો જહન્નમનો હથોડો જે લોખંડથી બનાવવામાં આવ્યો છે તેને જમીન પર મૂકી દેવામાં આવે અને જિન્નાતો અને ઈન્સાનો મળીને તેને ઉઠાવે તો તેને ઉઠાવી નહીં શકે. *(અલ મુસ્તદરક અલસ્સહીહૈન)*

જહન્નમમાં ખૂબ જ મોટા મોટા સાપ અને ઊંટ જેટલા મોટા વિંછી હશે જે એક વખત કરડશે તો તેનાથી દુઃખ, જલન અને બેચૈની હજારો વર્ષો સુધી રહેશે ! જહન્નમીઓને ખૂબ જ ઉકળતુ પાણી પીવા માટે આપવામાં આવશે કે જેવું તે પાણીને મોં પાસે લઈ જશે તો તેની ગરમી અને તેજથી ચહેરાની ચામડી સળગીને પડી જશે. ગરમ પાણી તેમના માથા પર નાખવામાં આવશે. અને જહન્નમીઓના શરીરમાંથી નીકળેલ પરૂ તેમને પીવડાવવામાં આવશે, કાંટાદાર થોર તેઓને ખાવા માટે આપવામાં આવશે તે એવું હશે કે જો તેનું એક ટીપુ દુનિયામાં આવી જાય તો તેની જલન અને ગંધથી આખી દુનિયાનું રહન સહન બર્બાદ થઈ જાય, જ્યારે જહન્નમી તેને ખાશે તો તેમના ગળામાં ફસાઈ જશે. તેને ઉતારવા માટે જ્યારે પાણી માગશે તો તેમને તે ઉકળતું પાણી આપવામાં આવશે. તે પાણી પેટમાં જતાં જ આંતરડાંના ટુકડા ટુકડા કરી દેશે. અને આંતરડાં સેરવાની જેમ વહીને પગોમાં આવીને પડશે. અલ્લાહ તઆલા આપણને જહન્નમના અઝાબથી બચાવે. આમીન

**જગા જી લગાને કી દુનિયા નહીં હૈ**
**યે ઈબ્રતકી જા હૈ તમાશા નહીં હૈ**

*(અશ્રફિયા-મુબારકપુર, નવેમ્બર-૨૦૧૨)*

# "નિઝામે જિંદગી" કિતાબ વિશે એક જરૂરી ખુલાસો

સંપાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

એક ગુજરાતી કિતાબ "નિઝામે જિંદગી" જેના લેખક : સૈયદ અહમદશાહ બુખારી (માંડવી–કચ્છ, ગુજરાત) પ્રકાશક : સુન્ની મુસ્લિમ કમિટી, હવેલી શેરી–ગોંડલ તથા અન્ય ભૂજ વગેરેની કમિટીઓ. એના પેજ નં. ૪૦ પર માર્ગદર્શન નં. ૨૪૭ તથા નં. ૨૪૮માં દર્શાવ્યું છે કે, "બિન મુસ્લિમોના ધાર્મિક વડાઓ, પંડિતો, પાદરીઓને ઉચિત આદર સન્માન આપો તેમની ઈજ્જત કરો." તથા "તેમના ધર્મ સ્થાનકો (મંદિરો વગેરે) પ્રત્યે સંપૂર્ણ અદબ સાથે સન્માન (તા'ઝીમ) કરો......" *(નિઝામે જિંદગી, પેજ : ૪૦)*

એના અનુસંધાનમાં મર્કઝે એહલે સુન્નત, મર્કઝી દારુલ ઈફતા, ૮૨–સૌદાગ્રાન, બરેલી શરીફ ફત્વો પૂછવામાં આવ્યો તો ત્યાંથી જવાબ મળ્યો કે આવુ લખાણ લખનારે કુફ્ર કર્યું તેના પર તૌબા લાઝિમ છે. તે તૌબા કરે અને કલ્મો પઢે...વગેરે. તો અમોએ એ ફત્વો હઝરત સૈયદ અહમદશાહ બુખારી સાહબને ટપાલથી માંડવી (કચ્છ) રવાના કર્યો તો હઝરત સૈયદ અહમદશાહ બુખારીએ "તૌબાનામુ" લખીને મોકલ્યું છે જે બદલ અમો આપના ખૂબ ખૂબ આભારી છીએ. જેને સંક્ષિપ્તમાં એમના જ શબ્દોમાં અમો અત્રે રજૂ કરીએ છીએ :–

હઝરત સૈયદ અહમદશાહ બુખારીનું તૌબા સંબંધી લખાણ :–

*"બિઈસ્મિહી તઆલા મુહતરમ વ મુકર્રમ પટેલ શબ્બીર અલી રઝવી દામઝિલ્લહૂ–આપકા ખત ઔર ઉસ્કે સાથ બરેલી શરીફ કે દારુલ ઈફતા કા ફત્વા મૌસૂલ હુવા શુક્રિયા. અહકર ફકીર લિખનેવાલા મૈં ખૂદ સૈયદ અહમદશાહ અફી અન્હુ અવ્વલન તો મેરી જો ગલતી ઔર ખતા હૈ ઉસ પર બારગાહે ગફૂરુર્રહીમમેં તૌબા કરતા હૂં, મસ્જિદમેં અહલે સુન્નત કે જમાઅતવાલોં કે રૂબરૂ "કલ્માએ શહાદત" પઢતા હૂં ઔર બરેલી કે મુફતી સાહબ કા ફત્વા સર વ ચશ્મ કુબૂલ હૈ. મઝકૂરા ઈબારત (વર્ણવેલ લખાણ) કિતાબ (નિઝામે જિંદગી)મેં સે કાટ દી જાએ મુઝે તસ્લીમ હૈ...."*

**અનુવાદ** : "અલ્લાહના નામથી, મુહતરમ વ મુકર્રમ પટેલ શબ્બીર અલી રઝવી દામઝિલ્લાહૂ–આપનો પત્ર તથા તેની સાથે બરેલી શરીફના દારુલ ઈફતાનો ફત્વો મળ્યો શુક્રિયા.અહકર ફકીર લખનાર હૂં પોતે સૈયદ અહમદશાહ અફી અન્હુ પ્રથમ તો મારી જે ગલતી તથા ખતા છે એના પર બારગાહે ગફૂરુર્રહીમમાં તૌબા કરું છું મસ્જિદમાં અહલે સુન્નતના જમાઅતવાળાઓના રૂબરૂ કલ્માએ શહાદત પઢું છું અને બરેલીના મુફતી સાહબના ફત્વાને માથે ચઢાવી કબૂલ કરું છું. ઉપરોક્ત લખાણ કિતાબ "નિઝામે જિંદગી"માંથી કટ કરી દેવામાં આવે એ મને મંજૂર છે...."

(ત્યારબાદ "નિઝામે જિંદગી" કિતાબમાં એ લખાણ શાથી લખ્યું તેનો ખુલાસો સૈયદ અહમદશાહ બુખારી સાહબે લખ્યો પછી છેવટમાં લખ્યું કે....)

*"મઝકૂરાબાલા વજૂહાત કે સબબ ફકીરને 'નિઝામે ઝિંદગી'મેં લિખ્ખા લેકિન બરેલી શરીફ કે ફત્વે પે તૌબા બારગાહે ઈલાહીમેં (કરતા હૂં)."*

લિ. ***ફકીર અહકરુલ એબાદ સૈયદ અહમદશાહ કાદરી, મુકામ : કચ્છ–માંડવી***

**જરૂરી ચેતવણી** : આ ખુલાસાથી ગુજરાતી વાંચકો પાસે જેમની પાસે પણ આ "નિઝામે જિંદગી" કિતાબ હોય તેઓ એમાં જરૂરથી એટલો સુધારો કરી લે કે આ કિતાબના પેજ નં. ૪૦ પરની નસીહત નં. ૨૪૭ તથા નસીહત નં. ૨૪૮ના લખાણોને છેકી કાઢે અને નવી એડીશન છાપનારાઓ પણ નવી એડીશનમાંથી એ લખાણોને કટ કરીને છાપે જેમ કે મુફતી સૈયદ અહમદશાહ બુખારી સાહબે ખૂદ ઉપરના લખાણમાં જણાવ્યું છે.

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

### ★ શાદી મુબારક ★

**ઝંઘાર** : મુકામે અમારા મિત્ર જનાબ અબ્દુર્રહીમ મુન્શીની નેક દુખ્તર નફીસાની શાદી તા. ૨૫–૧૨–૨૦૧૨, ૧૧ સફર હિ.સ. ૧૪૩૪ના રોજ હાજી ગુલામ ડેરીવાલા નબીપુરના નેક ફરઝંદ વસીમ અકરમ સાથે રાખવામાં આવી. દુલ્હા દુલ્હન અને કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ તઆલા બંને જહાનમાં સૌને આબાદ રાખે. (આમીન) *–તંત્રી*

**હલદરવા** : મુકામે તા. ૩૧–૧૨–૨૦૧૨ સોમવારે જનાબ ઈસ્માઈલભાઈ યૂસુફ બોરીવાલાની નેક દુખ્તર સુહાનાબાનુની શાદી સાંસરોદ નિવાસી મહેબૂબ હસન ઈસા બાવલાના નેક ફરઝંદ અખ્તર સાથે રાખવામાં આવી. દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સરનાર** : મુકામે અબ્દુલ વલી લેજીના નેક ફરઝંદ મિન્હાજની શાદી સરનાર નિવાસી હનીફ ઉમરજી હાજીની નેક દુખ્તર સબીહા સાથે તા. ૧૩–૧–૨૦૧૩ રવિવારે રાખવામાં આવી. દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**આમોદ** : મુકામે હાજી અબ્દુલભાઈ અલીભાઈ પટેલના નેક ફરઝંદ મૌલાના ઈકબાલના નિકાહ કોઠી (વાંતરસા) નિવાસી હાફેઝ યાકૂબ શેઠની નેક દુખ્તર ખ્વાજા આમોદ ખાતે તા. ૧૫–૧૨–૨૦૧૨, ૨૯ મુહર્રમ હિ.સ. ૧૪૩૪ જુમ્આની નમાઝ બાદ રાખવામાં આવ્યા. નિકાહ હઝરત અલ્લામા મૌલાના અબ્દુલમુબીન નોઅમાની સાહબે (ચિરૈયાકોટ) પઢ ાવ્યા હતા. વલીમો રવિવાર તા. ૧૬–૧૨–૨૦૧૨ના રોજ થયો હતો. દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ ઈન્તેકાલ પુરમલાલ ★

**દયાદરા** : મુકામે અબ્દુલભાઈ પેન્ટર તા. ૩૧–૧૨–૨૦૧૨ના રોજ ઈન્તેકાલ કરી ગયા છે. તેમજ તા. ૧૧–૧–૨૦૧૩ ૨૮ સફર હિ.સ. ૧૪૩૪ના રોજ દૂધવાળા અમીનાબેનનો તેમજ તા. ૧૨૧–૨૦૧૩ ૨૯ સફર હિ.સ. ૧૪૩૪ના રોજ આયશાબેન ઈસ્માઈલ બોરડીવાલાનો લગભગ ૧૦૨ વર્ષની વયે ઈન્તેકાલ થઈ ગયો છે. અલ્લાહ તઆલા મર્હૂમોની મગફેરત કરે અને તેના મહબૂબ ﷺના સદકામાં જન્નતમાં આ'લા મકામ અતા કરે.

**ચાંચવેલ** : (તા. વાગરા) મુકામે જનાબ હાજી યાકૂબ ઈસપબાપુ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા તેમના ઈસાલે સવાબ અર્થે તા. ૨–૧–૨૦૧૩ બુધવારે ઝિયારત–ફાતિહાખ્વાની રાખવામાં આવી હતી.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે કુર્આન ખ્વાની કરાવી મર્હૂમો માટે દુઆ ગુઝારવામાં આવી હતી. *–તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*


**સુન્ની મુસ્લિમ ઓન લાઈન મેરેજ બ્યુરો**

**શું આપ લગ્ન અંગે વિચારી રહ્યા છો ?**

રજીસ્ટ્રેશન ફ્રી !

તો સરળ અને બહોળી પસંદગી ફક્ત આંગળીની ક્લીક ઉપર તો લોગ ઈન કરો :–

**www.sunnimuslimshaadi.com**

***ચેતવણી*** *: મેરેજ બ્યૂરોની જાહેરાતોમાં સામાપક્ષે સુન્ની હોવાની ખાત્રી તાકીદે જાતે કરી લેવી. –તંત્રી*

કાર્યાલય

## આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીના ૨૩ મા વાર્ષિક

# મુંબઈ ઈજતેમામાં આઝાદ મેદાન આશિક઼ાને મુસ્તફાથી છલકાઈ ઉઠયું !

અલ્હમ્દુલિલ્લાહ ! ''સુન્ની દા'વતે ઈસ્લામી''ના આલમી સુન્ની ઈજતેમામાં દર વર્ષ કરતાંય અધિક આશિક઼ાને મુસ્તફા, *''મસ્લકે આ'લા હઝરત''*ના શયદાઈઓએ લાખોની સંખ્યામાં હાજરી આપી મુંબઈમાં વાદીએ નૂર આઝાદ મેદાનને ખચાખચ ભરી આપ્યું હતું. તા. ૧૪–૧૨–૨૦૧૨ જુમ્આ બાદથી બહેનો માટે ઈજતેમા શરૂ થયો જેમાં મુંબઈ તથા મહારાષ્ટ્રના વિવિધ શહેરોમાંથી બહેનોએ હાજરી આપી ઉલમાએ કિરામના બયાનો સાંભળી દીની તર્બિયત મેળવી હતી. બુલબુલે બાગે મદીના અલ્હાજ ક઼ારી મુહમ્મદ રિઝવાનખાન સાહબે પોતાની આગવી સ્ટાઈલમાં નિઝામત સંભાળી હતી. ત્રણેવ દિવસ અને ખાસ કરીને ત્રીજા દિવસે ઈજતેમાની પૂર્ણતા પછી લાખોની પબ્લિકને શાંતિપૂર્ણ વિદાયગીરી થાય તેના માટે શ્રોતાજનોને સતત જે ટ્રેઈન્ડ કર્યા તેને આપની ખુદાદાદ અનોખી કળા જ કહી શકાય. તેમજ મુબલ્લિગીને સુન્ની દા'વતે ઈસ્લામીની વ્યવસ્થાનાં પણ ભરપૂર વખાણ લોકોએ, ન્યૂઝ ચેનલોવાળાઓએ કર્યા હતા. પોલીસ ડિપાર્ટમેન્ટ તરફથી આ વરસે ખૂબ જ ચુસ્ત સિક્યુરીટી બંદોબસ્ત હતો જેમાં મુબલ્લિગોએ અનોખો સહકાર પૂરો પાડયો હતો. મશ્હૂર ક઼ારી જનાબ કારી રિયાઝુદ્દીનના ક઼િર્અત થકી તથા હઝરત મૌલાના મુફતી સૈયદ મુહમ્મદ ઈરફાન સાહબની દુઆ સાથે ઔરતોના ઈજતેમાની શરૂઆત થઈ. સૈયદ અહમદ સાહબે નઅતેપાક પેશ કરી. ક઼ારી રિઝવાન સાહબે નઅતે પાક સાથે તર્બિયત જારી રાખી. અસર બાદ હઝરત મુફતી નિઝામુદ્દીન સાહબ (મુબારકપુર) થકી સવાલો જવાબનો દિલચસ્પ પ્રોગ્રામ ચાલ્યો. મગરિબ બાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી તથા મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝઝમાખાં આ'ઝમી (સેક્રે. વર્લ્ડ ઈસ્લામિક મિશન–યુ.કે.)નાં અસરકારક ઈસ્લાહી બયાનો બાદ ઝિક્ર દુઆ સાથે ઔરતોનો ઈજતેમા કામયાબી સાથે પૂર્ણ થયો. બીજા દિવસે શનિવારનો ઈજતેમા નમાઝે તહજ્જુદથી ચાલુ રહ્યો. દરેક નમાઝ બાદ તિલાવત તથા *કન્ઝુલઈમાન*માંથી ઉર્દૂ અંગ્રેજી તર્જુમો અનુક્રમે ક઼ારી રિયાઝુદ્દીન, રાશિદભાઈ, રિઝવાન સાહબે પેશ કરેલ. બંને દિવસ દરમ્યાન નીચે દર્શાવેલ ઉલમા મુબલ્લિગોનાં બયાનો વિવિધ વિષયે થયાં. જનાબ ઈમ્તિયાઝ રઝવી (ભીવંડી), મૌલાના ખાલિદ ઐયૂબ મિસ્બાહી, જનાબ સાદિક઼ રઝવી, મૌલાના ખાલિદ રઝવી (લેકેસ્ટર–યુ.કે.), ખાલિદ રઝા, સૈયદ મુઈનુદ્દીન ચિશ્તી નઅતખ્વાં, સૈયદ અમીનઅલી ક઼ાદરી–માલેગાંવી, ફૈઝાન મક઼બૂલ–નઅતેપાક (યુ.કે.), ડો. વક઼ાર આ'ઝમી–અંગ્રેજી બયાન, મુફતી અખ્તર રઝા નજમી (દુબઈ), મૌલાના સજ્જાદ નિઝામી, ઉવૈસ રઝા અંગ્રેજી સ્પીચ, મુફતી ફૈયાઝ અહમદ, મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામી–ભરૂચ, મુફતી સલ્માન અઝહરી, જનાબ ખાલિદભાઈ–મસાઈલ, હઝરત મુફતી ઝુબેર મિસ્બાહી (નજમુલ ઉલૂમ મુંબઈ), મુફતી નસીમ અશરફ નિઝામી–આફ્રિકા, હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી–મુબારકપુર (સવાલ–જવાબ), ક઼ારી ઝહીરુદ્દીન સાહબ, હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી, હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી તથા ખત્મે બુખારી હઝરત અલ્લામા અબ્દુશ્શકૂર મિસ્બાહી (મુબારકપુર) થકી દારુલ ઉલૂમ ગ઼ૌષિયા નજમુલ ઉલૂમમાંથી ફારિગ થતા તલબાની થઈ હતી. તેમજ રઈસુલ ક઼લમ અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહીએ પણ હાજરી આપી હતી. સુન્ની આલમના ટોચના ઉલમાથી સ્ટેજ જગમગી ઉઠયું હતું. સુન્ની દા'વતે ઈસ્લામી તેહરીકની કિતાબ ''બરકાતે સુન્નતે રસૂલુલ્લાહ'' صلى الله عليه وسلمનો રસ્મે ઈજરા પણ થયો હતો. મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા ક઼મરુઝ્ઝમાંખાં આ'ઝમીએ બંને દિવસ નબી પાક صلى الله عليه وسلمની બેઅદબી કરતી ફિલ્મ અમેરિકામાં જે બની એ કૃત્યને વખોડી કાઢીને યહૂદી ઈસાઈના થકી નબી પાક صلى الله عليه وسلمની પવિત્ર જિંદગી તથા જાત પર થયેલા જૂઠા આક્ષેપોના ઈતિહાસની રોશનીમાં શાનદાર જવાબો આપી ''શાને મુસ્તફા'' صلى الله عليه وسلمની ઉચ્ચતા પ્રદર્શિત કરી હતી તથા ગુસ્તાખીના જવાબમાં વિરોધ પ્રદર્શનનો સભ્ય તરીક઼ો મુસ્લિમોને શીખવાડયો હતો. અંતમાં રિક્કતઅંગેઝ માહોલમાં ઝિક્ર દુઆ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી થકી થઈ હતી. લાખોના મજમામાં અગણિત લોકોએ રડી રડીને તૌબા કરી નવેસરથી ઈસ્લામી જિંદગી જીવવા નિર્ધાર કર્યો હતો. અને સાચે જ સુન્ની દા'વતે ઈસ્લામીના ઈજતેમાઓથી હજારો યુવાન યુવતીઓની જિંદગી ઈસ્લામી ઢબની બની છે, પુખ્તા સુન્ની તથા સુન્નતોના પયકર બન્યા છે, સ્ત્રીઓ બાપર્દા બની છે એ હુઝૂર صلى الله عليه وسلمના નાલૈન પાકના સદક઼ામાં અલ્લાહનો એહસાન છે.

***સુન્ની દા'વતે ઈસ્લામી દા'વત હરસૂ આમ કરેં***
***સુન્નત કો ઘર ઘર ફૈલાએં તબ્લીગે ઈસ્લામ કરેં***

## ★ ભાવનગર સુન્ની ઈજતેમા કામયાબી સાથે સંપન્ન ★

ભાવનગર ખાતે ૨૯–૩૦ ડિસે. ૨૦૧૨ શનિ–રવિ બે દિવસીય સુન્ની દા'વતે ઈસ્લામીનો અઝીમુશ્શાન વાર્ષિક ઈજતેમા યોજાયો હતો. પ્રથમ દિવસે ઝહોર બાદથી મગરિબ સુધી બહેનો માટે ઈજતેમામાં દીની તર્બિયત માટે હજારોની સંખ્યામાં બહેનો ઉમટી પડી હતી. ભાવનગરના જાગૃત સુન્નીઓનો સહકાર તથા મુબલ્લિગોની મહેનત દાદને પાત્ર હતી. શનિવારે ઝહોર બાદથી અસર સુધી ભીવંડીનાં મુબલ્લિગા શબનમબાનુએ સ્ત્રીઓના મજમામાં વિવિધ મસાઈલ ફઝાઈલ વગેરે બયાન કરી તર્બિયત કરી હતી. અસરબાદ હાફેઝ અબ્દુર્રહીમ બરકાતી (નાઝિમે આ'લા દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)એ નઅતે પાક પછી તૌબાના વિષય પર બોધદાયક બયાન કર્યું. મગરિબ બાદ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)નું અસરકારક ઈસ્લાહે મુઆશરા પર બયાન થયું. ત્યારબાદ દર્દે દિલ સાથે ઝિક્ર દુઆ ગુઝારવામાં આવી. બીજા દિવસે ૩૦–૧૨–૨૦૧૨ના સવારે દસથી રાતના દસ સુધી ઈજતેમા ભાઈઓ માટે થયો જેમાં ભાવનગરની આસપાસ ઉપરાંત પાલીતાણા, ધોરાજી, વડોદરા, જામનગર, ભરૂચ, જંબુસર, કાવી, પાલેજ, ડાભા, ખંડાલી, આમોદ, દયાદરા, વગેરેએથી પણ યુવાનો ઉમટી પડયા હતા. જનાબ ઈમ્તિયાઝભાઈ ભીવંડીવાળા, હાફેઝ અબ્દુર્રહીમ બરકાતી, અબ્દુર્રઝઝાકભાઈ, અખ્તરભાઈ ભાવનગરી વગેરે મુબલ્લિગોએ નઅત–બયાન–મસાઈલ વગેરે પેશ કરેલ. જનાબ સૈયદ અહમદ સાહબ (મુંબઈ)એ નઅતે પાકની સાથે સાથે તર્બિયત કરી હતી. તેમજ સદરે ઈજતેમા હઝરત સૈયદ મો'મિન અકબર સાહબનાં બયાનો થયાં. અસર બાદ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી માલેગાંવીનું જોરદાર બયાન, મગરિબ બાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ સબકઆમોઝ બયાનમાં કહ્યું કે 31$^{st}$ ડિસેમ્બર નાઈટ નહીં હમ બારવીંવાલે કી બારવીં નાઈટ મનાએંગે ! અને ઈશા બાદ મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝમાંખાં આ'ઝમીનું વલવલાઅંગેઝ બયાન યુવાનીના સુધાર સંબંધે અલ્હમ્દુ શરીફની તફસીર સાથે થયું હતું. છેવટમાં ઝિક્ર દુઆ બાદ ઘણા યુવાનો અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીના મુરીદ થયા હતા.

## ★ હસન અસ્કરીમિયાંનો નબીપુરમાં શાનદાર પ્રોગ્રામ ! ★

**નબીપુર** : તા. ૩૦–૧૨–૨૦૧૨ રવિવારે રાત્રે નબીપુર મુકામે "જશ્ને સૈયદ"ના બેનર હેઠળ "આ'લા હઝરત ઈમામ અહમદ રઝા, હઝરત સૈયદ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી તથા હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہم اجمعین ની યાદમાં શાનદાર જશ્ન યોજાયો જેમાં જાનશીને હુઝૂર શૈખુલ ઈસ્લામ ફાઝિલે બગદાદ હઝરત અલ્લામા સૈયદ હસન અસ્કરીમિયાં કછોછવી સાહબનું ઈલ્મી, મુદલ્લલ અને ઈમાન અફરોઝ બયાન કરંટ ઈસ્યૂઝની છણાવટ સાથે થયું હતું. તે ઉપરાંત તા. ૨૮–૧૨–૨૦૧૨ જુમ્આના રોજ સવારે ૧૧.૩૦ વાગ્યે કરજણ નગરમાંથી જુલૂસ નીકળ્યું હતું તે નૂરાની મસ્જિદ–જલારામ નગર હઝરતની સરપરસ્તીમાં પહોંચ્યું ત્યાં હઝરત અસ્કરીમિયાંના મુકદસ હાથો વડે મસ્જિદની ઈફતેતાહનો શાનદાર જશ્ન થયો હતો.

## ★ અસૂર્યામાં જશ્ને આ'લા હઝરત ! ★

અસૂર્યા (તા. જિ. ભરૂચ) : તા. ૨૩–૧૨–૨૦૧૨ રવિવારે સવારમાં દસ વાગ્યે અસૂર્યા મસ્જિદમાં કુર્આનખ્વાની નઅતે પાક હાફેઝ મુહમ્મદ શહઝાદે પેશ કરી. નિઝામત હાફેઝ અબ્દુર્રહીમ બરકાતી ભોલાવવાળાએ સંભાળી હતી. હઝરત મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી દહેગામી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ના કમાલાત પર ઈમાન અફરોઝ બયાન કર્યું. છેવટમાં ખલીફા શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ ગુલામરસૂલ કારંટવી અશરફી (ખતીબો ઈમામ જામા મસ્જિદ–નબીપુર)એ આ'લા હઝરતની શાનમાં શાનદાર બયાન કર્યું હતું તથા મસ્લકે આ'લા હઝરત પર જામી જવા હાજરજનોને અપીલ કરી હતી. જશ્ન બાદ ન્યાઝનો એહતેમામ જનાબ શફીકભાઈ અસૂરીયાવાળાને ત્યાં થયો હતો.